## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.


સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## દ્વિતીય વર્ષ બી. એ. - ઈતિહાસ
## પેપર - ૪
(મુખ્ય તથા ગૌણ)
HISM / HISS - ૨૦૪
## ગુજરાત નો ઈતિહાસ
(ઈ. સ. ૧૩૦૪ થી ૧૮૧૮ સુધી)



# વિભાગ-૩ ગુજરાતમાં મરાઠા અને ગાયકવાડી સત્તા

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહી મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). મોતીભાઈ પરમાર* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ , ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર* |
| *પ્રો. (ડૉ). મુંજાલ ભીમડાદકર* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ , ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદ* |
| *પ્રો. (ડૉ).અનસુયા ચોથાણી* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ. રાજેન્દ્ર જોષી* | *એસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , ગુજરાત વિદ્યાપીઠ, સાદરા* |
| *ડૉ.સુરેન્દ્ર બારિયા* | *મદદનીશ પ્રાધ્યાપક, ઈતિહાસ વિભાગ, સરકારી વિનયન અને વિજ્ઞાન કૉલેજ મોરવા હડફ, મુ. પો.તા. મોરવા હડફ, જિ.પંચમહાલ.* |
| *ડૉ. નરેશ પરીખ* | *એસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, પ્રમુખ સ્વામી એન્ડ એચ.ડી.પટેલ આર્ટસ કોલેજ,કડી* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ. ધ્વનિલ પારેખ* | *સહ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા* |
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |
| *ડૉ. જાગૃતિ મહેતા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. હેતલ ગાંધી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

**ISBN** 978-93-91468-28-6

**પ્રકાશન વર્ષ** 2021-*પ્રથમ આવૃતિ*

BAOU Education for all

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**દ્વિતીય વર્ષ બી.એ.- ઈતિહાસ**
**પેપર-4 ગુજરાતનો ઈતિહાસ (ઈ.સ.1304 થી 1818સુધી)**
**HISM/HISS-204( મુખ્ય તથા ગૌણ)**

## વિભાગ-3 ગુજરાતમાં મરાઠા અને ગાયકવાડ સત્તા


**એકમ-12** **01**
**ગુજરાતમાં મરાઠી સત્તાની સ્થાપના અને ગુજરાત સાથેનો સંપર્ક**

**એકમ-13** **13**
**પેશ્વા બાલાજી બાજીરાવથી પેશ્વા બાજીરાવ ૨ જા (1740 થી 1818) સુધીનો ગુજરાતનો રાજકીય ઈતિહાસ**

**એકમ-14** **29**
**વડોદરા ગાયકવાડી રાજયનો ઈતિહાસ- ગોવિંદરાવ, સયાજીરાવ ૧લો, ફતેસિંહરાવ ૧લો, માનાજીરાવ, ગોવિંદરાવ, આંનદરાવ.**

**એકમ-15** **54**
**ગુજરાતમાં મરાઠા સમયનું વહીવટી તંત્ર**

**એકમ-16** **68**
**ગાયકવાડ સમયની ગુજરાતની સામાજિક , આર્થિક , ધાર્મિક સ્થિતિ અને તે સમયનું સાહિત્ય**

## વિભાગ-3 ગુજરાતમાં મરાઠા અને ગાયકવાડી સત્તા

**ગુજરાતનો ઈતિહાસ વિભાગ-3**,*પેપર-4માં કુલ પાંચ એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં મરાઠાઓનો ગુજરાત સાથેનો પૂર્વસંપર્ક, ગુજરાતમાં મરાઠી સત્તાની સ્થાપના પેશ્વા બાલાજી બાજીરાવ, પેશ્વા બાજીરાવ, વડોદરા ગાયકવાડી રાજ્યમાં ગોવિંદરાવથી આનંદરાવ સુધી માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.*

**એકમ-12**_માં ગુજરાતમાં મરાઠી સત્તાની સ્થાપના, ગુજરાત સાથેનો તેમનો સંપર્ક વિશે ચર્ચા કરવામાં આવી છે જેમાં પીલાજીરાવ ગાયકવાડ દ્વારા ગુજરાતમાં સત્તાનો પાયો સ્થાયી કરવામાં આવ્યો તેની વિગતે ચર્ચા કરવામાં આવી છે_

**એકમ-13**_માં પેશ્વા બાલાજી બાજીરાવ થી પેશ્વા બાજીરાવ બીજા સુધીના  રાજકીય ઈતિહાસનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં પેશ્વાઓના રાજકીય સંબંધો, પાણીપતના ત્રીજા યુધ્ધમાં  મરાઠાઓની હાર અને તે પછી મરાઠી સત્તાનો અસ્ત વગરે મુદ્દાઓની વિગતે ચર્ચા કરવામાં આવી છે._

**એકમ-14**_માં વડોદરા ગાયકવાડી રાજ્યના ઈતિહાસની માહિતી આપવામાં આવી છે જેમાં ગોવિંદરાવ, સયાજીરાવ પહેલા, ફતેસિંહરાવ પહેલા, માનાજીરવ, ગોવિંદરાવ, આનંદરાવ જેવા રાજવીઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે._

**એકમ-15**_માં મરાઠા સમયના વહીવટીતંત્રની માહિતી આપવામાં આવી છે જેમાં મરાઠાઓના કેન્દ્રીય, પ્રાંતિક અને પ્રાદેશિક વહીવટ અને તેમના અધિકારીઓ વિશે જાણકારી પ્રાપ્ત થાય છે._

**એકમ-16**_માં ગાયકવાડ સમયની ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિ અને તે સમયના સાહિત્યની ચર્ચા કરવામાં આવી છે જેમાં સામાજિક રીતિરીવાજો, સરદેશમુખ મહેસુલ વ્યવસ્થા, ધર્મ અંગેની બાબતો તથા મરાઠા અને ગાયકવાડ સત્તાની માહિતી આપતા સાહિત્યિક ગ્રંથોની વિગતે જાણકારી મળે છે_

## એકમ : 12 ગુજરાતમાં મરાઠી સત્તાની સ્થાપના અને તેમના ગુજરાત સાથેના પૂર્વ સંપર્કો

*રૂપરેખા :*

**12.0 ઉદ્દેશ્યો**
**12.1 પ્રસ્તાવના**
**12.2 ગુજરાતમાં મરાઠા શાસનને લગતી ઈતિહાસ જાણવાની સાધનસામગ્રી**
**12.3 મરાઠા શાસકોના ગુજરાત સાથેના પૂર્વ સંપર્કો**
**12.4 ગુજરાત પર મરાઠાસત્તાની સ્થાપના**
**12.4.1 પેશવાનું ગુજરાતમાં આગમન અને વર્ચસ્વ**
**12.4.2 ભીમપુરની લડાઈ અને પેશવાનું વર્ચસ્વ**
**12.4.3 મરાઠાઓનું ગુજરાત પર વર્ચસ્વ**
**12.5 અમદાવાદ પર મરાઠાઓનું વર્ચસ્વ**
**12.6 સારાંશ**
**12.7 શબ્દાવલી**
**12.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**
**12.9 સંદર્ભગ્રંથ સૂચિ**

### 12.0 ઉદ્દેશો

*આ એકમમાં ગુજરાતમાં મરાઠી સત્તાની સ્થાપના અને ગુજરાત સાથેના મરાઠાઓના પૂર્વ સંપર્કો વિશે અભ્યાસ કરવાનો છે. આ એકમના અધ્યયનથી આટલી સમજણ કેળવાશે.*

- *ગુજરાતમાં મરાઠા શાસન પહેલા પણ ગુજરાતમાં મરાઠા સાથેના સંપર્કોની માહિતી મળશે.*
- *ગુજરાતમાં મરાઠી સત્તાની સ્થાપના વિશે સમજ કેળવાશે.*
- *મરાઠાઓના તત્કાલીન ગુજરાતના મહત્ત્વના મુઘલ કેન્દ્ર ગણાતા અમદાવાદ શહેર પરના વર્ચસ્વની હકીકતથી વાકેફ થશે.*

### 12.1 પ્રસ્તાવના

*ઔરંગઝેબના અવસાન પછી દિલ્હીની ગાદી મેળવવા માટે આંતરિક સંઘર્ષો થયા જેના કારણે મુઘલ સત્તા નબળી પડી આ તકનો લાભ મરાઠાઓએ લીધો અને ગુજરાત પર મરાઠાઓનાં આક્રમણ થવા લાગ્યાં એની શરૂઆત ઔરંગઝેબના સમયમાં શિવાજીએ*

*કરેલ સુરતની ચઢાઈઓથી થઈ. મરાઠા સરદારો અને પેશવાના લશ્કરો ધીમે ધીમે દક્ષિણ ગુજરાતથી શરૂ કરીને છેક સૌરાષ્ટ્ર સુધી આક્રમણો કરવાં લાગ્યાં. જેના પરિણામ સ્વરૂપ છેવટે વડોદરામાં ગાયકવાડની સત્તા સ્થપાઈ. સાથે સાથે મુઘલ શાસકોને ઈ.સ.* 1737*થી* 1753 *સુધી ગુજરાતના તે સમયના મહત્ત્વના મથક એવા અમદાવાદમાં મરાઠાઓના સંયુક્ત વહીવટ સ્વીકારવાની ફરજ પડી. શરૂઆતમાં ત્રણ વર્ષ સુધી મરાઠાઓની અમદાવાદમાં સંપૂર્ણ સત્તા રહી. પરંતુ ખંભાતના મોમીનખાન રજાએ મુઘલ બાદશાહ વતી ફરીથી મરાઠાઓને દૂર કરી અમદાવાદની સત્તા પાછી મેળવી પરંતુ મરાઠાઓએ સંયુક્ત રીતે આક્રમણકરી મોમીનખાન પાસેથી અમદાવાદની સત્તા પાછી મેળવી લીધી અને મુઘલ સત્તાનો અહીંયા કાયમી અંત આવ્યો ને ગુજરાતમાં મરાઠાઓની સત્તા સ્થપાઈ તેની વિગતે ચર્ચા નીચે પ્રમાણે છે.*

## 12.2. ગુજરાતમાં મરાઠા શાસનને લગતી ઈતિહાસ જાણવાની સાધન સામગ્રીઃ

*મુઘલ બાદશાહ ઔરંગઝેબના અવસાન પછી મુઘલ સત્તા નબળી પડતાં ગુજરાતમાં ધીમે ધીમે મરાઠાઓના શાસનનો ઉદય થયો. ગુજરાતમાં મરાઠાઓના પ્રવેશ, સત્તાની સ્થાપના અને રાજ્ય અમલ અંગેના ઐતિહાસિક સાધનસામગ્રી વિવિધ પ્રકારની છે. જે ગુજરાતના મરાઠા શાસનકાલના ઈતિહાસ માટે ઘણી ઉપયોગી છે.*

*ઈતિહાસવિદ્ ગોવિંદ સખારામ દેસાઈએ પેશવાના દફતરોમાંથી મહત્ત્વના કાગળપત્રો પસંદ કરી તેનું સંપાદન ૪૫ ભાગોમાં કર્યું છે ને આ ભાગો* Selections from peshwa Daffar *ના નામે જાણીતા છે. તેના ભાગ નં.* 12,13,14,16,34,43 *અને* 45 *માં સેનાપતિ દાભાડેનો ગુજરાત પર વિજય, મરાઠાઓનો ઉત્તર ભારત પર વિજય ગુજરાતમાં પેશવા સમયની સામાજિક ધાર્મિક બાબતો અને મરાઠા વહીવટને લગતી માહિતી આપવામાં આવી છે.*

*અલી મુહમ્મદખાન કૃત મિર આતેઅહમદીમાં ગુજરાતમાં મુઘલ સત્તાનો વિલય અને મરાઠી સત્તાના વિકાસની માહિતી મળે છે. અજ્ઞાત કર્તા કૃત "ફતેસિંહ ગાયકવાડનો ગરબો" તેમ જ 'સેલુકરનો ગરબો' અને 'ચાડિયાની લાવણી', 'ચાડિયાની વાર્તા' અને 'સતી સદુબાઈનો ગણ' (પવાડો) મરાઠાકાલની અમદાવાદની રાજકીય-સામાજિક સ્થિતિ માટે રસપ્રદ માહિતી છે.*

*સાહિત્યકૃત્તિઓ ઉપરાંત આ સમયના ખતપત્રો, સંસ્કૃત-ગુજરાતી અભિલેખો, અરબી-ફારસી અભિલેખો અને સિક્કાઓ વગેરેમાંથી આ સમય દરમિયાનની રાજકીય અને સાંસ્કૃતિક માહિતી મળે છે.*

## 12.3 મરાઠા શાસકોના ગુજરાત સાથેના પૂર્વસંપર્ક

*ગુજરાતમાં પેશવાઓની તથા ગાયકવાડોની સત્તા ઈ.સ.* 1753-58 *દરમ્યાન સ્થપાઈ તે પહેલા પણ છેક ઈ.સ.* 1664 *થી મરાઠા શાસકો ગુજરાતમાં પૈસા અને સત્તા મેળવવાનો પ્રયત્ન કરતા હતા.*

*ઔરંગઝેબની ધાર્મિક કટ્ટરવાદી નીતિને કારણે હિંદુ પ્રજામાં ભારે અસંતોષની લાગણી ફેલાઈ હતી. પ્રજાની આ અસંતોષની ભાવનાને સાત્વનાં આપે તેવી ઘટનાના ભાગરૂપ જાણે કે શિવાજીએ મહારાષ્ટ્રના લોકોમાં રાષ્ટ્રીય ભાવનાને જાગૃત કરી. મરાઠાઓનાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. પોતાના રાજયના રક્ષણ અને વિસ્તાર કરવા માટે તેમને નાણાંની જરૂરિયાત હતી અને તે માટે તેમણે તે સમયનાં ભારતના સૌથી સમૃધ્ધ નગર અને બંદર એવા ગુજરાતના સુરત શહેરને ઈ.સ. 1664 અને ઈ.સ. 1670 એમ બે વખત લૂંટ્યું જેનાથી તેમની નાણાંની જરૂરિયાત તો પૂરી થઈ પરંતુ શિવાજી મુઘલોનું ધ્યાન દખ્ખણમાંથી ગુજરાત પર કેન્દ્રિત કરાવી શકયા. શિવાજીએ કરેલ સુરતની આ લૂંટની કારણે ગુજરાતને મરાઠાઓનો પ્રથમ પરિચય થયો. તેમ જ ગુજરાતની નિર્બળ મુઘલ સૂબાગીરી ખુલ્લી પડી.*

*આ મરાઠાઓની આ નીતિને આગળ ધપાવવાના ભાગરૂપે શિવાજીના સરદાર હસોજી મોહિતેની આગેવાની નીચે ઈ.સ. 1675માં તથા શિવાજીના મૃત્યુ પછી સંભાજીની આગેવાનીમાં ઔરંગઝેબના બંડખોર પુત્ર અકબરની આગેવાની નીચે મરાઠાઓએ ભરુચ અને તેની આસપાસના પ્રદેશોમાં કરેલી લુંટ (1685) તેમ જ મરાઠા સરદાર ધનાજી જાદવે દક્ષિણ ગુજરાતના પ્રદેશો પર હુમલા કર્યા હતાં.*

*ઔરંગઝેબે મરાઠા શાસનને કચડી નાખવાના આશયથી શંભાજીની 1685માં હત્યા કરી પરંતુ તેના કારણે મરાઠાઓ વધારે આક્રમક બન્યાં અને પોતાના આક્રમણોનો વ્યાપ વિસ્તર્યો.*

*ઈ.સ. 1707માં મુઘલ બાદશાહ ઔરંગઝેબનું મૃત્યુ થતા અને તેના પછીના વારસદારો નિર્બળ આવતા મરાઠાઓને ગુજરાત તથા ભારતમાં પોતાની સત્તા વિસ્તરવાની તક મળી. સાથે સાથે ગુજરાતના મુઘલ સરદારોમાં ગુજરાતની સૂબાગીરી મેળવવા પણ મરાઠાઓની મદદની જરૂર હતી. આ તકનો લાભ મરાઠાઓએ લીધો તેમજ પેશવા બાલાજી વિશ્વાનાથ તથા બીજા પેશવા બાજીરાવ પહેલા એ આ તકનો લાભ લઈ આક્રમક નીતિ અપનાવી.*

*બાલાજી વિશ્વનાથે મરાઠી સત્તાને પ્રસરાવવા પોતાના સરદારોને જુદા જુદા પ્રદેશોની સત્તા વહેંચી આપી. તે પ્રમાણે ઈ.સ. 1716માં ખંડેરાવ દાભોડેને ગુજરાતની જવાબદારી મળી. પરંતુ તે દખ્ખણની રાજનીતિમાં ગળાડૂબ રહેવાને કારણે ગુજરાત જઈ શકે તેમ ન હોવાથી પોતાના ભત્રીજા પીલાજી ગાયકવાડ અને અધિકારીઓ કંથાજી કદમ અને દમાજી ગાયકવાડને ગુજરાતની કામગીરી સોંપી. આ દરમ્યાન બાલાજી વિશ્વનાથ અને ખંડેરાવ દાભાડેએ મુઘલ બાદશાહ મુહમ્મદશાહ પાસેથી ગુજરાતમાંથી ચોથ ઉઘરાવવાનો હક મેળવી લીધો. જેનાથી મરાઠાઓનું ગુજરાત પર વર્ચસ્વ વધ્યું.*

*ગુજરાતમાં મુઘલ સત્તા વિસ્તારવા માટે પિલાજી ગાયકવાડે સુરતથી આશરે 50 કિ.મી. દુર આવેલ સોનગઢને પોતાનું મુખ્ય કેન્દ્ર બનાવી ભીલો અને કોળીઓનું સૈન્ય તૈયાર કર્યુ અને સુરત મહાલના "અઠ્ઠાવીસ પરગણાં" નામે ઓળખાતા પ્રદેશ પર સતત પાંચ વર્ષ સુધી આક્રમણ કર્યા. પરિણામે સુરત મહાલનું મુઘલતંત્ર ખોરવાયું અને આ*

*પરગણાંમાંથી ચોથ તરીકે મોટી રકમ ઉઘરાવી કથાજી કદમ અને તેમના સાવકાપુત્ર કૃષ્ણાજીએ પંચમહાલમાં ગોધરા અને દાહોદ પર હુમલા કર્યા. તથા ચાંપાનેર અને પાવાગઢ કબજે કર્યા. દમાજીએ 1734માં વડોદરા મેળવ્યું આમ અઢારમી સદીના મધ્યસુધીમાં દક્ષિણ ગુજરાત તથા પૂર્વ ગુજરાતના ઘણા ખરા પ્રદેશો પર મરાઠી વર્ચસ્વ સ્થપાયું.*

*ઔરંગઝેબના મૃત્યુ પછી સૂબેદારી મેળવવા મુઘલ સરદારો વચ્ચે જે હરીફાઈ થઈ તેનો લાભ મરાઠાઓએ મેળવ્યો. હૈદરાબાદનો નિઝામ ગુજરાત પર સત્તા મેળવવા ઈચ્છતો હતો તો ગુજરાતનો સૂબો સુજાતખાન પણ પોતાનું સ્થાન ટકાવી રાખવા ઈચ્છતો હતો. બન્નેને મરાઠાઓની સહાયની જરૂરિયાત હતી. કંથાજી કદમે નિઝામના કાકા હમીદખાન મરાઠાઓને નિશ્ચિત રકમ તથા મહી નદીના ઉતરના પ્રદેશોમાંથી મરાઠાઓને ચોથ ઉઘરાવવાનો હક આપે તે શરતે મદદ કરવાનું સ્વીકાર્યું. હમીદખાને આ શરત સ્વીકારતાં મરાઠાઓએ તેને સહાય કરી પરિણામે હમીદખાને અમદાવાદ મેળવ્યું કંથાજીના નેતૃત્વ નીચે મરાઠાઓએ અમદાવાદમાં પ્રવેશ કર્યો. હમીદખાન મરાઠાઓને નક્કી કરેલી રકમ આપી ન શકતાં મરાઠા લશ્કરે અમદાવાદ લૂંટયું અને નક્કી કરેલી રકમ તથા ચોથની રકમ ઉઘરાવી.*

## 12.4. ગુજરાત પર મરાઠાસત્તાની સ્થાપના :

*અમદાવાદમાં મરાઠાઓના પ્રવેશથી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં તેમના રાજ્ય વિસ્તારનો માર્ગ ખૂલ્યો. કંથાજીએ સૌરાષ્ટ્રના કેટલાક ભાગો વીરમગામ અને ઉત્તરગુજરાતના મહેસાણા સુધીના પ્રદેશમાં ચોથ ઉઘરાવી. ગુજરાત તથા સૌરાષ્ટ્રનાં રાજ્યો પર વર્ચસ્વ વધ્યું કંથાજીની સહાયથી હમીદખાને સુજાતખાનના ભાઈ અને સુરતના મુત્સદી રુસ્તમઅલીને પરાજય આપ્યો. જેના બદલારૂપે પિલાજી ગાયકવાડને દક્ષિણ ગુજરાતના પ્રદેશમાંથી ચોથ ઉઘરાવવાનો હક મળ્યો. આમ ઉત્તર અને પશ્ચિમમાં કંથાજીનું અને દક્ષિણ ગુજરાતમાં પિલાજીનું વર્ચસ્વ સ્થાપાયું.*

*પિલાજી અને કંથાજીએ એ સમયના ગુજરાતના ખૂબ સમૃદ્ધ ગણાતાં ખંભાત અને વડનગરમાંથી દસ લાખ ઉપરાંત રકમ ચોથ તરીકે મેળવી. મરાઠાઓના વધતા વર્ચસ્વથી દિલ્હીની મુઘલ સરકારે હમીદખાનને જવાબદાર ગણી તેની જગ્યાએ ગુજરાતના સૂબા તરીકે સરબુલંદખાનની નિમણૂક કરી પરંતુ તેને સત્તા સોંપવાનો ઈનકાર કરી હમીદખાને મરાઠાઓની સહાય માગી. પરંતુ મરાઠાઓના લૂંટફાટથી ત્રાસી ગુજરાતના તમામ મુઘલ સૂબેદારોએ ભેગા મળી મરાઠાઓ અને હમીદખાનને પરાજય આપ્યો. પરિણામે મરાઠાઓએ વડોદરા સુધી પાછા હટી જવું પડયું.*

### 12.4.1 પેશવાનું ગુજરાતમાં આગમન અને વર્ચસ્વ :

*દાભાડે અને ગાયકવાડ કુટુંબના સભ્યો પોતાને છત્રપતિના કુટુંબીજનો માનતા અને પેશવાઓના વર્ચસ્વ પ્રત્યે તેમને અણગમો હતો. તેમના ગુજરાતના સરદારો પિલાજી અને કંથાજી પણ તેમના પગલે અનુસર્યા. જેથી પેશવા બાજીરાવ-૧લા એ દાભાડે અને*

*ગાયકવાડને ગુજરાતની ચોથમાંથી આવકનો યોગ્ય હિસ્સો આપવા અને તેમના માર્ગદર્શન નીચે કાર્ય કરવાનું જણાવતાં તેઓએ યોગ્ય જવાબ ન આપ્યો. પરિણામે પેશવા અને તેમના ભાઈ ચિમનાજી જાતે ગુજરાત આવ્યા. સરબુલંદખાને આ તકનો લાભ લઈ પેશવા અને દાભાડે વચ્ચ વિખવાદ કરી પોતાની ગુજરાતની મુઘલસત્તા બચાવી લેવાની તક ઝડપી તેણે ઈ.સ. 1730માં પેશવા સાથે સંધિ કરી અમદાવાદ અને સુરતના વિસ્તારો સિવાયના ગુજરાતના પ્રદેશમાંથી ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાના હક આપવા તથા અમદાવાદની મહેસૂલી આવકનો 5% ભાગ પણ પેશવાને આપવો તેના બદલામાં પેશવાએ મુઘલસત્તાની ગુજરાતમાં રક્ષા માટે 2500નું અશ્વદળ રાખવું અને બીજા મરાઠા સરદારોને ગુજરાતમાં પ્રવેશવા દેવા નહી. પરંતુ દિલ્હીની મુઘલ સરકારને આ સંધિ અપમાનજનક લાગતાં તે માન્ય ન રાખી અને સરબુલંદખાનને બદલે મારવાડના રાજા અભયસિંહની ગુજરાતના સૂબેદાર તરીકે નિમણૂંક કરી.*

*આ દરમ્યાન ખંડેરાવ દાભાડેનું મૃત્યુ થતાં તેનો પુત્ર ત્ર્યંબકરાવ દાભાડેને ગુજરાતની સત્તા મળી અને પેશવાએ તેની પાસેથી ચોથની રકમમાંથી અડધા ભાગની માંગણી કરી. તેણે પણ પોતાના પિતાની જેમ પેશવાની માગણીનો ઈન્કાર કર્યો. એટલું જ નહીં તેણે ગુજરાતમાંથી પેશવાની સત્તાને દૂર કરવા મરાઠાઓના દુશ્મન નિઝામની સહાય લીધી પરિણામે પેશવાએ તરત જ અભયસિંહ સાથે સમજૂતી કરી જેમાં અભયસિંહે પેશવાને 13 લાખ રૂપિયા આપવાનું સ્વીકાર્યું જેમાં છ લાખ રૂપિયા રોકડા તાત્કાલિક તેમ જ બાકીની રકમ પેશવા ગુજરાતમાંથી પોતાનું લશ્કર પાછુ ખેચેં તે પછી આપવાનું ઠરાવ્યું. બદલામાં પેશવાએ અન્ય મરાઠા સરદારોનો ગુજરાતમાં પ્રવેશ અટકાવવાનો સ્વીકાર કર્યો.*

### 12.4.2 ભીમપુરની લડાઈ અને પેશવાનું વર્ચસ્વ

*ત્ર્યંબકરાવ દાભાડેને મનાવવાના બધા પ્રયત્નો નિષ્ફળ જતા વડોદરા અને ડભોઈ વચ્ચે ભીમપુર ગામ પાસે એપ્રિલ 1731માં પેશવા અને દાભાડેના લશ્કરો વચ્ચે ભયંકર લડાઈ થઈ. તેમાં દાભાડેના લશ્કરનો પરાજય થયો. ત્ર્યંબકરાવ દાભાડે અને પિલાજીનો પુત્ર યુદ્ધમાં માર્યા ગયાં અને દાભાડે તેમ જ ગાયકવાડ કુટુંબે પેશવાના આધિપત્યને સ્વીકાર્યુ તેમ જ ચોથમાં ભાગ આપવાનું પણ કબૂલ્યું.*

*પેશવાએ અભયસિંહને બાકીની રકમ ચુકવવા માટે જણાવ્યું, પરિણામે અભયસિંહે દિલ્હીની મુઘલ સરકાર પાસે રકમની માગણી કરી પરંતુ દિલ્હીની મુઘલ સરકારે રકમ આપવાનો ઈન્કાર કરી અભયસિંહની મરાઠાઓ જોડેની સંધિ પણ રદ કરી. પરિણામે પેશવાએ અમદાવાદ અને તેની આસપાસના પ્રદેશોમાં લૂંટફાટ કરી પોતાની બાકીની રકમ વસૂલ કરી.*

### 12.4.3 મરાઠાઓનું ગુજરાત પર વર્ચસ્વ

*ત્ર્યંબકરાવ દાભાડેના અવસાન પછી એના પુત્ર યશવંતરાય દાભાડેને ગુજરાતનું સુકાન સોંપાયું પરંતુ તે સગીર હોવાથી પિલાજી ગાયકવાડને સેના ખાસખેલ (ખાસ સેનાની) નો ખિતાબ આપી નિમણૂંક કરવામાં આવી. પિલાજી ગાયકવાડે હોશિયારી પૂર્વક*

*તેમની સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારથી ગુજરાતના રાજકારણમાં ગાયકવાડ સક્રિય બન્યા અને દાભાડે નિષ્ક્રિય બન્યા. ગુજરાતમાં મરાઠી શાસનને નિર્બળ બનાવવાના હેતુથી ઈ.સ. 1732માં ગુજરાતના મુઘલ સૂબા અભયસિંહે પિલાજીરાવનું ડાકોરમાં ખૂન કરાવ્યું આથી ક્રોધે ભરાઈ ત્ર્યંબકરાવ દાભાડેના પત્ની ઉમાબાઈએ તથા પિલાજીરાવના પુત્ર દમાજીરાવ ગાયકવાડે અમદાવાદ ઉપર આક્રમણ કર્યું. અભયસિંહે ખંભાતના મોમીનખાન અને પાટણના સૂબેદાર જવાંમર્દખાનને પોતાની મદદે બોલાવ્યા તેમની સહાયથી તેણે મરાઠા લશ્કરનો સખત સામનો કર્યો પરંતુ છેવટે મરાઠાઓની અમદાવાદની સખત કિલ્લેબંધીને કારણે લશ્કરનો પુરવઠો ખૂટી પડતાં અભયસિંહને મરાઠાઓ સાથે સંધિ કરવાની ફરજ પડી. અમદાવાદ સહિત ગુજરાતના તમામ પ્રદેશો પર મરાઠાઓનો ચોથ ઉઘરાવવાનો હક્ક માન્ય રાખવો પડ્યો. તેમ જ મરાઠાઓએ વડોદરાને ફરીથી કબજે કર્યું અને ઈ.સ. 1734માં દમાજી ગાયકવાડે એને પોતાનું વડુંમથક એટલે કે રાજધાની બનાવી. વડોદરા શહેરે પોતાનું આ સ્થાન તેણે ભારત સંઘના વિલિનીકરણ સુધી ભોગવ્યું. અભયસિંહ ગુજરાતની આવી પરિસ્થિતિથી તંગ આવી જઈ પોતાના મદદનીશ રતનસિંહ ભંડારીને અમદાવાદનો હવાલો સોંપી મારવાડ જતો રહ્યો.*

## 12.5 અમદાવાદ પર મરાઠાઓનું વર્ચસ્વ

*ઉમાબાઈએ દમાજીને દખ્ખણમાં બોલાવતાં એના મદદનીશ રંગોજી ગુજરાતના સુકાની બન્યા. તેણે 15વર્ષ સુધી સુંદર શાસન કર્યું. ખંભાતનો સૂબેદાર મોમીનખાન ગુજરાતનો સૂબો બનવા માંગતો હતો. પરિણામે તેણે અર્ધુ અમદાવાદ તથા ગુજરાત-સૌરાષ્ટ્રના તમામ પ્રદેશોમાંથી મરાઠાઓના ચોથ ઉઘરાવવાના હકને માન્ય રાખવાની શરતે રંગોજી સાથે સંધિ કરી. તક જોઈ બંનેએ ભેગા મળી અમદાવાદ ઉપર આક્રમણ કર્યું. રતનસિંહ ભંડારી હાર્યા. શરત મુજબ મોમીનખાને દક્ષિણ અમદાવાદ રંગોજીને સોંપી દીધું (ઈ.સ. 1737) રંગોજીએ સુંદર વહીવટ કરી અમદાવાદમાં રહીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની પ્રદેશોમાં મરાઠાઓની સત્તા વિસ્તારી.*

*ઈ.સ. 1743માં મોમીનખાનનું અવસાન થતાં ફરી પાછી ગુજરાતની સૂબાગીરી માટે સંઘર્ષ શરૂ થયો. જેમાં રંગોજીનો પરાજય થતાં એણે ટૂંક સમય માટે બોરસદ નાસી જવું પડયું પરંતુ પાટણના સૂબેદાર જવામર્દખાને તેને મદદ કરતાં રંગોજીનું સ્થાન ફરી પૂર્વવત થયું. ઈ.સ. 1749માં છત્રપતિ શાહુનું અવસાન થતાં પૂનામાં તારાબાઈ અને બાલાજી વિશ્વનાથ વચ્ચે સત્તા સંઘર્ષ શરૂ થતાં દમાજીરાવ ગાયકવાડ તારાબાઈના પક્ષે જોડાતાં અને તારાબાઈને મદદ કરવા પોતાના લશ્કર સાથે સતારા પહોંચ્યાં. તારાબાઈ અને દમાજી ગાયકવાડના સંયુક્ત લશ્કરોએ પેશવા પર આક્રમણ કર્યું પરંતુ પેશવાના લશ્કર સામે તેમનો પરાજય થયો. પેશવાએ દમાજી ગાયકવાડને ગુજરાતની આવકનો અડધો ભાગ પોતાને આપવા ભારે દબાણ કર્યું. પરંતુ દમાજી તેની આ માગણીને તાબે ન થતાં પેશવાએ દમાજી અને એના ભાઈને લોહગઢના કિલ્લામાં નજર કેદ રાખ્યા. દસ મહિના કેદ રહ્યા પછી પેશવા બાલાજીની શરતો સ્વીકારી પરિણામે પેશવાએ તેને મુક્ત*

*કર્યા. બંને વચ્ચે થયેલ સમજૂતી અનુસાર સુરત મહાલના, તાપી નદીની ઉત્તર અને દક્ષિણ બાજુના 28 પરગણાં, ભરુચ, ડભોઈ, આમોદ, જંબુસરના પ્રદેશો તથા મહી નદીના ઉત્તર બાજુના ગોધરા ધંધુકા, વીરમગામ સુધીના પ્રદેશોમાં ચોથ ઉઘરાવવાનો પેશવાનો હક માન્ય રાખવામાં આવ્યો. તેમ જ હજુ સુધી મરાઠાઓના અસર નીચે નહીં આવેલા ગુજરાતના પ્રદેશો તથા સૌરાષ્ટ્રના હાલાર, ગોહિલવાડ તથા ઝાલાવાડના મહાલો પર દર વર્ષે મુલકગિરિ-ચઢાઈ માટેના પ્રદેશોમાં ગાયકવાડ અને પેશવાના પ્રદેશો પણ નક્કી કરવામાં આવ્યા.*

*ગુજરાતમાં પેશવા અને ગાયકવાડ વચ્ચે થયેલી સમજૂતીને પરિણામે ગુજરાતમાંથી મુઘલસત્તાના અંતની પ્રક્રિયા ઝડપી બની. નક્કી કર્યા મુજબ દમાજી ગાયકવાડ અને પેશવાના ભાઈ રઘુનાથરાવ (રાઘોબા) ના સંયુક્ત લશ્કરોએ અમદાવાદ પર આક્રમણ કર્યું. 45 દિવસના ઘેરા પછી અમદાવાદ જીતી લીધું. જવાંમર્દખાને ભદ્રનો કિલ્લો ખાલી કર્યો. તેને પાટણની સૂબાગીરી ભોગવવાની છૂટ આપવામાં આવી. રાઘોબાએ વિઠ્ઠલશિવદેવને અમદાવાદ શહેરના વહીવટકર્તા તરીકે નિમણૂક કરી. થયેલ સમજૂતી પ્રમાણે રાઘોબા અને દામાજી ગાયકવાડે સૌરાષ્ટ્રના અલગ અલગ મહાલો પર મુલકગીરી- ચઢાઈઓ કરી પુષ્કળ ધન મેળવ્યું અને આ પ્રદેશો પર મરાઠાઓનું વર્ચસ્વ વધ્યું.*

*આમ, 1754સુધીમાં જૂનાગઢ, રાધનપુર, પાટણ, ખંભાત, ભરુચ તથા સુરત બાદ કરતાં ગુજરાતના બાકીના મોટાભાગના પ્રદેશો પર મરાઠાઓનું વર્ચસ્વ સ્થપાયું.*

**અમદાવાદને ફરીથી મેળવ્યું**

*અમદાવાદને જીતીને મરાઠાઓએ ખંભાતના સૂબેદાર મોમીનખાનને પણ ખંડણી અને ચોથ આપવાની ફરજ પાડી હતી. તેથી નારાજ મોમીનખાન યોગ્ય તકની રાહ જોતો હતો પરિણામે મોમીનખાને અમદાવાદના મુખ્ય લશ્કરી અધિકારીઓને લાંચ આપી પોતાના પક્ષે કર્યા અને કોળી નેતાને પણ સારી એવી રકમ આપી પોતાના પક્ષે કરી દમાજી અને રાઘોબા મુલકગીરી ચડાઈઓ પર ગયા ત્યારે અમદાવાદના મરાઠા વહીવટીકર્તાની હત્યા કરાવી અમદાવાદ પર મોમીનખાને પોતાનો અધિકાર જમાવ્યો.*

*ઉપરની બાબતે પેશવા બાલાજી બાજીરાવને જાણ થતાં તે ગુસ્સે ભરાયો અને પોતાના સેનાપતિ સદાશિવ રામચંદ્રને મોટા લશ્કર સાથે ગુજરાત મોકલ્યો. દમાજીને પણ આ લશ્કર સાથે જોડાવા આદેશ કર્યો. દયાજી પણ તોપો અને લશ્કર સાથે સદાશિવની મદદે આવ્યો. બીજી બાજુ મોમીનખાને પણ અમદાવાદના રક્ષણ માટે જંગી તૈયારીઓ કરી અને 1 વર્ષ સુધી ચાલે તેટલો પુરવઠો શહેરમાં ભરી રાખી મજબૂત કિલ્લેબંધી કરી. મરાઠાઓના આક્રમણ સામે મોમીનખાને આશરે 1 વર્ષ સુધી અમદાવાદને ટકાવી રાખ્યું પરતું છેલ્લે પુરવઠો ખૂટી પડતા તેણે પોતાની હાર સ્વીકારી આ યુધ્ધમા મરાઠાઓને પાટણના સૂબેદાર જવામર્દખાને પણ મદદ કરી હતી આમ અમદાવાદ ફેબ્રુઆરી 1758મા મરાઠાઓના હસ્તક આવ્યુ.*

આમ, પેશવા બાલાજી વતી સૂબા સદાશિવ રામચદ્રે અને અની સહાયમાં રહેલા દમાજી ગાયકવાડે ગુજરાતના પાટનગર અમદાવાદનો કબજો કર્યો અને આ રીતે ગુજરાતમા પેશવાની સત્તા સ્થપાઈ. ગુજરાતમાં સ્થપાયેલી મરાઠાઓની આ કેદવર્તી સત્તા લગભગ 60 વર્ષ સુધી ટકી રહી.

**તમારી પ્રગતિ ચકાસો**

**બહુવિકલ્પીય પ્રશ્નો**

1. કયા બાદશાહના અવસાન પછી મરાઠા સત્તાનો વિકાસ થયો ?
   (અ) અકબર (બ) શાહજહાં (ક) ઔરંગઝેબ
2. ગુજરાતને મરાઠાઓનો સૌ પ્રથમ પરિચય કયા શહેરની લૂંટના કારણે થયો?
   (અ) અમદાવાદ (બ) સૂરત (ક) ખંભાત
3. શિવાજીએ સૂરતને સૌ પ્રથમ કયારે લૂંટયું ?
   (અ) ઈ.સ. 1664 (બ) ઈ.સ. 1665 (ક) ઈ.સ. 1666
4. ગુજરાતમાં મરાઠી શાસન વિસ્તારવાની જવાબદારી સૌ પ્રથમ કયા મરાઠા સરદારને પેશવા બાલાજી વિશ્વનાથે સોંપી ?
   (અ) ખંડેરાવ દાભાડે (બ) રઘુરાવનાથ (ક) સદાશિવ રામચંદ
5. ગુજરાતમાં મુઘલ સત્તા વિસ્તારવા માટે પિલાજી ગાયકવાડે કયા નગરને પોતાનુ મુખ્ય કેન્દ્ર બનાવ્યું ?
   (અ) વડોદરા (બ) સોનગઢ (ક) સૂરત
6. ઔરંગઝેબના મૃત્યુ સમયે ગુજરાતનો મુઘલ સૂબેદાર કોણ હતો ?
   (અ) સૂજાતખાન (બ) હમીદખાન (ક) મોમીનખાન
7. મરાઠાઓનો કયા શહેરના પ્રવેશથી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં તેમના રાજ્ય વિસ્તારનો માર્ગ ખૂલ્યોં ?
   (અ) અમદાવાદ (બ) વડોદરા (ક) સૂરત
8. હમીદખાનની જગ્યાએ ગુજરાતના સૂબા તરીકે કોણ આવ્યું ?
   (અ) મોમીનખાન (બ) કંથાજી (ક) સરબુલંદખાન
9. ત્ર્યંબકરાવ દાભાડેએ ગુજરાતમાંથી પેશવાની સત્તા દૂર કરવા કોની મદદ લીધી ?
   (અ) રાજપૂતો (બ) નિઝામ (ક) અંગ્રેજો
10. એપ્રિલ 1731માં પેશવા અને દાભાડેના લશ્કરો વચ્ચે કયા મુકામે ભયંકર લડાઈ થઈ ?
    (અ) ડભોઈ (બ) ભીમપુર (ક) વડનગર
11. કયા સેનાખાસખેલ (ખાસ સેનાની) ની નિમણૂક પછી ગુજરાતમાં ગાયકવાડોનું વર્ચસ્વ શરૂ થયું ?
    (અ) યશવંતરાવ (બ) પિલાજી ગાયકવાડ (ક) દમાજી ગાયકવાડ
12. ગુજરાતના કયા મુઘલસૂબાએ ડાકોરમાં પિલાજીરાવનું ખૂન કરાવ્યું ?
    (અ) સરબુલંદખાન (બ) અભયસિંહ (ક) રતનસિંહ ભંડારી

13. કોણે વડોદરા શહેરને મરાઠાઓની રાજધાની તરીકે સ્થાન આપ્યું ?

(અ) દમાજી ગાયકવાડ(બ) પિલાજી ગાયકવાડ (ક) ફતેસિંહરાવ ગાયકવાડ

14. પેશવાએ દમાજી અને તેના ભાઈને મહારાષ્ટ્રના કયા કિલ્લામાં કેદ રાખ્યા હતા ?

(અ) સિંહગઢ (બ) દોલતગીરી (ક) લોહગઢ

15. ગુજરાતમાં સ્થપાયેલ મરાઠાઓની કેન્દ્રવર્તી સત્તા કેટલા વર્ષ સૂધી ટકી રહી ?

(અ) 60 વર્ષ (બ) 90 વર્ષ (ક) 120 વર્ષ

16. અમદાવાદ પર મરાઠાઓની સંપૂર્ણ સત્તા ક્યારે સ્થપાઈ ?

(અ) ઈ.સ. 1757 (બ) ઈ.સ. 1758 (ક) ઈ.સ. 1765

- **સ્વાધ્યાય**

1. મરાઠા શાસકોના ગુજરાત સાથેના પૂર્વ સંપર્કોની ચર્ચા કરો.

2. પેશવાનું ગુજરાતમાં આગમન અને વર્ચસ્વની ચર્ચા કરો.

3. મરાઠાઓના ગુજરાત પર વર્ચસ્વની ચર્ચા કરો.

4. અમદાવાદ પર મરાઠાઓની સત્તાની સ્થાપનાની વિગતે ચર્ચા કરો.

- **તમારી જાતે તપાસો**

1. ગુજરાતમાં મરાઠાશાસનની સ્થાપનાને લગતા વિવિધ સાધનોની ચર્ચા કરો.

2. ગુજરાતના મુઘલ સૂબેદારોની ભૂમિકાની ચર્ચા કરો.

3. ગુજરાતના મરાઠી શાસન વખતના મહત્ત્વના કેન્દ્રોનો પરિચય મેળવો.

4. અમદાવાદમાં મરાઠા અને મુઘલ વહીવટનો પરિચય મેળવો.

5. ગુજરાતમાં મરાઠા શાસનમાં ગાયકવાડ કુટુંબના વર્ચસ્વની શરૂઆતની માહિતી મેળવવી.

## 12.6 સારાંશ :

આમ, સમગ્ર રીતે ગુજરાતમાં મરાઠી શાસનની સ્થાપનાનો અને વિકાસના ઈતિહાસનું અવલોકન કરતા જણાય છે કે ગુજરાતના ઈતિહાસમાં મરાઠાઓના આ શાસનનો સમયગાળો ખૂબ જ ટૂંકો છે. છત્રપતિ શિવાજીએ મુઘલ સમય દરમિયાન ઈ.સ. 1664માં સુરત શહેર પર ચડાઈ કરી અને તેને લૂંટ્યુ ત્યારથી ગુજરાતને મરાઠાઓનો સૌ પ્રથમ પરિચય થયો. ત્યાર પછી સતત મરાઠાઓના એક યા બીજા કારણસર ગુજરાત પર આક્રમણો વધ્યાં. મરાઠા સરદાર ખંડેરાવ દાભાડેએ 1716માં દક્ષિણ ગુજરાતમાં પોતાની સત્તા જમાવવા માંડી. પિલાજી ગાયકવાડે ઈ.સ. 1719માં સોનગઢમાં પોતાનુ મુખ્ય મથક સ્થાપ્યું. મરાઠા લશ્કરે 1733માં અમદાવાદ પર ચઢાઈ કરી તેમ જ દમાજીરાવ ગાયકવાડે

*ઈ.સ. 1734માં વડોદરામાં રાજધાની સ્થાપી. તેમ જ ઈ.સ. 1737થી 1753 સુધી ગાયકવાડોએ મુઘલ સૂબેદારોના અડધા ભાગીદાર તરીકે અમદાવાદ પર શાસન કર્યુ અને 1753મા પેશવા અને ગાયકવાડનુ સંયુક્ત શાસન સ્થપાયુ, પરંતુ તે સમયે ખંભાતના મોમીનખાને તેને જીતી લીધું. પરંતુ થોડાક જ સમયમાં પેશવા અને ગાયકવાડના સંયુક્ત લશ્કરે મોમીનખાનને પરાજય આપી અમદાવાદ પાછું લઈ લીધું ત્યારથી અમદાવાદ અને ગુજરાત પર મરાઠા શાસન સ્થપાયું અને ગુજરાતમા મરાઠા શાસન મજબૂત બન્યું.*

## 12.7 **શબ્દાવલી**

1. *પવાડો : મરાઠી લોકોમાં નૃત્ય અને તાલ સાથે ગાઈને ભજવાતો એક વેશ, ભવાઈ.*
2. *ખતપત્રો : સ્થાવર મિલકતના વેચાણ, ગીરો, બક્ષિસ બાના વગેરેને લગતા લખાણો.*
3. *ચોથ : રાજ્યની કુલ મહેસૂલી આવકનો ચોથો ભાગ*
4. *સરદેશમુખી : રાજ્યની કુલ મહેસૂલી આવકનો દસમો ભાગ સરદેશમુખી*
5. *મુલકગીરી : ચઢાઈ*
6. *પેશવા : વડોપ્રધાન, રાજા પછીનો મુખ્ય પ્રધાન અધિકારી*
7. *સૂબો : પ્રાંતનો મુખ્ય અધિકારી*

## **12.8 'તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

*બહુ વિકલ્પીય પ્રશ્નોના જવાબો :*

| | | |
|---|---|---|
| 1.*ઔરંગઝેબ* | 2. *સૂરત* | 3. *ઈ.સ.* 1664 |
| 4. *રઘુનાથરાવ* | 5 *સોનગઢ* | 6. *સૂજાત-સૂજાતખાન* |
| 7.*અમદાવાદ* | 8. *સરબુલંદખાન* | 9. *નિઝામ* |
| 10.*ભીમપુર* | 11. *પિલાજી ગાયકવાડ* | 12. *અભયસિંહ* |
| 13. *દમાજી ગાયકવાડ* | 14. *લોહગઢ* | 15. 60 *વર્ષ* |
| 16. *ઈ.સ.* 1758 | | |

## **12.9 સંદર્ભગ્રંથ સૂચિ**


1. *ડૉ. પી.એન. ચોપરા (સંપાદક) શાસ્ત્રી હરિપ્રસાદ, પરીખ પ્રવીણચંદ્ર દિક્ષીત યતીન્દ્ર (અનુવાદકો) ભારતનું ગેઝેટિયર(ઈતિહાસ અને સંસ્કૃતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ*-1984
2. *રસિકલાલ છોટાલાલ પરીખ અને હરિપ્રસાદ ગંગારામ શાસ્ત્રી (સંપાદકો) "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ગ્રંથ- 7" મરાઠાકાલ શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ પ્રથમ સંસ્કરણ* 1981.
3. *સ્વ. ડૉ.નવીનચંદ્ર આનંદીલાલ આચાર્ય, "ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ (પુનઃ મુદ્રિત)* 1999.

4. *પ્રા. મનુભાઈ બી. શાહ ''ભારતનો ઈતિહાસ'' (મરાઠાયુગ) (ઈ.સ.* 1707 *થી* 1818*) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ (સંશોધિત)* 1994.
5. *ડૉ.જયકુમાર આર. શુક્લ સલ્તનત, મુઘલ તથા મરાઠા સમયના "રાજકીય સિદ્ધાંતો અને સંસ્થાઓ" યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ- ગુજરાત રાજ્ય, અમદાવાદ પ્રથમ આવૃત્તિ* -1983.

x

| એકમ-13 | પેશ્વા બાલાજી બાજીરાવ થી પેશ્વા બાજીરાવ બીજા (ઈ.સ. 1740 થી 1818) સુધીનો ગુજરાતનો રાજકીય ઈતિહાસ |
|---|---|

**રૂપરેખા :**


**13.0 ઉદ્દેશો**
**13.1 પ્રસ્તાવના**
**13.2 પેશ્વા બાલાજી બાજીરાવ થી બાજીરાવ બીજા સુધી**
**13.2.1 પેશ્વા બાલાજી બાજીરાવ(ઈ.સ. 1740 થી 1761)**
**13.3.2 માધવરાવ પહેલો (ઈ.સ. 1761 થી 1772)**
**13.3.3 નારાયણરાવ (ઈ.સ. 1772 થી 1773)**
**13.3.4 પેશ્વા માધવરાવ ૨જો ( ઈ.સ. 1773 થી 1795)**
**13.3.5 બાજીરાવ બીજો (ઈ.સ.1795 થી 1818)**
**13.4 સારાંશ**
**13.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**13.6 સંદર્ભ પુસ્તકો**


## 13.0 ઉદ્દેશો

*આ એકમ વાંચ્યા પછી આપ :*

- *ગુજરાતમાં મરાઠા સત્તાની સ્થાપના અને પેશ્વાઓની કામગીરી સમજી શકશો.*
- *ગુજરાતમાં પેશ્વાઓની રાજકીય સ્થિતિ વિષે જાણી શકશો.*
- *સૌરાષ્ટ્ર અને પેશ્વાઓના સબંધો વિષે જાણી શકશો.*
- *પેશ્વાઓના મુલક ગિરિ –ચડાઈ ની માહિતી મેળવી શકશો.*
- *ચોથ અને સરદેશ મુખી વિષે જાણકારી મેળવી શકશો.*

## 13.1 પ્રસ્તાવના

*આ એકમમાં પેશ્વા બાલાજી બાજીરાવથી પેશ્વા બાજીરાવ બીજાસુધીનો ગુજરાતનો રાજકીય ઇતિહાસ એટલે કે ઈ.સ. 1740 થીઈ.સ. 1818 સુધીમાં ગુજરાતની રાજકીય ઘટનાઓ સમજવાનો પ્રયત્ન કરવાનો છે.*

*ગુજરાતમાં મરાઠાઓનો પગ પેસારો શિવાજીના આક્રમણોથી ઈ.સ.1664 અને ઈ.સ.1670માં સુરતની કરેલી લૂંટ થી થયેલી ગણાય. આ આક્રમણથી મરાઠાઓને સૌ પ્રથમ ગુજરાતનો પરિચય થયો તેમજ સ્વરાજ્ય સિવાયના પ્રદેશોમાથી ચોથ અને સરદેશ મુખી ઉઘરાવવાનો ખ્યાલ પણ આવ્યો એ રીતે મરાઠાઓમાં ચોથ અને સરદેશ મુખી ઉઘરાવવાની પ્રથા પ્રચલિત બની. ત્યારબાદ શિવાજી ના સરદાર હસોજી મોહિતે ઈ.સ. 1675માં અને ઔરંગઝેબના બંડખોર પુત્ર અકબરે ઈ.સ.1680માં મરાઠાઓની*

આગેવાનીમાં ભરુચ અને આસપાસના વિસ્તારમાં લૂંટ કરેલી તેમજ ઈ.સ. 1706માં મરાઠા સેનાપતિ ધનાજી જાદવે દક્ષિણ ગુજરાતનાં પ્રદેશો પર હુમલો કર્યો.

ઈ.સ. 1689માં ઔરંગઝેબે બીજા છત્રપતિ શંભાજીની હત્યા કરી, મરાઠી સત્તાને કચડી નાખવાનો પ્રયત્ન કર્યો પરંતુ ત્રીજા છત્રપતિ રાજારામ (1689 થી 1700)ના સમયમાં મરાઠાઓ વધારે સંગઠિત થયા અને મુઘલો સામે વધારે આક્રમક બની પોતાનો રાજ્યવિસ્તાર કર્યો. પરંતુ ઈ.સ. 1700માં છત્રપતિનું અવસાન થતાં તારાબાઈ અને તેના વિપક્ષીઓ સાથે આંતરકલહ થયો જેને કારણે મરાઠાઓની આગેકૂચ થંભી, પરંતુ ઈ.સ. 1707માં મુઘલ બાદશાહ ઔરંગઝેબનું અવસાન થતાં મરાઠા ઓને ગુજરાતમાં તથા ભારતના અન્યભાગોમાં પોતાનો વિસ્તાર કરવાની તક સાંપડી. તો ઔરંગઝેબના અવસાન બાદ ગુજરાતનાં મુઘલ સરદારોમાં ગુજરાતની સુબાગીરી મેળવવા ભારે ખેંચતાણ ચાલી તેમાં એક અથવા બીજા પક્ષને મરાઠાઓની જરૂર પડી આવી સ્થિતિમાં મરાઠાઓને પોતાનું વર્ચસ્વ જમાવવાની તક મળી પ્રથમ પેશ્વા બાલાજી વિશ્વનાથ મરાઠી સત્તાને વ્યવસ્થિત કરવા અને વિસ્તારવા જુદા જુદા પ્રદેશોમાં મરાઠા સરદારોને હકૂમત વહેચી આપી. જેમાં ઈ.સ. 1716 માં ગુજરાતની સરદારી ખંડેરાવ દાભાડે નામના સરદારને સત્તા વિસ્તારવા માટેનું નેતૃત્વ સોંપવામાં આવ્યું. દાભાડે પોતે દક્ષિણના રાજકારણમાં રોકાયેલો હોય તેણે પોતાના અધિકારીઓ કંથાજી કદમ,દમાજી ગાયકવાડ તથા તેના ભત્રીજા પિલાજી ગાયકવાડને આ કામગીરી સોપી.બાલાજી વિશ્વનાથ અને ખંડેરાવ દાભાડે મુઘલ બાદશાહ મુહમ્મદ શાહ તથા દીવાન અલીભાઈઓ પાસેથી ગુજરાતમાંથી ચોથ ઉઘરાવવા માટેનો મરાઠાઓનો અધિકાર મેળવી લીધો. આમ ગુજરાત માં મરાઠાઓની પ્રવૃતિઓને કાનૂની સ્વરૂપ મળ્યું.

## 13.2 પેશ્વા બાલાજી બાજીરાવ થી બાજીરાવ બીજા સુધી

### 13.2.1 પેશ્વા બાલાજી બાજીરાવ (ઈ. સ. 1740 થી 1761)

પેશ્વા બાલાજી બાજીરાવ (બાલાજી બીજો) ઉર્ફે નાના સાહેબનો જન્મ ઈ.સ. 1721ની 12મી ડિસેમ્બરે પેશ્વા બાજીરાવ પહેલો અને કાશીબાઈની કૂખે થયો હતો. પેશ્વા બાજીરાવ પહેલાને બાલાજી બાજીરાવ ઉપરાંત રઘુનાથરાવ અને જનાર્દન નામના બે પુત્રો પણ હતા. બાલાજી બાજીરાવ ઉપર પિતા કરતાં તેના કાકા ચીમનાજીનો વધારે પ્રભાવ હતો. ચીમનાજીનો પુત્ર સદાશિવરાવ તેનો પિત્રાઈ ભાઈ હતો.

બાલાજી બાજીરાવના પ્રથમ લગ્ન માત્ર 9 વર્ષની ઉંમરે 7 વર્ષની ગોપિકાબાઈ સાથે તારીખ 11 મી જાન્યુઆરી 1730ના રોજ થયા હતા. અને બીજા લગ્ન ડિસેમ્બર 1860માં રાધાબાઈ સાથે કર્યા હતા. બાલાજી બાજીરાવ અને ગોપિકાબાઈના ત્રણ પુત્રો હતા. જે વિશ્વાસરાવ, માધવરાવ અને નારાયણરાવ હતા, જેમાંથી વિશ્વાસરાવે પાણીપતના યુદ્ધમાં બલિદાન આપીને પોતાનું નામ રોશન કર્યું. જ્યારે માધવરાવ અને નારાયણરાવ અનુક્રમે પેશ્વા પદને પામ્યા હતા.

બાલાજી બાજીરાવે પિતાની રાજકીય કારકિર્દી દરમિયાન મરાઠાને મળેલી જ્વલંત સફળતાઓનું નજીકથી નિરીક્ષણ કર્યું હતું. અલબત્ત તેના પર તેના કાકાનો

*પ્રભાવ વધુ હતો કેમ કે તે મોટેભાગે તેના કાકાની સાથે જ રહેતો હતો, ચીમનાજીની વહીવટી લશ્કરી અને મુત્સદીગિરિ ભરી નીતિ તેમજ કાર્યોમાંથી તેને જીવનમાં ઘણું શીખવા મળ્યું. એ અનુભવોએ જીવન ઘડતર માટેનું પર્યાપ્ત ભાથુ પૂરું પાડ્યું. તે સ્વભાવે મિલનસાર, કોમળ અને મધુર વાણી ધરાવતો હતો. બાલાજી બાજીરાવે આમ પિતા અને કાકાની દેખરેખ નીચે યુદ્ધનીતિ અને રાજનીતિનું શિક્ષણ સારી રીતે મેળવી લીધું હતુ. તેથી ઘણી નાની વયે રાજ્ય સંચાલનની જવાબદારી શિરે આવી હોવા છતાં તેણે તે સફળતાપૂર્વક પાર પાડી.*

- **પેશ્વા પદે નિમણૂક**

*પેશ્વા બાજીરાવ પહેલાંનું 28 એપ્રિલ 1840માં અવસાન થયું ત્યારે બાલાજી બાજીરાવ તેના કાકા ચીમનાજી સાથે કોલાબામાં આંગ્રે બંધુઓનો ઝગડો પતાવવામાં મગ્ન હતો. ત્યાં સઘળું કામ પતાવી, તેર દિવસો દરમિયાન અંત્યેષ્ટિ વિધિ પતાવીને ર૬મી મેના રોજ પુના પાછો ફર્યો. ત્યારબાદ છત્રપતિ શાહુજીએ બાલાજી બાજીરાવને પેશ્વા પદના વસ્ત્રો તારીખ 25મી જૂન 1740ના રોજ આપી પોતાના રાજ્યકાળ દરમિયાન ત્રીજા પેશ્વાની નિમણૂક કરી, એ પદ વંશ પરંપરાગત બનાવવાની પ્રણાલિકા પાડી દીધી. આમ બાલાજી બાજીરાવ 18 વર્ષ અને છ મહિનાની ઉંમરે પેશ્વા બન્યો. છત્રપતિ શાહુએ તેને વેતન તથા ખર્ચ માટે 30 ગામોનું જમીન મહેસુલ આપ્યું.*

*બાલાજી બાજીરાવની પેશ્વા તરીકેની 21 વર્ષની કારકિર્દી દરમિયાન મોગલ સામ્રાજ્યનો સૂર્ય અસ્ત પામ્યો ને ભારતમાં મરાઠા રાજ્યનો વિસ્તાર થયો. આમ પેશ્વાની રાજકીય કારકીર્દિ છત્રપતિઓ વચ્ચે વહેચયેલી છે (1)શરૂઆતના 9 વર્ષ છત્રપતિ શાહુ ઈ.સ 1740 થી 1749 સુધી અને (2) ઈ.સ 1849 થી 1861ના સમયમાં છત્રપતિ તરીકે રામરાજા હતો.*

*પેશ્વા બન્યા પછી બાલાજી બાજીરાવ ઈ.સ. 1743માં બંગાળ તરફ કુચ કરી અને નાગપુરના રઘુજી ભોસલે સાથે પ્રદેશોની વહેચણી કરી. આમ બુંદેલખંડ અને રાજસ્થાનમાં મરાઠા સત્તાને દ્રઢ કરી કર્ણાટકમાં નિઝામે જીતી લીધેલા મૂલકો પાછા મેળવ્યા.ઈ.સ.1749માં મૃત્યુને આરે પહોચેલા છત્રપતિ શાહુએ અમુક બાબતો સિવાય પેશ્વાને રાજ્યમાં સંપૂર્ણ સત્તા આપતું વસિયતનામું કર્યું . હવે પેશ્વા સર્વ સતાધીશ બન્યો. પેશ્વાની ઈચ્છા કોલ્હાપુરના રાજા શંભુજીને છત્રપતિ બનાવી સતારા કોલ્હાપુરનું એકકીકરણ કરવાની હતી. પણ શાહુએ તરાબાઈના પૌત્ર રામરાજાને પોતાનો ઉતરાધિકારી નિમ્યો. શાહુના મૃત્યુ પછી છત્રપતિ પદે 1750માં રામરાજાનો અભિષેક થયો. રામરાજા નિર્બળ હતો. તારાબાઈના તાબામાં રહેતોને રાજ્યની સર્વ સત્તા પેશ્વાના હાથમાં આવી. આ સંગોલા સમજૂતીથી પેશ્વાની વધતી જતી સત્તા અને પ્રભાવથી ન માત્ર તરાબાઇ જ ચિંતિત હતી, પરંતુ કેટલાક મહત્વાકાંક્ષી મરાઠી સરદારો પણ ઈર્ષાથી સતારામાં પેશ્વાની સત્તાને નામશેષ કરવા માટે પ્રયત્નશીલ હતા. તારાબાઇ એ ષડયંત્ર રચ્યું. તેમાં સેનાપતિ દમાજી ગાયકવાડ પણ જોડાયો પણ પેશ્વા સામે પરાજય થતા. પેશ્વા એ અડધું ગુજરાત અને ર૫ લાખ દંડ કર્યો દમાજીએ તેનો ઈનકાર કર્યો તેથી પેશ્વાએ તેને*

*લોણાવાલા પાસેના લોહગઢના કીલ્લામાં નજરકેદ રાખ્યો. 10 મહિનાની કેદ બાદ પેશ્વાની શરતો સ્વીકારી છૂટકારો મેળવ્યો ,*

*શરતો પ્રમાણે ગુજરાતમાં પેશ્વાને સુરત મહાલના તાપી નદીની ઉત્તર અને દક્ષિણ બાજુના 28 પરગાણા, ભરુચ, ડભોઈ, આમોદ, જંબુસર વગેરેના પ્રદેશો તથા મહિ નદીના ઉત્તર બાજુના ગોધરા, ધંધૂકા તથા વિરમગામ સુધીના પ્રદેશોમાંથી ચોથ ઉઘરાવવાના પેશ્વાનો હક માન્ય રાખવામા આવ્યો. તથા ગુજરાતનાં અન્ય પ્રદેશો સૌરાષ્ટ્રના સોરઠ, હાલાર, ગોહિલવાડ તથા ઝાલાવાડના મહાલો પર પ્રતિવર્ષ મુલકગીરી-ચડાઈ મોકલવાનું નક્કી કરવામાં આવ્યું તથા એ માટે પણ પેશ્વા અને ગાયકવાડ માટે ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યા.*

- **પેશ્વા બાલાજી બાજીરાવ અને ગુજરાત.**

*બાલાજી બાજીરાવના સમયમાં ગુજરાતમાં મરાઠાઓ અને મોગલોની સંયુક્ત સત્તા હતી . મરાઠા તરફથી સરદાર રંગોજી અને મોગલ સૂબેદાર તરીકે મોમીનખાન સત્તા ભોગવતા હતા. પેશ્વા અને દમાજી ગાયકવાડ સાથે થયેલી સમજૂતી પ્રમાણે ગુજરાતમાંથી મોગલ સત્તાની અંતની પ્રક્રિયા ઝડપી બનાવી તે માટે નક્કી થયા પ્રમાણે દામાજી ગાયકવાડ તથા પેશ્વાના ભાઈ રઘુનાથરાવ (રાઘોબા)ના સંયુક્ત લશ્કરોએ માર્ચ 1753માં અમદાવાદ પર આક્રમણ કર્યું. સામે જવામર્દખાને રક્ષણ કર્યું. પરંતુ ૪૫ દિવસના ઘેરા બાદ જવામાર્દખાને ભદ્રનો કિલ્લો ખાલી કર્યો, અને પાટણ ભાંગી ગયો. આમ અમદાવાદ મરાઠાઓના હાથમાં આવ્યું. તેથી રાઘોબાએ વિઠ્ઠલ શિવદેવને અમદાવાદ શહેરનો વહીવટદાર તરીકે નિયુક્ત કર્યો. અને પોતે સૌરાષ્ટ્રના જુદા જુદા મહાલો પર મુલકગીરી-ચડાઈ કરીને પુષ્કળ રકમ એકઠી કરી. તથા મરાઠાઓનું વર્ચસ્વ સ્થપાયું .આમ ઈ.સ. 1754 સુધીમાં જુનાગઢ, બાલાશિનોર, રાધનપુર, પાટણ, ખભાત, ભરુચ તથા સુરત બાદ કરતાં બાકીના મોટાભાગના પ્રદેશો પર મરાઠાઓનું આધિપત્ય સ્થપાયું.*

- **સૂબેદાર સદાશિવ રામચંદ્ર(ઈ.સ.** 1758-1760)

*ખંભાતનો સૂબેદાર મોમીનખાનને પણ ચોથ અને ખંડણી આપવાની ફરજ પાડી હતી. તેથી તે નારાજ હતો અને અમદાવાદ મેળવવાની યોગ્ય તકની ફિરાકમાં હતો.દમાજી અને રાઘોબા સૌરાષ્ટ્રમાં મુલક ગીરી-ચડાઈ પર ગયા હતા. એ તકનો લાભ લઈ મોમીનખાને અમદાવાદ તાબે કરવાની યોજના કરી . મોમીનખાને અમદાવાદના લશ્કરી અધિકારીઓ શંભુરામ, રોહિલા સરદાર મુહમ્મદ લાલ અને કોળી હરિને પણ સારી રકમ આપીને પોતાના પક્ષે કરી. સપ્ટે. 1756માં આક્રમણ કર્યું. જેમાં મરાઠાના વહીવટ કરતાં રઘુની હત્યા મુહમ્મદ લાલે કરી. સદાશિવ દામોદર અને ગાયકવાડના પ્રતિનિધિ સેવકરામે અમદાવાદ બચાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. આમ મોમીનખાને અમદાવાદ પર કબ્જો કર્યો*

*આ હકીકતની જાણ પેશ્વા બાલાજી બાજીરાવને થતાં તે ગુસ્સે ભરાયો અને તેના સેનાપતિ સદાશિવ રામચંદ્રને મોટા લશ્કર સાથે ગુજરાત મોકલ્યો. તથા દમાજીને તેને*

સહાય કરવાનો આદેશ કર્યો. મોમીન ખાને પૂરતી તૈયારી કરી પરંતુ મરાઠી આક્રમણ સામે તે એક વર્ષ સુધી રક્ષણ કરી શક્યો. અને પુરવઠો ખૂટી પડતાં એ મરાઠાઓને તાબે થયો. ફેબ્રુ. 1758માં અમદાવાદ મરાઠા હસ્તક આવ્યું. પેશ્વા તરફથી સુબા સદાશિવ રામચંદ્રે અમદાવાદનો હવાલો સાંભળ્યો અને ત્રણ વર્ષ સુધી ગુજરાતમાં પેશ્વાની સત્તાનો અમલ કર્યો.

તારીખ 27 ફેબ્રુ. 1758ના રોજ મોમીન ખાન અમદાવાદ છોડી ખંભાત ગયો. ત્યાર પછી અમદાવાદમાં દમાજીરાવ ગાયકવાડ અને સદાશિવ રામચંદ્રે શહેરના કોટવાલ તરીકે બાબુરાવની નિયુક્તિ કરી તમામ દરવાજા ખોલી નાખ્યા .દરવાજા ખોલતા શહેર છોડીને નાસી ગયેલા લોકો ધીમે ધીમે શહેરમાં આવવા લાગ્યાં. સદાશિવ રામચંદ્ર અને દમાજીએ પોત પોતાની જૂની છાવણીની જગ્યાએ નવી છાવણીઓ બનાવી રામચંદ્રે શાહીબાગમાં અને દમાજીએ સાબરમતી તટે હઝરત શાહ ભિખાનની દરગાહ પાસે મુકામ કર્યો. જવામર્દખાનને પાટણ જવાની ઉતાવળ હતી. તેથી સદાશિવે તેને પોષક અને ઘોડાની ભેટ આપી પાટણ રવાના કર્યો. દમાજીને શહેરના નામાંકિત મુસલમાનો તથા હિન્દુ શરાફો અને મહાજનો મળવા આવ્યા. દમાજીએ દિલાસો આપી દક્ષિણી રિવાજ પ્રમાણે પાઘડી અને દુપટ્ટા વડે સન્માન કરીને બધાને ખુશ કર્યા. તો બીજી બાજુ સદાશિવ રામચંદ્રે શાહીબાગથી ખસી સાબરમતીના તટમાં ભદ્રના કિલ્લા પાસે મુકામ કર્યો હોવાથી એ સર્વે મહાજનો ત્યાં જઈને મળ્યા સદાશિવે પણ તેમણે સાંત્વન આપી પોષકની નવાજેશ કરી. અને કાજીના હોદ્દા પર મુહમ્મદ રુકનઉલહક ખાનને નિમ્યો. ભદ્રના કિલ્લા પરના નગારાખાનામાથી દર રવિવારે પાંચ વાર નોબત વગાડવામાં આવતી તે રવિવાર ઉપરાંત શનિવારે પણ વગાડવાનું નક્કી થયું. રામચંદ્રે મરાઠાઓના સિક્કાઓ પુનઃ ચાલુ કરાવ્યા. અને દરેક હોદ્દાઓ પર તેમજ મહેલોમાં અમલદાર નીમી દીધા. ત્યારબાદ ઝાલાવાડ અને સોરઠની પેશકશ ઉઘરાવવા માટે એને પોતાની સેના સાથે 13મી માર્ચ 1758માં પ્રસ્થાન કર્યું. જતાં પહેલા એને પોતાના વતી પાંડુરંગ પંડિતના ભાઈ નરું પંડિતને શહેરમાં પોતાના નાયબ તરીકે નિમ્યો. વળી જાગીરોની બાબતમાં વાંધા ન ઉઠે તેમજ કરવેરા નિયમિત લેવાય એ માટે અલી મુહમ્મદ ખાનને શહેર કાજી, બક્ષી તથા ખબરપત્રી અને હજી નુરૂલ્લાને મુકકાર કરવામાં આવ્યા .

સદાશિવ રામચંદ્ર કાઠીયાવાડના ઝાલાવાડ અને સોરઠ પ્રદેશોમાંમાથી મુલકગીરી-ચડાઈ કરતો કરતો જુનાગઢ પહોચ્યો. સયાજીરાવ પણ પોતાના હિસ્સાની પેશકશ ઉઘરાવતો જુનાગઢ પહોચ્યો. જૂનાગઢનાં નવાબ શેરખાન બાબીએ પણ બંને મરાઠા સરદારોને ઘોડાઓની ભેટ આપી. સદાશિવ રાવે જૂનાગઢમાં કોઈ નાયબ રાખવા અંગે કેટલાક સંદેશા અને પોષકની ભેટ સાથે સદાશંકર મુનશી નામના ઇસમને શેરખાન પાસે મોકલ્યો. પણ કેટલાક કારણોસર સદાશિવને અમદાવાદ તુરંત પાછું ફરવું પડ્યું. 15 જૂન 1758માં તે અમદાવાદ પહોચ્યો.

પેશ્વા તરફથી દમાજી ગાયકવાડને પુણે બોલાવવા માટે વખતો વખત પત્રો આવતા હતા, સામે સદાશિવ રામચંદ્રએ પણ પેશ્વાને પત્રો દ્વારા જણાવેલું કે દમાજીને

અમદાવાદ રહેવા દેવો, પંરતુ પેશ્વાએ એની વિનંતિનો અસ્વીકાર કરી દમાજીરાવને લઈ આવવા માટે જંકોજી નામના ઈસમને લશ્કરી ટૂકડી સાથે અમદાવાદ મોકલ્યો. તેથી ન છૂટકે 31 ઓગષ્ટ 1758ના રોજ સદાશિવ રામચંદ્ર દમાજીરાવને લઈને પેશકશ ઉઘરાવવા નીકળી ગયો . સૌ પ્રથમ મોમીનખાન સાથે હિસાબ પતાવવાનું નક્કી કર્યું. ખંભાતના હિસાબમાં આમિલ ફેર બતાવતો હતો. સદાશિવ રામચંદ્રએ નરું પંડિતની જગ્યાએ પોતાના મોટાભાઈ સંતોજીને નાયબ તરીકે નીમી દમાજી ગાયકવાડ સાથે ખંભાત તરફ કુચ કરી .

- **પેશ્વા બાલાજી બાજીરાવનું અવસાન :**

ઈ.સ. 1761માં પાણીપતનું યુદ્ધ ચાલુ હતું અને તેમાં મરાઠા લશ્કરનો વિજય થાય તેવા કોઈ વાવડ નહોતા . તેથી પોતે ઉત્તર ભારત તરફ લશ્કરી કુચ કરવાની યોજના બનાવી અમલમાં મૂકી. દરમિયાનમા જ તેની તબિયત લથડી. તેણે ગુલામ યુવતીઓના નાચગાનથી મનને આનંદિત રાખવાનો પ્રયાસ કર્યો. 27મી ડિસે., 1760ના રોજ પઠાણની એક યુવાન સ્ત્રી રાધાબાઈ સાથે તેણે લગ્ન કર્યું હતું.છેવટે સ્વસ્થ થતાં, તે લશ્કર સાથે ૨૪મી જાન્યુ. એ ભીલસા પહોચ્યો. ત્યાં એક વ્યાપારી પરના પત્ર પરથી પેશ્વાને પોતાના લશ્કરના વિનાશના સમાચારો મળ્યા.તે સીરોજ થઈને પછાર પહોચ્યો; ત્યાં તેણે પાણીપતના હત્યાકાંડના સાચા સમાચાર પ્રાપ્ત થયા, મોટા પુત્ર વિશ્વાસરાવનું મૃત્યુ અને ભયંકર પાયમાલી અને સાદાશિવરાવના કરૂણ અવસાનથી તેનું મગજ અસ્થિર બની ગયું. તેણે પુણે તરફ પાછા ફરવાનું શરૂ કર્યું. પૂના પહોચ્યા જ્યાં૨૩ જૂન ૧૭૬૧ની રાત્રિના પ્રથમ પ્રહારમાં રઘુનાથ રાવના ખોળામાં તેનું અવસાન થયું.

### 13.3.2 પેશ્વા માધવરાવ પહેલો (1761 થી 1772)

પેશ્વા બાલાજી બાજીરાવનું તાઃ 23 મી જૂન 1761ના રોજ અવસાન થતાં તેનો બીજો પુત્ર માધવરાવ પહેલો 16 વર્ષની ઉમરે પેશ્વા બન્યો. મોટો પુત્ર પાણીપતના યુદ્ધમાં માર્યો ગયો હતો, એટલે છત્રપતિએ માધવરાવને પેશ્વા પદ આપ્યું. આ સમયે એનો કાકો રઘુનાથરાવ (રાઘોબા) સગીર પેશ્વાના વાલી તરીકે વર્ચસ્વ ધરાવતો હતો. આ ઉપરાંત તે સ્વાર્થી અને કપટી તેમજ સંકુચિત બુદ્ધિનો હતો. તેને પાણીપતના પરાજયનું વેર વાળવાની જગ્યાએ ખટપટ શરૂ કરી .પરિણામે મરાઠી સત્તાને નુકસાન થયું. આ તકનો લાભ લેવા માટે નિઝામે પૂના પર મોટા લશ્કર સાથે આક્રમણ કર્યું. પરંતુ ઈ.સ 1761માં માધવરાવે તેને ઉટુલી પાસે ઘેરી પરાજય આપ્યો. અહિયાં પણ સ્વાર્થી રાઘોબા તથા તેના દીવાને નિઝામ સાથે સંધિ કરી નિઝામને છોડી મૂક્યો. તેનાથી મરાઠી સરદારો અને પેશ્વા પણ નારાજ થયા હતા.ઈ.સ. 1762માં પેશ્વા અને રાઘોબા વચ્ચે આંતર વિગ્રહ થયો એમાં થયેલી સંધિ પ્રમાણે રાઘોબાને વહીવટી સત્તા પ્રાપ્ત થઈ ઈ.સ. 1763માં પેશ્વાના સૈન્યે નિઝામઅલીની ફોઝને હરાવી. કર્ણાટકના હૈદરઅલી સાથે ત્રણ ત્રણ માયસોર વિગ્રહ થયા. ત્રીજા માયાસોર યુદ્ધ 1770માં હૈદરઅલીનો પરાજય થયો છેવટે ઈ.સ. 1771માં સંધિ થઈ બીજું બાજુ મરાઠા સરદારો ઈ.સ. 1770માં આગ્રા અને મથુરામાં જીત મેળવી

મહાદજી સિંધિયાએ ઉત્તર ભારતમાં જાટ, રોહિલા અને અફઘાનોને નમાવીને દોઆબ અને ફરુખાબાદ જીતી લીધા. ઈ.સ. 1771માં મહાદજી સિંધિયાએ રાજધાની દિલ્હી ઉપર અધિકાર જમાવ્યો ઈ.સ. 1772માં 28 વર્ષની ભર યુવાનીમાં પેશ્વા માધવરાવનું અવસાન થયું.

- **ગુજરાતમાં માધવરાવ - પહેલાના સૂબેદાર**

માધવરાવ પહેલાના અમલ દરમિયાન ગુજરાતમાં મરાઠાનાં સૂબેદાર આપાજી ગણેશ અને ગાયકવાડની સત્તા મજબૂત રીતે સ્થાપિત થયેલી હતી. તેથી ગુજરાતમાં નાના નાના છમકલાઓને બાદ કરતાં રજવાડા કે કોળીઓના બંડ-બળવા થયા હોય એવું જણાતું નથી. પેશ્વા અને ગાયકવાડના હક્ક હિસ્સા પૂર્વવત ચાલુ રહ્યા. માધવરાવનાં સમયમાં ગુજરાતમાં ગાયકવાડનો રાજકીય પ્રભાવ વધતો જણાય છે.

**1. સૂબેદાર આપાજી ગણેશ (ઈ.સ.1767)**

પેશ્વા બાલાજી બાજીરાવે ગુજરાતનાં સૂબેદારને પદે નિમેલા આપાજી ગણેશને માધવરાવે હોદ્દા પર ચાલુ રાખ્યો. એ ઈ.સ. 1767 સુધી આ હોદ્દાઓ પર રહ્યો .આપાજી ગણેશની સૂબેદારી દરમિયાન અમદાવાદ ખાતે ગાયકવાડનો નાયબ ત્ર્યંબક મુકુંદ હોદ્દા પર ચાલુ રહ્યો. તેઓ પોતપોતાના વિસ્તરનો વહીવટ કરવા ઉપરાંત વેરા પણ ઉઘરાવતા હતા. સૂબેદાર પેશ્વાની પેશકશ ઉઘરાવવા માટે વારંવાર મુલકગીરી સવારી કરતો . જ્યારે ગાયકવાડ તરફથી એનો પ્રતિનિધિ મુલકગીરી સવારી કરતો. આ સિવાય પેશ્વાની મહત્વની ઘટનાઓમાં પુણેની રાઘોબાએ સેનાપતિનો હોદ્દો જાધવ કુટુંબનાં રામચંદ્રને આપ્યો. સેનાપતિના હોદ્દાઓમાં ફેરફાર થયો પરંતુ ગુજરાતનાં તંત્રમાં કોઈ ફેરફાર થયો નહી, જોકે પેશ્વા માધવરાવે એક સનદ દ્વારા દમાજીરાવને પાટણ, બીજાપુર, સમી, મુંજપુર, વડનગર, વિસનગર, સિદ્ધપુર, ખેરાલુ અને રાધનપુર મરાઠી ફોજના સરંજામ અને ખર્ચ આપ્યા.

સત્તાલાલચી અને મહત્વકાંક્ષી રાઘોબાએ પેશ્વા માધવરાવ વિરુદ્ધ ખટપટો શરૂ કરી આંતર કલહ વધતાં છેવટે રાઘોબાએ પોતાનાં હોદ્દાનું રાજીનામું આપ્યું. ને પોતાની પ્રવૃતિઓ અલગ રીતે શરૂ કરી . પોતાના માટે દસ લાખ રૂપિયા અને પાંચ મહત્વના કિલ્લા માગ્યા, પરંતુ માધવરાવે તે સ્વીકાર્યું નહી તેથી રાઘોબાએ ગુપ્ત પ્રવૃતિઓ ચાલુ કરી, જેમાં જનોજી ભોંસલે અને નિઝામ અલીનો ટેકો મળ્યો , આમ બંને પક્ષો તૈયાર થયા દમાજીરાવે રઘુનાથ સાથે જોડવાનું પસંદ કર્યું. ઈ.સ. 10 ઓગષ્ટ 1763 માં રાક્ષસ ભુવન મુકામે લડાઈ થઈ , જેમાં પેશ્વાનો વિજય થયો દામાજીરાવ પર પેશ્વા નારાજ હતો.

**2. સૂબેદાર ગોપાલરવ (ઈ.સ. 1767-70)**

માધવરાવે સૂબેદાર તરીકે ગુજરાતમાં ૧૭૬૭માં ગોપાલરાવને અમદાવાદ મોકલાયો .જેને 1770 સુધી એ પદ પર રહી કામગીરી કરી અને અમદાવાદમા સરસપુર પાસે ગોપાલવાડી કરાવેલી.

પેશ્વા અને રાઘોબા વચ્ચેની ખટપટો ચાલુ રહી. રઘુનાથે પોતાના પક્ષે નિઝામઅલી, હૈદરઅલી દમાજીરાવ ગાયકવાડ, જાનોજી ભોંસલે અને બીજાઓ સાથે

વાટાઘાટો કરી પોતાનો પક્ષ મજબૂત કર્યો. પેશ્વા ને આ બાબતની જાણ થતાં તે ભારે રોષે ભરાયો અને લશ્કર તૈયાર કરી નાસિક તરફ કુચ કરી રઘુનાથરાવે પણ 15000નું લશ્કર બાગલણ અને નાસિકમાં ભેગું કરેલું એ લઈ એને સામેથી પુણે તરફ વળતી કુચ કરી જ્યારે દમાજીરાવ બીમાર હોવાથી જાતે ન આવી શક્યો પણ તેનો પુત્ર ગોવિંદરાવને એક લશ્કરી ટૂકડી સાથે રઘુનાથરાવની મદદમાં મોકલી આપ્યો. 10 જૂન 1768નાં રોજ ઘોડપનાં કિલ્લા આગળ છાવણી નાખી પડેલા રઘુનાથ પર પેશ્વા એ એકાએક હલ્લો કરી દુશ્મન દળને વેર વિખેર કરી નાખ્યું રઘુનાથરાવ અને ગોવિંદરાવ ગાયકવાડને કેદી બનાવી પુણે લઈ જવાયા.

દમાજીરાવ રાઘોબાનાં પક્ષે જોડાયો હોવાથી પેશ્વાએ તેને દંડ રૂપે 23 લાખ અને ખંડણીની બાકી રકમ તથા 'સેના ખાસ ખેલ' બિરુદ માન્ય રાખવાનું તેમજ નજરાણાની રકમ અને બીજી રકમ આમ કુલ ૫૦ લાખ રૂપિયા ગોવિંદરવ પાસેથી લેવાનું નક્કી કર્યું. તાઃ 18 ઓગષ્ટ 1768નાં રોજ દમાજી ગાયકવાડનું અવસાન થયું. ગાદી માટે તેના પુત્રોમાં સ્પર્ધા શરૂ થઈ સયાજીરાવ સૌથી મોટો હતો તેથી તે ગાદી માટેનો હક્કદાર હતો. પરંતુ તેનામાં રાજ્ય ચલાવવાની આવડત ન હતી, જ્યારે ગોવિંદરાવ સયાજીરાવથી નાનો હતો પણ તે પુણેમાં પેશ્વાનો કેદી હતો. ત્રીજા નંબરનો પુત્ર ફતેસિંહરાવ મહત્વાકાંક્ષી અને બુદ્ધિશાળી હતો. સયાજીરાવનો દાવો કરી, એ સત્તા મેળવવાની પ્રવૃતિઓ કરી રહ્યો હતો. ગાયકવાડ ભાઈઓનાં ગાદી માટેના ઝઘડાનાં સમાચાર જાણી પેશ્વાએ કડક ઠપકો આપતો પત્ર લખ્યો. કે હું કોઈ પણ પ્રકારના તોફાન શાખી લઈશ નહી રાજ્યનો વહીવટ સાંભળી લેવા હુકમ સાથે હું આપાજી ગણેશને મોકલી રહ્યો છુ. તમારે બધી સત્તા આપાજીને સોંપી દેવી તથા પોતાના તરફથી જે કોઈ રજૂઆત હોય તે રૂબરુમાં પુણે આવી કહેવી. એ અંગે મારો નિર્ણય આખરી અને તમાંમને બંધન કર્તાં રહેશે. અને જો આ હુકમનો આનાદાર થશે તો નુકશાન સહન કરવું પડશે .

પેશ્વાએ મૂકેલી શરતો અને 50 લાખ રૂપિયા આપવાનું ગોવિંદરાવે સ્વીકાર કર્યું. અને 'સેના ખાસ ખેલ'નું પદ પણ મેળવ્યું. એમ છતા તે પુણે છોડી ઈ.સ. 1768 સુધી વડોદરા જઈ શક્યો નહીં તો ફતેસિંહરાવ જેણે વડોદરાનો કબજો મેળવી લીધો હતો. પણ મોટાભાઈ સયાજીરાવનાં ગાદી હક્ક માટે બે વર્ષ સુધી પેશ્વા સમક્ષ રજૂઆત કરી ન હતી. આખરે સયાજીરાવ ગાયકવાડે ફતેસિંહરાવને પોતના હિતોનો મુખત્યાર બનાવી, પેશ્વા દ્વારા ગોવિંદરાવને અપાયેલી માન્યતા રદ કરાવવા પેશ્વા પાસે મોકલ્યો. પેશ્વાએ પણ સમય પારખી જઈ સયાજીરાવના ગાદી હક્ક દાવા માટેના પ્રશ્ન પોતાના દરબારના ખ્યાતનામ ન્યાયશાસ્ત્રી રામરાવ શાસ્ત્રીને સુપરત કર્યો. અને ચુકાદો આપવા જણાવ્યું રામરાવ શાસ્ત્રીએ સયાજીરાવને કાયદેસરનો હક્કદાર ઠરાવ્યો. અને 'સેનાખાસખેલ'ના પદ માટે કાયદેસર હક્કદાર જાહેર કર્યો. એ પરથી પેશ્વાએ ગોવિંદરાવની તરફેણમાં આપેલ નિર્ણય રદ કર્યો . અને સયાજીરાવનો હક્ક સ્વીકાર્યો. પરંતુ સયાજીરાવ નબળો હોવાથી નાયબ તરીકે ફતેસિંહને નિમ્યો અને ગોવિંદરાવની સદંતર અવગણના ન થઈ શકે માટે, એને વાર્ષિક બે લાખ રૂપિયા અને પાદરા જાગીર તરીકે અપાયા પરંતુ એ

*ગાયકવાડોના પૂર્વજોના દાવાદી ગામમાં રહે એવું નક્કી કરવામાં આવ્યું પંરતુ આ ઉકેલ ગોવિંદરાવને મંજૂર ન હતો. તેથી બને ભાઈઓ એક બીજાના શત્રુ બની અંગ્રેજ – મરાઠા વિગ્રહમાં સામસામી છાવણીમાં ભાગ લેતા રહ્યા.*

### 3. સૂબેદારની હેરીફેરી (ઈ.સ. 1770 - 1780)

*પેશ્વાએ પુનઃ આપાજી ગણેશને સૂબેદાર તરીકે નિયુક્ત કરી અમદાવાદ મોકલ્યો તે આ પદ પર બે વર્ષ સુધી રહ્યો હતો ત્યારબાદ તેને સ્થાને ત્ર્યંબક નારાયણ ને સૂબેદાર બનાવ્યો તે 1771 થી 1774 સુધી સૂબેદાર રહ્યો પેશ્વા તરફથી પાંચ સૂબેદાર થયા પરંતુ ગાયકવાડ વતી નાયબ તરીકે ત્ર્યબક મુકુંદ અમદાવાદ રહેલો જોવા મળે છે.*

- **માધવરાવ નું અવસાન**

*ઈ.સ. 1772માં માધવરાવ બાહ્ય તેમજ આંતરિક મુશ્કેલીઓ સામે સતત ઝઝૂમયો. સખત કામગીરી તથા અવાર નવારની ચિંતાથી તેને ક્ષય રોગ લાગુ પડ્યો. પ્રખ્યાત દેશી તથા યુરોપીયન વૈધ આ રોગ મટાડી શક્યા નહી. મૃત્યુ પહેલાં તેણે હૈદરની શરણાગતિ તથા ઉત્તરની સફળ કામગીરીના સુખદ સમાચાર સાંભળ્યા. તેણે મરતાં પહેલાં નારાયણરાવની સંભાળ રાખવાનું રાઘોબાને સૂચવ્યું . તેમજ બનારસ, ગયા, વગેરે હિન્દુ તીર્થધામોને મુસ્લિમ શાસનમાથી મુક્ત કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. માતા ગોપિકાબાઈને બધી સુવિધા આપવાની તથા દાન પુણ્ય ચાલુ રાખવાની છેલ્લી ઈચ્છા સાથે તા 18 નવેમ્બર 1772 ના રોજ તે અવસાન પામ્યો. તેની પત્ની રમાબાઈ સતી થઈ.*

### 13.3.3 પેશ્વા નારાયણરાવ (ઈ.સ. 1772 - 1773*)*

*માધવરાવનું અવસાન થતાં એની જગ્યાએ એનો સત્તર વર્ષનો નાનો ભાઈ નારાયણરાવ પેશ્વા બન્યો. પરંતુ સત્તાલોભી અને પ્રપંચી રઘુનાથરાવે 30 ઓગષ્ટ , 1773મા તેની હત્યા કરાવી પોતે પેશ્વા બની ગયો. પેશ્વા નારાયણરાવની વિધવા ગંગાબાઈએ પુત્રને જન્મ આપતા રઘુનાથરાવને સ્થાને એ બાળકને પેશ્વા ને સ્થાને બેસાડવા નાના ફડનવીસની આગેવાની નીચેના મરાઠા મંત્રી મંડળે જોરદાર પ્રયાસ કર્યો.*

*રઘુનાથરાવ પેશ્વા બનતાં ગોવિંદરાવ ગાયકવાડે તેની સાથે મુલાકાત કરી ભૂતકાળમાં તેણે ઘોડપ ખાતે કરેલી મદદની યાદ અપાવી, પોતાને વડોદરાના ગાયકવાડ તરીકે 'સેના ખસ ખેલ'નો ખિતાબ પુનઃ આપવા રજૂઆત કરી. જેને પેશ્વાએ મંજૂર રાખતા ગોવિંદરાવે ફતેસિંહને ગુજરાતમાંથી દૂર કરવા લશ્કરી કાર્યવાહી શરૂ કરી. જેમાં કડીના જાગીરદાર ખંડેરાવે ગાયકવાડને મદદ કરતાં વડોદરાનો ઘેરો ઘાલ્યો. ગોવિંદરાવે મુંબઈની અંગ્રેજ સરકાર પાસે પણ મદદ માંગી.*

### 13.3.4 પેશ્વા માધવરાવ રજો *( ઈ.સ. 1773 થી 1795)*

*નારાયણરાવની વિધવા પત્ની ગંગાબાઈએ 18 એપ્રિલ 1774મા પુરંદર મુકામે પુત્રને જન્મ આપ્યો. આ સમાચાર સાંભળી રાજ્યમાં આનંદનું મોજું ફરી વળ્યું. બાળકને ખોટું ઠરાવવાના રઘોબાના જૂના પ્રયાસો નિષ્ફળ ગયા. સવાઈ માધવરાવની 40 દિવસની*

ઉંમરે છત્રપતિ રાજાએ તાઃ 28 મે 1774ના રોજ બાળક સવાઈ માધવરાવને પેશ્વા જાહેર કરવામાં આવ્યો. અને રઘુનાથરાવને પેશ્વાના પદેથી પદભ્રષ્ટ કરવામા આવ્યો. એટલે રાઘોબા હવે કોઈપણ પ્રકારે અન્યની મદદ મેળવી લડી લેવા માંગતો હતો. સિંધિયા, હોલ્કર જેવા સરદારોનો સાથ મેળવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. હવે રઘુનાથરાવને ત્યાં ટકવું મુશ્કેલ લાગતાં તાઃ 10 ડિસે.1774ના રોજ બુરહાનપૂરની છાવણી ઉઠાવી લઈ ગુજરાત તરફ કુચ કરી. તાઃ 3જી જાન્યુ.1775માં ગોધરા પહોચ્યો. તો સિંધિયા, હોલ્કર અને મંત્રી મંડળના મરાઠા લશ્કરની આગેવાની લઈ હરિપંત ફડકે એની પાછળ એને પકડવા પીછો કર્યો. પરંતુ રાઘોબા વડોદરાના ગોવિંદરાય ગાયકવાડની મદદથી મહી નદી ઓળગી હાલના વાસદ પાસે પડાવ નાખ્યો. જ્યાં હરિપંત અને રાઘોબો વચ્ચે બે અઠવાડિયા સુધી વાટાઘાટો થઈ અને અંતે હરિપંત ફડકે એ 17 ફેબ્રુ. 1775માં હુમલો કર્યો. તેમાં રઘુનાથરાવનો સખત પરાજય થયો. તે મહામુશ્કેલીએ જીવ બચાવી ખંભાત તરફ ભાગ્યો ત્યાં આશ્રય ન મળતા ભાવનગરમાં થઈ હોડીમાં બેસી તાઃ 23 ફેબ્રુ. 1775 સુરત પહોચ્યો.

- **સુરત સંધિઃ**

તાઃ 6 માર્ચ 1775ના રોજ અંગ્રેજો અને રાઘોબા વચ્ચે સંધિ થઈ તેની શરતો માં 1. અંગ્રેજોએ રાઘોબાને 2500 સૈનિકોની સહાય આપવાની કબૂલાત આપી. 2. રાઘોબાએ આ ટુકડીના નિભાવ માટે દર માસે આગળથી રૂ.દોઠ લાખની રકમ આપવી. 3. રાઘોબાએ છ લાખ અથવા એટલી જ રકમનું ઝવેરાત અંગ્રેજો પાસે અનામત મૂકવું. 4. થાણા, વસઈ, સાલસેટ, જંબુસર તથા ઓલપાડ તાલુકા તેને અંગ્રેજોને સોપવા . અંગ્રેજો તરફથી કર્નલ કિટિંગ 1500 ફોજ સાથે ફેબ્રુઆરીના અંત ભાગમાં સુરતમાં રાઘોબાને મળ્યો. તેને હરિપંત સાથે વારંવાર સંઘર્ષમાં ઊતરવું પડ્યું હતું. આ રીતે મરાઠા અંગ્રેજો વચ્ચે લાંબા સંઘર્ષની શરૂઆત થઈ તેનો પ્રારંભ ગુજરાતથી થયો.

બીજી બાજુ રાઘોબાના ટેકેદારો ગોવિંદરાવ ગાયકવાડ અને ખંડેરાવ ગાયકવાડે પોતાના મજબૂત થાણા કપડવંજમાં જતા રહયા. ફતેસિંહે પણ પરિસ્થિતી પામી જઈ અંગ્રેજો સાથે સુમેળ રાખવાની નીતિ અપનાવી તો ખંભાતના નવાબો પણ રાઘોબા સાથે ઔપચારિક મુલાકાત લઈ એને પોતાનો ઉપરી માને છે એમ બતાવવા ભેટ સોગાદ આપી ગોવિંદરાવ પણ લશ્કરી ટુકડી સાથે રાઘોબા સાથે જોડાયો જ્યારે જાગીરદાર ખંડેરાવ ફતેસિંહના પક્ષે જોડાયો. સામે પક્ષે મરાઠા –મંત્રીમંડળ નું લશ્કર 5000ના પાય દળ સહિત 25000 હજારનું થયું હતું.

- **સવાઈ માધવરાવનું મૃત્યુઃ**

પેશ્વા માધવરાવ બીજાનું અવસાન તાઃ 27 ઑક્ટો. 1795ના રોજ થયું હતું તેના મૃત્યુ અંગે મતભેદ છે. નાના માધવરાવ પર સખત જાપ્તો રાખતો હતો તેથી તેને અકળામણ થતી હતી તેમ કહેવાય છે. માધવરાવ બલવંતરાય નામના સેવક મારફતે બાજીરાવ બીજા સાથે પત્ર વ્યવહાર કરતો નાના પાસે આ પત્ર આવતા તેણે માધવરાવને ઠપકો આપ્યો અને બલવંતરાય ને જેલમાં પુર્યો માધવરાયના સ્વમાનને ઠેસ પહોચી તેથી તેણે 27 ઑક્ટો.1795ના રોજ મહેલની બાલ્કનીમાથી પડતું મૂકીને જીવનનો અંત આણ્યો. બીજા

*મત પ્રમાણે તેને વાઈનો રોગ હતો અને વાઈનો હુમલો થતાં તે પડી ગયો અને મૃત્યુ પામ્યો બે માંથી ખરું શું તેનો યોગ્ય પુરાવાને અભાવે નિર્ણય કરવો મુશ્કેલ છે. પરંતુ નાના તેના પર કડક દેખ રેખ રાખતા હતા તે હકીકત નિઃશંક છે.*

**13.3.5 પેશ્વા બાજીરાવ ૨જો** *(ઈ.સ.1795 થી 1818)*

*પેશ્વા માધવરાવના અવસાન પછી પેશ્વા પદ માટે સંઘર્ષ થયો. જેમાં રાઘોબાના ત્રણ પુત્રો બાજીરાવ, ચીમનાજી તથા અમૃતરાવ પેશ્વા પદના ઉમેદવાર હતા. પહેલા ચીમનાજીને પેશ્વા બનાવવામાં અને પછી નાનાએ પોતાના લાભ ખાતર 6 ડિસે. 1796ના રોજ બાજીરાવને પેશ્વા જાહેર કર્યાં. નાના એ સત્તા ટકાવવા વફાદાર પરશુરામની અવદશા કરી તથા શિંદે, શર્ઝરાવઅને બાજીરાવની ત્રિપુટી હસ્તક રાજયનો વહીવટ મૂક્યો તેના ઘણા ખરાબ પરિણામો મરાઠાઑ અને નાનાને ભોગવવા પડ્યા.*

*બાજીરાવ બીજાએ પેશ્વા પદ ધારણ કર્યા પછી ગુજરાતમાં તેણે ચીમણાજીને સૂબેદાર તરીકે નિમ્યો. અને મરાઠા રીત પ્રમાણે તેના નાયબ તરીકે આબા શેલુકરને મોકલ્યો.*

- **આબા શેલુકાર અને ગોવિંદરાવ વચ્ચે સંઘર્ષ**

*પેશ્વાની ઈચ્છા હતી કે ગુજરાતનાં પ્રાંત તેને પાછા મળે વળી આબા શેલુકર અને ગોવિંદરાવ વચ્ચે સંઘર્ષ થાય તેવી પણ ઈચ્છા હતી કારણ કે પેશ્વા શેલુકરને નાના ફડનવીસનો અને ગોવિંદરાવને સિંધિયા તરફી સમજતો હતો. તો ગોવિંદરાવ પેશ્વાને ચુકવવાના 40 લાખ રૂપિયા બાકી હતા તેથી આબા શેલુકર પ્રત્યે સદભાવ પણ હતો. તેથી ગોવિંદરાવના મંત્રી રાવજી આપાએ શેલુકરને દસ લાખા રૂપિયાની વ્યવસ્થા કરી હતી, પણ રકમ પાછી આપવાની બાબતે બબાલ થતાં આખી વાત ગોવિંદરાવ સમક્ષ ગઈ તેથી શેલુકર સામે લશ્કરી કાર્યવાહીની તૈયારી શરૂ કરવામાં આવી. તેમાં અંગ્રેજ પ્રતિનિધિ જોનાથન ડંકનની મદદ માંગી પરંતુ ડંકને સુરતની આસપાસનો અને સુરત શહેરમાથી જેટલી ચોથ ગાયકવાડના હિસ્સામાં હતી તેની માંગણી કરી. તેથી ગોવિંદરાવે જણાવ્યુ કે તે માટે સાલબાઈ કરારનો ભંગ થાય, તેથી પુણેની સંમતિ લેવી પડે તેથી ગોવિંદરાવે શેલુકર સામે સક્રિય પગલું લીધું. શિવરામ ગાર્દીને મોટી ફોજ, તોપ, દારૂગોળો, વગેરે આપી શેલુકર સામે મોકલ્યો ગાર્દીએ અમદાવાદનો ઘેરો ઘાલ્યો છેવટે એને શેલુકરને શહેર સોપવાની ફરજ પડી શેલુકર પાસે 5000 અરબ અને 10000ની બીજી ફોજ હતી છતા હાર્યો. કારણ કે તે નાચગન જોવાની ટેવ અને પ્રજા પર ગુજારેલા ત્રાસ અને દમનથી પ્રજામાં અપ્રિય હતો. શેલુકરને કેદી બનાવી ગાયકવાડના સેનાપતિ બાલાજીએ એને બોરસદના કીલ્લામાં રાખ્યો જ્યાં તે સાત વર્ષ સુધી નજર કેદમાં રહ્યો .*

*અમદાવાદનો કબજો મેળવ્યા બાદ ગાયકવાડના સૂબેદાર તરીકે રાવબાદાદા થોડો સમય રહ્યો ને એના પછી રઘુનાથ મહિપંત આવ્યો જે કાકા સાહેબના નામથી લોકપ્રિય બન્યો. તેને ઈ.સ. 1809 સુધી સરસુબા તરીકે વહીવટ ચલાવ્યો. શેલુકરને કેદ કર્યા બાદ ગાયકવાડને ઉત્તર ગુજરાતમાં જે પેશ્વાનો આધિપત્યોવાળા વિસ્તાર પર આધિપત્ય હાસલ કર્યું. પરંતુ પેશ્વા બાજીરાવ બીજાએ પોતાના ભાઈ ચીમણાંજીની સુબા તરીકેની નિમણૂકને*

*રદ બાતલ ન કરતાં ગોવિંદરવ ગાયકવાડને ગુજરાતમાના પોતાના તમામ હક્ક વાર્ષિક ૫ લાખ રૂપિયાના હિસાબથી પાંચ વર્ષ માટે મળ્યા. આ હકકોમાં સૌરાષ્ટ્ર તથા સોરઠની મહેસૂલ, પેટલાદ, નાપાડ, શાણપૂર ધંધુકા અને ઘોઘાનું મહેસૂલ તથા ખંભાતમાં થોડી જકાતો અને અમદાવાદનો મહેસૂલનો સમાવેશ થયો હતો.*

- **વડોદરા રાજયમાં રાજકીય અસ્થિરતા :**

*ઈ.સ.1800 સપ્ટેમ્બર માહિનામાં ગોવિંદરાવનું અવસાન થતાં તેનો પુત્રોમાં ગાદી પ્રાપ્ત કરવા ઘર્ષણ શરૂ થયું. બીજી બાજુ આ સમયે વડોદરા રાજ્ય આર્થિક દ્રષ્ટિએ ઘણું નબળું, વહીવટીતંત્રમાં ગેરવ્યવસ્થા જોવા મળતી તો ભાડૂતી સૈનિકો આરબોનું રાજયમાં ઘણું જોર હતું,*

*ગાદી માટે હક્કદાર પુત્રોમાં કન્હોજીરાવ મોટો હતો, પરંતુ ગોવિંદરાવની મુખ્ય રાણી ગહેનાં બાઈના પુત્ર આનંદરાવને ઈ.સ. 1800 રાજગાદી આપવામાં આવી પરંતુ આનંદરાવ રાજય ચલાવવા માટે નિર્બળ હોવાથી વહીવટી સમિતિ નીમવામાં આવી તેમાં દીવાન રાવજી આપાજી મુખ્ય હતો દીવાન રાવજી આપાજી આનંદરાવના રાજ્યરોહણ પ્રસંગે બહારગામ હોવાથી આ તકનો લાભ લઈ કન્હોજી રાવે ભાઈ આનંદરાવના સલાહકારોના સંપર્ક સાધી આનંદરાવ નો વિશ્વાસ મેળવી પોતાની નિમણૂક મુતાલિક તરીકે કરાવી રાજયનો અગત્યનો વહીવટદાર બની બેઠો પરંતુ એને કેદ કરી રાવજીને ફરી વહીવટી સુકાની બનાવવામાં આવ્યો તો કન્હોજી રાવ ની માતા ગજરબાઈ સુરતમાં શરણાર્થી હતી તેનો ત્યાનાં અંગ્રેજો અને કડીના જાગીરદાર મલ્હાર રાવનો સંપર્ક સાધ્યો .*

*વડોદરા રાજ્યના શાસનની ધુરા રાવજી અને બાલાજી આ બે ભાઈએ એ સંભાળી લીધી હતી રાવજીએ મુલ્કી અને બાલાજીએ લશ્કરી કામગીરી સંભાળી હતી. એમને ગજરબાઈની પ્રવૃતિઓના સમાચાર મળતા મુંબઈ સરકાર પાસે રજૂઆત કરી આમ બંને હરીફ પક્ષોએ મુંબઈના ગવર્નર ડંકન પાસે રજૂઆત કરતાં ગવર્નરે વોકરને રાવજી અને મલહારરાવ વચ્ચે લવાદી કરવા મોકલ્યો. ૨૯ જાન્યુ.1802માં મેજર વોકર વડોદરા પહોચી પરિસ્થિતિનો તાગ મેળવી લીધો અને દિવાન રાવજી અને બાબાજીના લશ્કર જોડાઈ જાય બંને લશ્કરી કામગીરી કરે તે પહેલાં જ કડીનો મલહારરાવ શરણે આવી જતાં તેને નડિયાદ રહેઠાણ આપવામાં આવ્યું પેટા વિભાગના મહેસૂલથી મોટી રકમ નિભાવ માટે આપવાનું નક્કી કરવામાં આવ્યું મલહારરાવ પાસેથી સંખેડાનો કિલ્લો પણ લઈ લેવામાં આવ્યો તેથી જુલાઈ 1802માં શાંતિ સ્થપાઈ .*

- **વસાઈ કરાર**

*મુંબઈ સરકાર અને વડોદરા સરકાર વચ્ચે જે સહાયકારી-સંધિ પ્રકારના કરાર થયા (6 જૂન 1802) તેને મહારાજા આનંદરવે બહાલી આપતા 29 જુલાઈ 1802માં સત્તાવાર કરાર બન્યા.*

- **પેશ્વા અને અંગ્રેજો વચ્ચેનો કરાર**

*નાના ફડનવીસનું અવસાન તા 13 માર્ચ 1800 પછી પેશ્વા બાજીરાવ અને દોલતરાવ સિંધિયા પરના તમામ અંકુશ જતા રહ્યા હતા. સિંધિયા અને હોલકરની પરસ્પરની વિરોધી*

*પ્રવૃતિઓ અને અંગ્રેજ સરકારનું મરાઠા રાજકારણમાં વધતી જતી દરમિયાંગીરીને લીધે પેશ્વા ને છેવટે 31 ડિસે. 1802 માં વસાઈના કરાર કરી આપવા પડયો.*

- *બાજીરાવના પ્રદેશોનું રક્ષણ કરવાની જવાબદારી*
- *પેશ્વા એ સહાયક લશ્કરી દળ રાખવાનું સ્વીકાર્યું એના ખર્ચ માટે 26 લાખની ઉપજ વાળો પ્રદેશ*
- *સુરતનો વાર્ષિક 12,28,000ની મુખ્યહતો.*

*પેશ્વા એ ગાયકવાડે અંગ્રેજો સાથે મિત્રતા ના કરાર કર્યા હોય તે માન્ય રાખવાના અને જો કોઈ પ્રશ્ન ઊભો થાય તો અંગ્રેજોની મધ્યસ્થી સ્વીકારવાની.*

- **મેજર વોકરનું કાર્ય**

*પેશ્વા એ ગાયકવાડને આમદવાદનો ઈજારો ફરી લંબાવી આપ્યો એ બાબત ખૂબ સૂચક હતી. પેશ્વા આ સમયે અંગ્રેજો સામે એક મરાઠા સંઘ રચવાની યોજના કરી. તેથી વડોદરાના ગાયકવાડ ને ૧૦ વર્ષ માટે અમદાવાદનો ઈજારો આપ્યો.*

*સૌરાષ્ટ્રની મુલક ગીરી : ૧૮મી અને ૧૯મી સદીના આરંભમાં સૌરાષ્ટ્રમાં રાજકીય સ્થિતિ માટે ગુંચવડવાળી વ્યવસ્થાતંત્ર વગરની અને રાજકીય કુસંપો, લડાઈ તેમજ અરાજકતા વાળીહતી, ત્યાં રાજકીય એકતાનો અભાવ હતો.*

- **પુણે કરાર**

*ઈ.સ. 1817ના વર્ષનું પ્રારંભનું રાજકીય વાતાવરણ બ્રિટિશ સત્તા વિરુદ્ધ જામી રહ્યું હતું મોટા યુદ્ધની તૈયારી આ રાજાઓ અને આગેવાનો તરફથી પેશ્વાને મરાઠા સંઘના અધ્યક્ષ તરીકે લેવાનો અનુરોધ હતો.*

*એલ્ફિન્સ્ટને પેશ્વા સાથે નવો કરાર કરવાની મંજૂરી ગવર્નર – જનરલ પાસેથી મેળવી રજૂ કર્યો તા:1 જૂન 1817 માં પેશ્વાની સહી કરવા રજૂ કર્યો પેશ્વા એ 13 જૂન 1817ના રોજ સહી કરી જે પૂણે કરાર નામે ઓળખાય છે. પુણે કરારની જોગવાઈઓ નીચે પ્રમાણે છે .*

- ➢ *પેશ્વા એ ત્ર્યંબકજીને ગંગાધર શાસ્ત્રીની હત્યા કરવા માટે ખૂની જાહેર કરી ધરપકડ કરી બ્રિટિશ હવાલે કરવાનું સ્વીકાર્યું.*
- ➢ *મરાઠા સંઘને વિખેરી નાખવું અને ભારતીય રાજાઓ પરની એની સર્વોપરી સત્તના આખરી અંત આવ્યાનું સ્વીકાર્યું .*
- ➢ *બધા જ એલચીઓ અને પ્રતિનિધિઓને પાછા બોલાવવાનું અને એમની સાથે પત્રવ્યવહાર કરવાનું તેમજ મહારાષ્ટ્ર બહાર આવેલા બધા જ પ્રદેશો બ્રિટિશ સરકારને આપવાનું તથા સહાયક દાળ રાખી એના ખર્ચ પેઠે 34 લાખ રૂપિયા આપવાનું સ્વીકાર્યું.*

*આમ મરાઠા સમવાય સંઘ છેવટમાં અને જાહેર રીતે વિખેરી નાખવામાં આવ્યો. આમ આ રીતે 'પુણે કરાર' કરાવી પેશ્વાની મરાઠા સરદારોમાં ઉચ્ચ સ્થાન લેવાની કે જાળવી રાખવાની મહેચ્છાને કચડી નાખી.*

- **ગુજરાતમાં પેશ્વાઈ સત્તાનો અંત અને બ્રિટિશ સત્તાનો પ્રસાર**

*ગુજરાત સબંધમાં પુણે કરારની જોગવાઈઓ સ્પષ્ટ બનાવાઈ હતી. પેશ્વા અને ગાયકવાડ વચ્ચેના હક્કદાવાઓની વાટાઘાટનો અંત લાવવામાં આવ્યો હતો.પેશ્વાએ ગાયકવાડના તાબાના કોઈપણ પ્રદેશ પર હક્કદાવો કરવાનો ન હતો અને વાર્ષિક 4 લાખ રૂપિયાનોહક્ક પણ જતો કરવામાં આવ્યો હતો જ્યારે સૌરાષ્ટ્રના પેશ્વના જે હક્કો હતા તે બ્રિટિશ સત્તાને સોપીં દીધા. અન્ય પ્રદેશો જંબુસર, આમોદ,દેસબોરા, ડભોઈ, બહાદુરપુરા અને સાવલી હતું.*

*અમદાવાદ અને ઓલપાડ સિવાય બીજા બધા પ્રદેશ આપી દીધા આમ નર્મદા નદીની ઉત્તરે આવેલા પ્રદેશના પોતાના બધા હક્ક પેશ્વાએ બ્રિટિશ સરકારને સોપી દીધા આમ ગંગાધર શાસ્ત્રીની હત્યામાથી જે પરિણામ આવ્યા તેનાથી પેશ્વાને જ ભારે નુકસાન થયું તેથી ગુજરાતમાં તેની સત્તા અને અધિકારનો કાયમ માટે અંત આવી ગયો.*

**તમારી પ્રગતિ ચકાસો -1**

1. *પેશ્વા બાલાજી બાજીરાવના સમયની ગુજરાતની રાજકીય સ્થિતિનું વર્ણન કરો.* (10 *થી* 15 *લીટીમાં)*

________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________

2. *ગુજરાતમાં માધવરાવ-પહેલાના સુબેદારોની કામગીરીનું મૂલ્યાંકન કરો.* (10 *થી* 15 *લીટીમાં)*

________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________

**અ. નીચેનાં વિધાનોમાથી કયાં સાચા (√) અને ક્યા ખોટાં (X) છે તે દર્શાવો.**

1. *છત્રપતિ શાહુજીએ બાલાજી બાજીરાવને પેશ્વા પદના વસ્ત્રો મોકલાવ્યા હતા.*
2. *ઈ.સ. 1753માં અમદાવાદ મરાઠાઓના હસ્તક થયું હતું.*
3. *બાલાજી બાજીરાવનું પાણીપથના યુદ્ધમાં અવસાન થયું હતું.*
4. *માધવરાવ-1 લો 16 વર્ષની ઉંમરે પેશ્વા બન્યો હતો.*
5. *રાક્ષસ ભુવનની લડાઈમાં રાધોબાએ પેશ્વાનો પરાજય કાર્યો હતો.*

**તમારી પ્રગતિ ચકાસો-2**

1. *પેશ્વા માધવરાવ બીજાની રાજકીય સ્થિતિની સમીક્ષા કરો.*

_______________________________________________________
_______________________________________________________
_______________________________________________________
_______________________________________________________
_______________________________________________________
_______________________________________________________
_______________________________________________________

2. *પેશ્વા બલાજીરાવના બીજાના સમયમાં સાલા શેલુકાર અને ગોવિંદરાવ વચ્ચેનો સંઘર્ષનું વર્ણન કરો.*

_______________________________________________________
_______________________________________________________
_______________________________________________________
_______________________________________________________
_______________________________________________________
_______________________________________________________
_______________________________________________________

**બ. નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.**

1. *રઘુનાથરાવ પેશ્વા નારાયણરાવ હત્યા કરીને પોતે પેશ્વા બની ગાયો હતો.*
2. *સવાઈ માધવરાવ* _________ *દિવસની ઉંમરે પેશ્વા જાહેર કરવામાં આવ્યો હતો.*
3. *સુશીની સંધિ* _______________ *તારીખે અંગ્રેજો અને રાધોલા વચ્ચે થઇ હતી.*
4. *તા. ૬ ડિસેમ્બર ૧૭૯૬ના રોજ* _________ *ને પેશ્વા જાહેર કરવામાં આવ્યો હતા.*
5. *ઈ.સ. ૧૮૧૭માં એલ્ફિસ્ટને* ________________ *કરાર કરાવ્યો હતો.*

## 13.4 સારાંશ

*ગુજરાતમાં સૌપ્રથમ જયારે છત્રપતિ શિવાજી મહારાજે સુરત પર બે વાર લૂંટ કરવા આક્રમણ કર્યું હતું ત્યારથી મરાઠાઓનું ગુજરાતમાં આગમન શરુ થયું હતું. ઈ.સ.*

1707માં મુઘલ બાદશાહ ઔરંગઝેબના અવસાન બાદ ગુજરાતમાં મરાઠાઓનું શાસન વધારવામાં આવ્યું હતું. પેશ્વા બાલાજી વિશ્વનાથને ઈ.સ.1716માં ગુજરાતમાં સત્તાનો વિસ્તાર કરવા માટે ખંડેરાવ દભાડેને સરદારી આપી હતી. પરંતુ તે પોતે દક્ષિણ ભારતના રાજકારણમાં રોકાયેલો હતો તેથી કંથાજી કદમ, દમાજી ગાયકવાડ અને પિલાજી ગાયકવાડને ગુજરાતનો વહીવટ અને સત્તા માટે મોકલતા હતા.

ઈ.સ. 1740 થી ઈ.સ. 1818ની ગુજરાતની રાજકીય સ્થિતિ જોતાં એવું ચોક્કસ કહી શકાય છે કે શરૂઆતમાં મુઘલ શાસકો અને મરાઠાઓની સત્તા ગુજરાતમાં જોવા મળે છે. પેશ્વા બાલાજી બાજીરાવ તેમના સુબેદારો દ્વારા ગુજરાતમાં મરાઠા સત્તાને મજબૂત કરેલી જોવા મળે છે. ત્યાર બાદ માધવ- પહેલો, નારાયણરાવ, સવાઈ માધવરાવના સમયમાં પણ ગુજરાતમાં અને મરાઠાવાડમાં પેશ્વાઓ વચ્ચે અનેક જૂથબંધીઓ જોવા મળે છે. તેની અસર ગુજરાતની રાજકીય સ્થિતિ પર પડે છે. ગુજરાતમાં વડોદરામાં ગાયકવાડી શાસન સ્થપાયું હતું અને ગુજરાતમાં અનેક વિસ્તારમાં મુલક્ગીરી સવારી કરાતા હતા. ત્યારબાદ અંગ્રેજો પણ ગુજરાતમાં પોતાની સત્તા મજબૂત કરતા જણાય છે અને ઈ.સ. 1817ની પૂણે કરારની ગુજરાતમાંથી ઈ.સ.1818માં મરાઠા સત્તાના અંત આવેલો જોવા મળે છે.

## 13.5 તમારી પ્રગતિ ચકાસો ના જવાબો.

**અ.** 1. √, 2. √, 3. X, 4. √, 5. X

**બ.** **ખાલી જગ્યાઓ.**

(1.) પેશ્વા નારાયણરાવની (2) 40 દિવસની (3) 6 માર્ચ 1775

(4) પેશ્વા બાજીરાવ બીજો (5) પૂણે કરાર.

## 13.6 સંદર્ભ પુસ્તકો


1. પરીખ રસીકલાલ છોટાલાલ અને હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી (સંપા) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-7 મરાઠાકાલ (ઈ.સ.1758 - 1818), ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, પુનમુદ્રણ-2011.
2. શુકલ જયકુમાર આર, સલ્તનતન, મુઘલ તથા મરાઠા સમયના રાજકીય સિદ્ધાંતો અને સંસ્થાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, 1983.
3. પારેખ હીરાલાલ ત્રિભુવનદાસ અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ.
4. મગનલાલ વખતચંદ અમદાવાદનો ઈતિહાસ (મરાઠાયુગ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ચોથી આવૃત્તિ-2016
5. શાહ મનુભાઈ, ભારતનો ઈતિહાસ (મરાઠાયુગ) યુનિવર્સિડી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ચોથી આવૃત્તિ-2016.

| એકમ :- 14 | વડોદરા ગાયકવાડી રાજયોનો ઈતિહાસ – ગોવિંદરાવ, સયાજીરાવ પહેલો, ફતેસિંહરાવ પહેલો,માનજીરાવ, ગોવિંદરાવ, આનંદરાવ. |
|---|---|

રૂપરેખા :

**14.0** ઉદ્દેશો

**14.1** પ્રસ્તાવના

**14.2** ગોવિંદરાવ

**14.3** સયાજીરાવ પહેલો

**14.3.1** સયાજીરાવ પહેલાની કામગીરી

**14.3.2** ફતેસિંહરાવ અને ગોવિંદરાવ વચ્ચે વિગ્રહ

**14.3.3** સયાજીરાવ પહેલાનું અવસાન

**14.4** ફતેસિંહરાવ પહેલાનું

**14.4.1** કૂંઢેલા કરાર

**14.4.2** સાલબાઈના કરાર

**14.4.3** ફતેસિંહરાવ પહેલાનું અવસાન

**14.5** માનાજીરાવ ગાયકવાડ

**14.6** ગોવિંદરાવ ગાયકવાડ

**14.6.1** કાન્હોજીરાવ તરફથી અવરોધો

**14.6.2** આબા શેલુકર સાથે ઘર્ષણ

**14.6.3** ગોવિંદરાવનું અવસાન

**14.7** આનંદરાવ ગાયકવાડ

**14.7.1** બ્રિટીશ દરમિયાનગીરીનો પ્રારંભ

**14.7.2** દીવાન રાવજી આપાજીનું અવસાન

**14.7.3** ફતેસિંહરાવનું પુનરાગમન

**14.7.4** ગાયકવાડ અને મરાઠા વિગ્રહો

**14.8** ફતેસિંહરાવ (બીજો) ગાયકવાડ (રાજયપાલક)

**14.8.1** સૌરાષ્ટ્રમાં ગાયકવાડની સત્તા

**14.8.2** વોકરનું સમાધાન

**14.8.3** ગાયકવાડની મુશ્કેલીઓ

**14.8.4** પેશ્વાના હક્ક દાવા

**14.8.5** વડોદરામાં જૂથબંધી

14.8.6 સીતારામની ખટપટોનો અંત
14.8.7 ગાયકવાડનું અંગ્રેજ વિરોધી વલણ
14.8.8 ઓખામંડળના બંખેડા
14.8.9 પૂણે કરાર
14.9 સમાપન
14.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
14.11 સંદર્ભ ગ્રંથ

## 14.0 ઉદ્દેશો

*આ એકમમાં*

- *વડોદરાના ગાયકવાડી રાજ્યનો ઈ.સ.*1768 *થી* 1818 *સુધીનો રાજકીય ઈતિહાસ જાણી શકાશે.*
- *ગાયકવાડી શાસકોની રાજકીય ગતિવિધિઓ જાણી શકાશે.*

## 14.1 પ્રસ્તાવના

*આપણે એકમ* 13*માં જોયું તેમ પ્રથમ પેશ્વા બાલાજી વિશ્વનાથે સમગ્ર દેશમાં મરાઠી સત્તાને વિસ્તારવા માટે જુદા જુદા સરદારોને પ્રદેશો વહેંચી આપ્યાં જેમાં ઈ.સ.* 1716*માં ગુજરાતની સરદારી ખંડેરાવ દભાડે નામના સરદારને સોંપી. પરંતુ પોતે દક્ષિણ ભારતના રાજકારણમાં રોકાયેલો હોય તેણે પોતાના અધિકારીઓ કંથાજી કદમ, દમાજી ગાયકવાડ તથા ભત્રીજા પિલાજી ગાયકવાડને આ કામગીરી સોંપી. આ લોકો દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં ચડાઈ કરી સત્તા વિસ્તારવાનો પ્રયત્ન કરતા હતા. દમાજી ગાયકવાડ અને પિલાજીએ ઈ.સ.*1719*માં જંગલ વિસ્તારમાં ભીલોનો સોનગઢનો કિલ્લો મેળવ્યો અને પોતાનું વડું મથક બનાવ્યું. ત્યાંથી ગુજરાતના અન્ય પ્રદેશો પર ચડાઈ કરી ચોથ વસૂલ કરતા હતા.*

*વડોદરામાં ગાયકવાડી શાસનની શરૂઆત દમાજી ગાયકવાડ અને પિલાજી ગાયકવાડના સમયમાં થઈ હતી. તેના અવસાન બાદ તેનો પુત્ર દમાજીરાવ બીજો* (1732 – 1768) *ગાદી પર આવ્યો હતો. પ્રસ્તુત એકમમાં આપણે વડોદરાના ગાયકવાડી રાજ્યની ઈ.સ.* 1768 *થી ઈ.સ.* 1818 *સુધી રાજકીય સ્થિતિનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે તેમાં ગાયકવાડી શાસકો ગોવિંદરાવ, સયાજીરાવ પહેલો, ફતેસિંહરાવ પહેલો, માનાજીરાવ, ગોવિંદરાવ અને આનંદરાવની રાજકીય ગતિવિધિઓ તપાસવાનો અને સમજવાનો પ્રયત્ન કર્યો છે.*

## 14.2 ગોવિંદરાવ

*દમાજીરાવ ગાયકવાડના અવસાન પછી તેની ત્રણ પત્નીઓના પુત્ર વચ્ચે ગાદી માટે સંઘર્ષ થયો. પ્રથમ પત્ની મનુબાઈનો પુત્ર ગોવિંદરાવ હતો. જે પૂણેમાં પેશ્વાનો કેદી હતો. બીજી પત્ની કાશીબાઈનો પુત્રસયાજીરાવ ગાયકવાડ દમાજીરાવનો મોટો પુત્ર હતો તેથી ગાદી માટે હકદાર હતો, પરંતુ એ રાજ્ય ચલાવવા માટે બિલકુલ બિનઆવડત અને ગેરલાયક હતો. પરંતુ દમાજીરાવની ત્રીજી પત્ની ગંગાબાઈનો મોટો પુત્ર ફતેસિંહરાવ ખૂબ બાહોશ, ચંચળ અને ખટપટોમાં હોશિયાર હતો. તેથી તે સયાજીરાવનો પક્ષ લઈને ગાદી મેળવવા પ્રયત્નશીલ હતો. દમાજીરાવના મૃત્યુ વખતે ફતેસિંહરાવ ગુજરાતમાં હતો તેથી તેમણે ઝડપથી વડોદરા કબજે કર્યું.*

*બીજી બાજુ ગોવિંદરાવ પૂણેના કેદખાનામાં હતો. તેણે પેશ્વા સાથે મસલત કરી લગભગ 50, ½ લાખ આપવાનું કબલ્યું અને વડોદરાની ગાદીના હક્ક પેશ્વા પાસેથી મેળવ્યા. આ રકમ આ પ્રમાણે હતી. ઈ.સ.1768ના યુદ્ધના દંડ બદલ 23 લાખ રૂપિયા પાછલા વર્ષની ખંડણીના 5,½ લાખ રૂપિયા બાલીઓ પાસેથી જીતીને મેળવેલું તે બદલ 1 લાખ રૂપિયા અને `સેનાખાસખેલ' નો ઈલ્કાબના 20 લાખ રૂપિયા તેમજ દરબારી ખર્ચ બદલ 50 હજાર આમ વધુ મળીને પેશ્વાને 50 લાખ રૂપિયાઆપવાનું નક્કી કર્યું. પરંતુ ગોવિંદરાવને પૂણેમાંથી વડોદરા આવવાનો મોકો ન મળ્યો અને તેથી વડોદરાની ગાદી મેળવવાનું તેનું સ્વપ્ન રોળાયું.*

*પરંતુ આ લડાઈની લવાદી પેશ્વા માધવરાવ પાસે આવી પેશ્વાએ 21 ડિસેમ્બર 1768ના રોજ પત્ર લખી ફતેસિંહરાવને કડક ઠપકો આપ્યો કે હું ભાઈઓ વચ્ચેના ઝઘડાઓ ચલાવી લઈશ નહી, વડોદરા રાજ્યનો વહીવટ સંભાળી લેવા હું આપાજી ગણેશને મોકલી રહ્યો છું. અને આપાજી ગણેશને બધો વહીવટ તમારાથી અલગ રહીને ચલાવશે અને તમારા દાવાની રજુઆત કરવા પૂણે દરબારમાં હાજર રહેવું.*

*ફતેસિંહરાવ દમાજીરાવના અવસાન સમયે ગુજરાતમાં જ હતો એણે વડોદરા શહેર પર કબજો જમાવી પોતાનો પક્ષ મજબૂત કરી ઈ.સ. 1771માં સયાજીરાવના હક્કદાવા માટે પેશ્વા સાથે વાટાઘાટો કરવા પૂણે ગયો. પેશ્વા માધવરાવે અગાઉ ગોવિંદરાવને જે 'સેનાખાસખેલ' નો નિર્ણય કર્યો હતો તે ફેરવી નાખી પોતાના દરબારના પ્રખ્યાત ધારાશાસ્ત્રી રામરાવ શાસ્ત્રીની સલાહ પ્રમાણે સયાજીરાવને કાયદેસર હક્કદાર ઠરાવી 'સેનાખાસખેલ' બિરુદ માટે જાહેર કર્યા અને તેના 'મુતાલિક` અથવા નાયબ તરીકે ફતેસિંહરાવને નીમ્યો.*

## 14.3 સયાજીરાવ ગાયકવાડ પહેલો (ઈ.સ.1771 –ઈ.સ.1778)

*પેશ્વા માધવરાવના ધારાશાસ્ત્રી રામરાવ શાસ્ત્રીના ચુકાદા પ્રમાણે સયાજીરાવ પહેલાને વડોદરાનો 'સેનાખાસખેલ'નું બિરુદ આપવામાં આવ્યું. પરંતુ સયાજીરાવ નબળા મનનો હોવાથી તેના મુતાલિક તરીકે ફતેસિંહરાવની નિમણૂંક કરવામાં આવી.*

*ફતેસિંહરાવે પેશ્વા સાથે જે કરાર કર્યા તેની શરતો ગોવિંદરાવ જેવી જ હતી. નજરાણા તરીકે 20, ½ લાખ, દંડ 21 લાખ, દરબારના ખર્ચ 50 હજાર અને ગોવિંદરાવ જો વડોદરામાં અશાંતિ ઊભી કરે તો પેશ્વાએ ફતેસિંહરાવને મદદ આપવાની હતી. તેમજ ગોવિંદરાવને વાર્ષિક બે લાખ રૂપિયા અને વડોદરા પાસે પાદરા જાગીર તરીકે આપવામાં આવી. પરંતુ ગોવિંદરાવ ગાયકવાડના પૂર્વજોનું ગામ દાવંડીમાં રહે એવું નકકી કરાયું, ફતેસિંહરાવ સાથે થયેલા ખંડણી અને બિહદ અંગેના બે કરારો માટે 2,79,000 હજાર નક્કી કરાઈ તથા 300 સવાર દળની મદદ પેશ્વાને આપવાનું કબૂલ રખાયું. વધુમાં ગાદી પર જે હોય તેને દર વર્ષે પૂણે દરબારમાં હાજર રહેવાનું ફરજીયાત કરવામાં આવ્યું.*

### 14.3.1 સયાજીરાવ ગાયકવાડ પહેલાની કામગીરી

- **કડીના ખંડેરાવ :**

*ખંડેરાવ પહેલા ગોવિંદરાવના પક્ષે અને પછી ફતેસિંહરાવના પક્ષે આવ્યા. તેમના પુત્ર મલ્હારરાવે એમનાથી પણ વધારે ચીવટથી એજ નીતિને અમલમાં મૂકી આખરે નાનકડું રાજ્ય બ્રિટીશ લોકોએ વડોદરા રાજ્યમાં ભેળવી લીધું.*

- **1772માં ફતેસિંહરાવ અને બ્રિટિશરો સાથે સંધિ :-**

*ફતેસિંહરાવ પૂણેથી સંતોષકારક કરાર કરીને વડોદરા આવ્યો તેણે સુરતની કોઠીના બ્રિટિશ અધ્યક્ષ પ્રાઈસ સાથે વાટાઘાટો ચલાવી પેશ્વા અને ગોવિંદરાવ સામે પોતાને મજબૂત બનાવવા માટે ફતેસિંહરાવે સુરતના બ્રિટિશ અધિકારી પ્રાઈસને કહ્યું કે, હું 1000 હજાર સિપાઈ, 300 યુરોપીય સૈનિકો અને 20 તોપોની મદદના બદલામાં કંપની સત્તાને સુરત પરગણાનો પેશ્વાનો હિસ્સો અને પાછળથી પોતાની સુરતમાંથી ચોથ આપીશ પરંતુ અંગ્રેજી સત્તાએ કરાર કરવાની તૈયારી બતાવી નહીં.*

- **મુંબઈની અંગ્રેજ સરકારે ભરૂચ જીત્યું.**

*ભરૂચના નવાબે સુરતની સરકારને કેટલીક જકાત આપવાની મનાઈ કરી તેથી મુંબઈ સરકારે ઈ.સ. 1771માં ભરૂચ પર આક્રમણ કરવા ફોઝ મોકલી હતી. પરંતુ આક્રમણ નિષ્ફળ ગયું. બીજે વર્ષે પણ અંગ્રેજો શરતોથી નારાજ હતા તેથી તેમણે તા.18મી નવેમ્બર 1772ના રોજ ભરૂચ પર આક્રમણ કરી જીતી લીધું. આ બનાવથી મુંબઈ સરકાર અને ફતેસિંહરાવ ગાયકવાડ વચ્ચે નવા કરાર કરવાની જરૂર ઊભી થઈ. ફતેસિંહરાવે 12મી જાન્યુઆરી 1773ના રોજ મુંબઈ સરકારને જણાવ્યું કે ગોવિંદરાવ સામેના ભવિષ્યના સંઘર્ષમાં જો મને ભરૂચ આપવામાં આવે તો હું અંગ્રેજ સત્તાને વાર્ષિક 6 લાખ રૂપિયા અને સુરતના મહેસૂલમાના પોતાના ભાગમાંથી 6 લાખ રૂપિયા આપવાની દરખાસ્ત કરી. પરંતુ આ દરખાસ્ત મુંબઈની સરકારે ફગાવી અને ભરૂચનો નવાબ જેટલો હિસ્સો ગાયકવાડને આપતો હતો તેટલાં પર જ તેમનો હક્ક માન્ય રાખવામાં આવ્યો.*

### 14.3.2 ફતેસિંહરાવ અને ગોવિંદરાવ વચ્ચે વિગ્રહ

*ફતેસિંહરાવ અને ગોવિંદરાવ વચ્ચેના અંતર કલહને પોતે સુલેહ કરવો રહ્યો. પરંતુ ફતેસિંહરાવને નડિયાદના જાગીરદાર કાકા ખંડેરાવ તેનો પક્ષ છોડી ગોવિંદરાવને*

પક્ષે ભળ્યો, તેથી ફતેસિંહરાવની મુશ્કેલીમાં વધારો થયો. આવા સમયમાં પૂણેમાં મહાન ઘટનાઓ બની રહી હતી, પેશ્વા માધવરાવનું તા. 18 નવેમ્બર 1772માં અવસાન થયું. તેની જગ્યાએ પેશ્વા તરીકે તેનો ભાઈ 17 વર્ષની ઉંમરે નારાયણરાવ આવ્યો પણ રાઘોબાએ તેની તા.30 ઓગષ્ટ 1773ના રોજ હત્યા કરાવી અને પોતે પેશ્વા બન્યો. પરંતુ નારાયણરાવની વિધવા પત્ની ગંગાબાઈએ પુત્રને જન્મ આપતા એ બાળકને નાના ફડનવીસની આગેવાની નીચેના મરાઠા મંત્રી મંડળે પેશ્વા જાહેર કર્યો.

રઘુનાથરાવ પેશ્વા બન્યો તેનો લાભ લઈ ગોવિંદરાવે રૂબરૂ મુલાકાત કરી અગાઉ આપેલી સેવાના બદલામાં તેણે વડોદરા રાજયના " સેનાખાસખેલ "નો ખિતાબ મેળવી વડોદરામાંથી ફતેસિંહરાવને હાંકી કાઢવા લશ્કર સાથે ગુજરાત આવવા નીકળી કડીના ખંડેરાવની મદદ મેળવી વડોદરાને ઘેરો ઘાલ્યો. આ સમયે તેણે મુંબઈની અંગ્રેજ સત્તા સાથે વાટાઘાટો શરૂ કરી હતી. તો થોડા સમય બાદ સત્તા ભ્રષ્ટ થયેલા રાઘોબા પૂણે છોડી બ્રિટિશ રક્ષણ હેઠળ ગોધરા થઈ વડોદરા ગોવિંદરાવની મદદે તા.3 જાન્યુઆરી 1775ના રોજ આવી પહોંચ્યો. પરંતુ તેની પાછળ જ સિંધિયા અને હોળકર સાથે હરિપંત ફડકે આવે છે. એવા સમાચાર મળતા તે વડોદરાનો ઘેરો ઊઠાવી લઈ ગોવિંદરાવની મદદથી ઉત્તર તરફ જતો રહ્યો અને સુરત જઈ અંગ્રેજો સાથે મૈત્રી કરાર કર્યા.

ગોવિંદરાવ અને ખંડેરાવ કપડવંજ પહોંચી તેમનો પીછો કરનારનો મુકાબલો કરવાની તૈયારી કરી પરંતુ ફતેસિંહરાવ પરિસ્થિતિને પારખી અંગ્રેજ સત્તા સાથે સૂમેળ રાખવાની નીતિ અપનાવી અને કાકાની જાગીરમાનો નડિયાદ આસપાસનો પ્રદેશ કબજો કરી ખંડેરાવની સત્તા નાબૂદ કરી. રાઘોબા અને અંગ્રેજો વચ્ચે સુરતના કરાર થયા તેથી કર્નલ કીટિંગ રઘુનાથરાવને ખંભાત નજીક મળ્યા. તા. 7 એપ્રિલ 1775 ગોવિંદરાવ પણ એની સાથે 800 પાયદળ અને થોડા સવાર દળ સાથે જોડાયો, આમ મંત્રીમંડળનું લશ્કર પાંચ હજાર પાયદળ સહિત 25 હજારની સંખ્યાવાળું થયું હતું. હવે બંન્ને પક્ષો વચ્ચે મુકાબલો થવાનો હતો.

23 એપ્રિલ 1775ના રોજ રઘુનાથરાવ અને કર્નલ કિટીંગનું સંયુકત લશ્કર ધર્મજથી ડભોઈ તરફ આગળ વધ્યું. વડોદરામાં ફતેસિંહરાવ એકલો હતો તેથી જ્યારે ગોવિંદરાવે કર્નલ કિટીંગને વડોદરાનો ઘેરો ઘાલવા કહ્યું પરંતુ કર્નલે વાત માની નહી અને રઘુનાથરાવ સાથે તેમણે ગોવિંદરાવનો પક્ષ છોડી દીધો જેથી તેઓ ફતેસિંહરાવ સાથે વાટાઘાટો કરી શકે ફતેસિંહરાવ અને કર્નલ કિટીંગ ડભોઈ- વડોદરા વચ્ચે ઢાઢર નદીના કિનારે મળ્યા અને તેમની વચ્ચે સમજૂતી થઈ.

આ કરાર મુજબ ફતેસિંહરાવ તેના ભાઈ સયાજીરાવ વતી રઘુનાથરાવને વર્ષે 8 લાખ રૂપિયા તથા 3 હજારનું સવારદળ આપે તથા તા. 6 માર્ચના થયેલા કરાર પ્રમાણે ભરૂચ પરગણાનું મહેસૂલ આપે અને ચીખલી, સુરત નજીક વરિયાવ અને નર્મદા નદી પરનું કોરલ પરગણું આપે એમ નક્કી કરાયું. ગોવિંદરાવ કોઈ હક્ક દાવો ન કરે તેના માટે દખ્ખણમાં 10 લાખનું પરગણું આપવાનું કબુલ્યું. ખંડેરાવને દમાજીરાવે જે આપેલું તે બધું એને પાછું આપવું. વધુમાં ફતેસિંહરાવ રઘુનાથરાવને 26 લાખ રૂપિયા 60 દિવસમાં આપે

એવી તાકીદ કરવામાં આવી. ખરેખર આ રકમનો મોટો હિસ્સો કર્નલ કિટીંગ લેવા માંગતો હતો. કારણ કે તેના લશ્કરનો પગાર ચૂકવી શકે. આટલી મોટી રકમ  ટૂંક સમયમાં ફતેસિંહરાવની શક્તિ બહારની વાત હતી, છતાં તેના પર દબાણ લાવી ધાક ધમકી આપી આખરે 30મી ઓગષ્ટ સુધીમાં થોડી રકમ તરીકે 10 લાખ રૂપિયા 1 લાખની કિંમતના રત્નો, હાથીઓ અને ઈતર ચીજવસ્તુ  આપી.

### 14.3.3 સયાજીરાવ ગાયકવાડનું અવસાન

વડોદરાના ગાયકવાડ સયાજીરાવનું ફેબ્રુઆરી 1778માં અવસાન થયું, આજ સમયે પેશ્વાને ફતેસિંહરાવની ઘણી મદદની જરૂર પડી તેથી ફતેસિંહરાવે આ તકનો લાભ લઈ પેશ્વાને આપવાની થતી રકમ ઘણી ઓછી કરાવી લીધી. તેમજ ઘોડે સવાર લશ્કરની સંખ્યા પણ ઘણી ઓછી કરાવી અને બીજી પણ અનુકૂળ શરતો કરાવી લીધી.

## 14.4 ફતેસિંહરાવ પહેલો (ઈ.સ. 1778-1789)

સયાજીરાવના અવસાન પછી ગાદી પર ફતેસિંહરાવ ગાયકવાડ આવ્યા. તેમણે પેશ્વામાંથી અનુકુળ શરતો કરાવી લીધી હતી. ‘સેનાખાસખેલ’ ના ઈલ્કાબ મોટે નજરાણા તરીકે માત્ર 5 લાખ રૂપિયા આપીને તે પદ મેળવું.

ફતેસિંહરાવ હવે પૂણેના મંત્રી – મંડળના પક્ષે રહેવાનું વિચાર્યું હશે અને એ માટે પ્રયાસ પણ કર્યા પરંતુ આ સમયે કંપની સરકાર અને પૂણેની સરકાર વચ્ચે 3 માર્ચ 1776ના રોજ પુરંધરના કરાર થયા પુરંદર કરારમાં કરેલી જોગવાઈ અનુસાર એ અગાઉ થયેલા બધા કરાર રદ કરવામાં આવ્યા. આ સંધિની કેટલીક જોગવાઈઓ પેશ્વાએ ફતેસિંહરાવને ફસાવવા કરી હોય તેવું તેમને લાગ્યું. ફતેસિંહરાવે તેનો વિરોધ કર્યો પણ સફળતા ન મળી ઉલટાનું તા.28 નવેમ્બર 1778ના રોજ એક કરાર કરી પુરંધરની સંધિને બહાલી આપી. પુરંધરના કરાર પછી પણ પેશ્વા અને કંપની સત્તા વચ્ચેના સંબંધ તંગ બન્યા. 30 માર્ચના રોજ 1789માં પેશ્વા અને બ્રિટિશરો વચ્ચે બીજી લડાઈ થઈ જેમાં ફતેસિંહરાવ બ્રિટિશરોના પક્ષે રહ્યો. ગવર્નર હોર્નબીએ ગાયકવાડ સાથે મૈત્રી સાધી કારણ કે બ્રિટિશ લશ્કર દખ્ખણમાં પર્વતમાળાના અવરોધથી અટકી જાય તો ગાયકવાડના પ્રદેશ જે દરિયાકાંઠે આવેલા છે ત્યાં સહેલાઈથી દરિયાઈ માર્ગે પહોંચીને લશ્કરને ઉતારી શકાય. 14 જૂન, 1779ના રોજ હોર્નબીએ એવી દલીલ કરી હતી કે ગુજરાતમાં પેશ્વાની સર્વોપરી સત્તા લઈ લેવાય તો ફતેસિંહરાવને મહી નદીનો ઉત્તરનો ભાગ અને કંપની સત્તાને તાપી નદીના દક્ષિણનો ભાગ પોતાની પાસે રાખે. તે આવી યોજના ગવર્નર જનરલે સ્વીકારી અને મુંબઈની અંગ્રેજ સત્તાની મદદે જવા માટે કર્નલ ગોડાર્ડને બંગાળથી લશ્કર સાથે તા.15 ડિસેમ્બર 1779ના રોજ રવાના કરવામાં આવ્યો. તે ગુજરાત આવી લશ્કર સાથે જોડાયો. પેશ્વાના લશ્કર પર આક્રમણ કરી 20 જાન્યુઆરી 1780ના રોજ ડભોઈનો કબજો મેળવ્યો.

### 14.4.1 કૂંઢેલા કરાર (20 જાન્યુઆરી 1780)

*નાના ફડનવીસ મદદ માટેના ફતેસિંહરાવને પત્રો મોકલતો હતો પરંતુ ફતેસિંહરાવ અંગ્રેજોના પક્ષે રહ્યો. અને ડભોઈ નજીકના કૂંઢેલા ગામ પાસે ગોડાર્ડ સાથે રક્ષણાત્મક અને આક્રમક સ્વરૂપના તારીખ 20 જાન્યુઆરી 1780ના રોજ કરાર કર્યો.*

*ગોવિંદરાવ અને ફતેસિંહરાવના આંતરિક ઝઘડામાંથી લાભ ઉઠાવવાની ગોડાર્ડની ગણતરી હતી. આ કરારમાં ફતેસિંહરાવે પોતાના વિશિષ્ટકાર તરીકે બાહોશ પ્રધાન ગોવિંદ ગોપાલ કામેતકરને મોકલ્યો હતો. ફતેસિંહરાવ પેશ્વાથી સ્વતંત્ર બને પેશ્વાને ખંડણી આપે નહિ, પોતાના પ્રદેશો જાળવી અંગ્રેજોને 3000 સવારદળની મદદ આપે અને યુદ્ધના સમયમાં વધારી આપે. મહી નદીની ઉત્તરે આવેલા પ્રદેશ પરનો પેશ્વાનો ભાગ પોતે રાખે અને એના બદલામાં સુરત અઠ્ઠાવીસીનો પોતાનો ભાગ અંગ્રેજ સત્તાને આપે એવું એણે કબુલ્યું હતું. નોંધ પાત્ર બાબત એ હતી કે આ કરાર સાલબાઈના કરાર (1782)થી રદ કરવામાં આવ્યા હતા.*

*કુંઢેલા કરાર પછી તા. 5 ફેબ્રુઆરી 1780માં ફતેસિંહરાવ અને ગોડાર્ડ અમદાવાદ પર આક્રમણ કરી જીતી લીધું તેનો હવાલો ફતેસિંહરાવને આપવામાં આવ્યો કરારમાં વચન આપ્યાં પ્રમાણે ફતેસિંહરાવે અંગ્રેજોને પ્રદેશો આપ્યા પરંતુ સુરત અઠ્ઠાવીસીમાંથી સોનગઢને ખાસ બાકાત રાખ્યું.*

*ફતેસિંહરાવે એપ્રિલ 1780માં મુંબઈની અંગ્રેજ સત્તાને લેટર મારફતે જણાવવાનું કે વડોદરા ખાતે એક બ્રિટિશ રેસિડેન્ટ મોકલવામાં આવે. પરંતુ એવું નક્કી કરાયું કે ખંભાત ખાતેનો રેસિડેન્ટ માલેટ જ્યારે જરૂર પડે ત્યારે વડોદરા ફરજ બજાવે. પણ 1781માં કેપ્ટન અર્લ ખરેખર વડોદરામાં રહ્યો. પણ બીજા વર્ષ એણે પાસો બોલાવી લેવામાં આવ્યો. આ રીતે વડોદરાનો ગાયકવાડ અને અંગ્રેજ સત્તા વચ્ચેના રાજદ્વારી સંબંધોની શરૂઆત થઈ.*

### 14.4.2 સાલબાઈના કરાર (17 મે 1782)

*મહાદજી સિંધિયાએ પેશ્વાના દૂત તરીકે અંગ્રેજ ગવર્નર જનરલ સાથે તા. 17 મે 1782ના રોજ જે કરાર કર્યા તે સાલબાઈના કરાર તરીકે ઓળખવામાં આવે છે. સાલબાઈની સંધિ ફતેસિંહરાવ ગાયકવાડ માટે ખૂબ જ દુઃખદ હતી કારણ કે (1) ભરૂચ બંદર પર અંગ્રેજોનું આધિપત્ય રહે. (2) અંગ્રેજોએ ગુજરાતમાં જીતેલા પ્રદેશો ઉપર પહેલો અધિકાર હતો તેમને કાં તો પેશ્વાને અથવા ગાયકવાડને આપવામાં આવે. (3) વડોદરાનો ફતેસિંહરાવ ગાયકવાડ પોતાની પાસે પહેલાં જે પ્રદેશો હતા, તેને અધિકારમાં રાખીને મરાઠા- રાજ્યની યોગ્ય સેવા કરશે.*

*આનો અર્થ એ હતો કે ફતેસિંહરાવને અમદાવાદ છોડી દેવાનું હતું. અને પેશ્વાને આપવાનું હતું તેમજ અગાઉની જેમ ખંડણી અને સેવાઓ આપવાની હતી. ટૂંકમાં જોઈએ તો પેશ્વા અને અંગ્રેજો વચ્ચે લડાયેલાં બે મોટા યુદ્ધો પછી પણ ગાયકવાડની સ્થિતિ અગાઉની જેમ ચાલુ રહી. એ આર્થિક રીતે ઘણો ઘસાયો હતો. ભરૂચનો હિસ્સો ગુમાવવો*

*પડયો હતો અને એ સિંધિયાને એટલે કે એના પ્રતિનિધિ ભાસ્કરરાવને સોંપવામાં આવ્યો હતો.*

### 14.4.3 ફતેસિંહરાવનું અવસાન (21 ડિસેમ્બર 1789)

21 *ડિસેમ્બર* 1789*ના રોજ ફતેસિંહરાવ પોતાના રાજમહેલના ઉપલા માળેથી શરતચૂકથી પડી જતાં અવસાન થયું હતું. તેમણે રાજ્યનો વહીવટ કરકસર અને કાબેલપણાથી કર્યો હતો એણે રાજયના રક્ષણ માટે પરદેશી ભાડૂતી સૈનિકો અને બીજાઓને આપ્યા જે પછીના સમયમાં રાજ્ય માટે ભારે આફત સમાન બની ગયા.*

## 14.5 માનાજીરાવ ગાયકવાડ (રાજયપાલક) (રીજંટ) (1789-93)

*ફતેસિંહરાવ ગાયકવાડનું અવસાન થતાં તેના નાના ભાઈ માનાજીરાવે સત્તા હાથમાં લઈ પોતાની સ્વીકૃતિ આપવા પેશ્વા સરકાર સાથે વાટાઘાટો શરૂ કરી આ સમયે ગોવિંદરાવ પૂણે નજીક આવેલા દૌર ગામે રહેતો હતો. તેણે વિરોધ કર્યો પણ શાણા રાજપુત્ર માનાજીરાવે પેશ્વાને* 33,13,000*ની રકમ નજરાણા તરીકે આપી અને ફતેસિંહરાવની બાકી ખંડણીની રકમ* 36 *લાખ થવા જતી હતી તે આપવાનું કબૂલી ગાદી પ્રાપ્ત કરી.*

*ગોવિંદરાવે હવે શક્તિશાળી બનેલા સિંધિયાને પોતાના પક્ષે લેવાનો પ્રયાસ કર્યો તેણે પોતાના પુત્ર આનંદરાવનું લગ્ન સિંધિયાની પુત્રી સાથે કરાવ્યું અને ત્રણ લાખ રૂપિયા પણ આપ્યા, આથી સિંધિયાએ ગોવિંદરાવના હક્ક માટે પેશ્વા સમક્ષ રજૂઆત કરી જે પેશ્વાને ગમી ન હતી, બીજી બાજુએ માનાજીરાવે મુંબઈ સત્તા પાસે રજૂઆત કરી કે ગોવિંદરાવનું પગલું ઈ.સ.* 1780*ના કરારની જોગવાઈ વિરૂદ્ધનું છે. અને તેથી દરમિયાનગીરી કરવા માગણી કરેલ, પરંતુ મુંબઈની સત્તાએ જણાવ્યું કે, પ્રસ્તુત કરાર સાલબાઈના કરારથી રદ થયા છે. તેથી દરમિયાનગીરી કરવાનો પ્રશ્ન રહેતો નથી. ગવર્નર – જનરલ લોર્ડ કોર્નવોલિસ પણ આવી નીતિ અપનાવવા ભલામણ કરી હતી. (જુલાઈ* 15, 1793*)*

*આમ, બંન્ને ભાઈઓ વચ્ચે સત્તા સંઘર્ષ ચાલી રહ્યો હતો એવામાં તા.* 1 *ઓગષ્ટ* 1793*માં માનાજીરાવનું અવસાન થયું.*

## 14.6 ગોવિંદરાવ ગાયકવાડ (પુનઃસ્થાપિત) 1793 - 1800

*માનાજીરાવના અવસાન પછી બિન હરીફ બનેલા ગોવિંદરાવને સહેલાઈથી વડોદરાની ગાદી મળી ન હોત. નાના ફડનવીસની આગેવાની નીચેનું મંત્રીમંડળ ગોવિંદરાવ જ્યાં સુધી નવા કરાર કરી ન આપે ત્યાં સુધી એને પૂણે છોડીને વડોદરાની રાજગાદી સંભાળવા પરવાનગી આપે તેમ ન હતું. આખરે ગોવિંદરાવને આવો કરાર કરી આપવાની ફરજ પડી. આ કરાર પ્રમાણે માનાજીરાવે ચૂકવવાના બાકી રાખેલા,* 20 *લાખ રૂપિયા 'સેનાખાસખેલ'ના ખિતાબ બદલ નજરાણા તરીકે* 56,38,001 *અને ઈ.સ.* 1781

*થી 1793ના વર્ષોની બાકી રકમ તરીકે કુલ 7,79,000 તથા લશ્કરી સેવાના બદલામાં 6,75,000 આપવા એવું કબૂલ કરવામાં આવ્યું. ગોવિંદરાવને એવું પણ કહેવામાં આવ્યું કે તમારે તરત જ વડોદરા જવા નીકળવું અને કબૂલ રાખેલા બાકી દેવા પેટે વડોદરાના રાજમહેલમાં જે મળે તે બધા જવાહીર રોકડા રકમ, રાજ પોશાકો તથા ત્રણ હાથી, પાંચ ઘોડા અને એક લાખના જવાહીર મોકલવા તથા સાવલી ફતેસિંહરાવને આપવામાં આવેલું તે તથા તાપી નદીની દક્ષિણે આવેલા આવેલા ગાયકવાડના બધા પ્રદેશ તથા સુરતના મહેસૂલમાં ગાયકવાડનો રહેલો હિસ્સો આપો. આમ નાના ફડનવીસનો ઈરાદો ગાયકવાડ કુટુંબને પૂરી રીતે બરબાદ કરવાનો હતો.પરંતુ એમાં તે ફાવ્યો નહી. પૂણેના બ્રિટિશ રેસિડેન્ટને આવા કરારની માહિતી મળતા એણે તરત જ અંગ્રેજ સરકાર વતી દરમિયાનગીરી કરી અને ગોવિંદરાવ પાસે આવી રીતે કરાયેલા કરારને સાલબાઈના કરારના ભંગ સમાન ગણાયા, આથી નાના ફડનવીસને એ દરખાસ્તો પાછી ખેંચી લેવી પડી.*

### 14.6.1 કાન્હોજીરાવ તરફથી અવરોધો

*17 ડિસેમ્બર 1793ના રોજ ગોવિંદરાવને 'સેનાખાસખેલ' બિરૂદ મેળવવાની છૂટ અપાઈ તેણે પૂણેથી વડોદરા જવા નીકળતી વખતે દિવાન તરીકે રાવજી આપાજી મજુમદાર અને ફડનવીસ જેવી કાર્યદક્ષ વ્યક્તિઓને સાથે લીધી, પરંતુ વડોદરામાં ગોવિંદરાવનો પ્રવેશ સરળ ન બન્યો. એની ધરમપુરની રાજપુત્ર પત્ની ગજરાબાઈથી થયેલો પુત્ર કાન્હોજીરાવે મુશ્કેલીઓ ઊભી કરી એણે ભરૂચમાં રહેલા સિંધિયાના પ્રતિનિધિ પાસેથી મદદ મેળવી અને વડોદરા પર ધસી આવ્યો, અને એણે ભાડૂતી 2000 આરબ તથા 600 પઠાણ સવારદળની મદદથી વડોદરા પર કબજો જમાવી રાખવા પ્રયાસ કર્યો. પરંતુ છેવટે એ લશ્કરે કાન્હોજીરાવ સાથે જ દગો કર્યો અને કેદ કરી એના પિતા ગોવિંદરાવને સોપ્યો. ગોવિંદરાવે એને કેદમાં રાખ્યો પણ એ સ્ત્રી વેશમાં નાસી છૂટયો અને ડુંગર વિસ્તારમાં ગયો, ત્યાંના ભીલોએ એને સંખેડા – બહાદરપુરના વિસ્તારમાં લૂંટફાટ કરવામાં મદદ કરવાની તૈયારી બતાવી એની સાથે કડીના અવસાન પામેલા ખંડેરાવનો પુત્ર મલ્હારરાવ પણ જોડાયો. ખંડેરાવને વિરોધી પ્રવૃત્તિઓ કરવા બદલ ગાયકવાડે જે દંડ કરેલો અને 'પેશકશ' આપવા ફરમાવ્યું હતું. તે બધુ માફ કરવું જોઈએ એવી માંગણી મલ્હારરાવે કરી હતી. આ સમયે કડીના જાગીરદારના તાબામાં કડી, કપડવંજ અને દેહગામ હતા. ફતેસિંહરાવે અગાઉ દર્શાવ્યા પ્રમાણે નડિયાદ લઈ લીધું હતું. મલ્હારરાવ અને કાન્હોજીરાવ સંયુક્ત બન્યા હતા. પણ એમની વચ્ચે ખટરાગ ઊભો થતાં હવે કાન્હોજીરાવને પોતાના રક્ષણ માટે ફરી વાર સાતપુડાના ડુંગરોમાં નાસી જવું પડ્યું. પરંતુ ગોવિંદરાવે એને ખોટા પ્રલોભન આપી બોલાવ્યો અને કેદખાનામાં નાખ્યો. ઈ.સ.1794માં મલ્હારરાવ સાથે શાંતિ – સમજૂતી કરવામાં આવી એની પાસે કડી, કપડવંજ અને દેહગામ રહેવા દેવામાં આવ્યા.*

### 14.6.2 આબા શેલુકર સાથે ઘર્ષણ

*બાજીરાવ પેશ્વા એવું ઈચ્છતો હતો કે આબા શેલુકર અને ગોવિંદરાવ વચ્ચે ઘર્ષણ થાય શેલૂકરની નિમણૂંક નાના ફડનવીસે કરાવી હતી. તેથી પેશ્વા શેલૂકરને એનો પ્રતિનિધિ ગણતો હતો. પેશ્વા ગુજરાત પ્રાંતમાં પોતાનો હિસ્સો પણ પરત લેવા માંગતો હતો. એ ગોવિંદરાવને પણ સિંધિયા – તરફી વલણનો માનતો હતો. અને ગોવિંદરાવનો પ્રભાવ મુખ્ય કેન્દ્રમાંથી વધુ ફેલાવો ન પામે એવી ઈચ્છા રાખતો હતો. ગોવિંદરાવે પેશ્વાને ચૂકવવાની થતી રકમમાંથી હજી 39,82,789ની રકમ બાકી હતી. અમદાવાદ આવ્યા પછી શેલૂકરના અમલદારોએ ગાયકવાડના તાબા નીચેના ગામડાઓમાંથી ફરજિયાત રકમો ઉધરાવવા માંડી આવી 'લૂંટ' ગાયકવાડને પાછી આપવાની શેલૂકરે ના પાડી. આથી ગોવિંદરાવના મંત્રી રાવજી અને ચિમનાજીએ શેલૂકર પર હલ્લો કરવા અને પોતાનો માર્ગ ચોખ્ખો કરવા તથા અમદાવાદ જીતી લેવા ગોવિંદરાવને અનુરોધ કર્યો. વળી 13 માર્ચ 1800માં નાના ફડનવીસનું અવસાન થતાં શેલૂકરે મોટા આશ્રમ દાતા ગુમાવ્યો હતો. શેલૂકરને અમદાવાદમાંથી હાંકી કાઢવા અને અમદાવાદનો પોતાનો ઈજારો જે હતો તે લઈ લેવા પેશ્વાએ ગોવિંદરાવને જણાવ્યું.*

*ગોવિંદરાવે શિવરામ ગાર્દીને લશ્કરી સામગ્રી સાથે અમદાવાદ જીતી લેવા મોકલ્યો. અમદાવાદને ઘેરો ઘાલવામાં આવ્યો. અને અંતે શેલૂકરને કેદી બનાવી, બોરસદમાં રાખવામાં આવ્યો. જ્યાં એ સાત વર્ષ કરતાં વધુ સમયએ સ્થિતિમાં રહ્યો.*

*ગોવિંદરાવે અમદાવાદ લીધા બાદ પેશ્વાના ઈજારાવાળો ભાગ પોતાના અનૌરસ ખાસ માનીતા પુત્ર ભગવંતરાવ માટે પેશ્વા પાસેથી મેળવી લીધો, પાંચ વર્ષ માટે દર વર્ષે પાંચ લાખ રૂપિયાના બદલામાં પેશ્વાએ ગુજરાતમાંના પોતાના બધા હક્ક આપ્યા હતા. ગોવિંદરાવ ગાયકવાડ અમદાવાદમાં પોતાના નાયબ તરીકે સિંધિયાના મંત્રીના ભાઈ યાદવરાય ભાસ્કરને મોકલવા વિચાર્યું. એનો હેતુ પોતાનો મંત્રી રાવજી આપાજી રાજ્યમાં અધિક સત્તાધીશ બની ગયો હતો. તેની સામે એક પ્રબળ બળ ઊભું કરવાનો હતો. પરંતુ ગોવિંદરાવ એમાં ફાવી શક્યો નહી અને રાવજીએ પોતાના ભત્રીજા રઘુનાથરાવ ઉર્ફે કાકાજીની નિમણૂંક અમદાવાદ માટે કરાવવામાં સફળતા મેળવી સિંધિયાને પાંચ લાખ રૂપિયાની પહેલી રકમની ચૂકવણી કરવા વડોદરાનાં શાહુકાર હરિભક્તિને એ રકમ આપવામાં આવી.*

### 14.6.3 ગોવિંદરાવનું અવસાન (19 સપ્ટેમ્બર 1800)

*ગોવિંદરાવના સમયમાં પેશ્વા બાજીરાવે વડોદરા રાજ્યને ખંડણી, દંડ, નજર વગેરેના અસહ્ય નાણાકીય બોજાથી તદ્દન નબળું બનાવી દીધું હતું. લશ્કરનો જ ખર્ચ રાજ્યની આવક કરતા વધુ હતો. ન્યાય તંત્ર કે પ્રજા રક્ષણ અને બીજા પ્રજાકીય કાર્યો માટે દુર્લક્ષ અપાતું તમામ લૂંટફાટમાં માનનાર ઉદંડ અને મિજાજી સ્વભાવમાં ભાડૂતી આરબી સૈનિકોના હાથમાં કેન્દ્રિત થયેલી હતી. પેશ્વા અને સિંધિયા વડોદરા રાજ્યનું વિસર્જન થાય એ પ્રક્રિયાને ખૂબ જ રસ પૂર્વક નિહાળી રહ્યા હતા.*

## 14.7 આનંદરાવ ગાયકવાડ (1800 - 1819)

*ગોવિંદરાવને 11 પુત્ર હતા. તેઓમાં સૌથી મોટો કાન્હોજીરાવ હતો, પરંતુ ગોવિંદરાવની પટરાણી ગેહનાબાઈએ જીદ કરી કે મારા પુત્ર આનંદરાવને ગાદી નહી અપાય તો પોતે પતિના મૃતદેહ સાથે સતી થશેતેથી મંત્રી રાવજીની અનઉપસ્થિતિમાં બાલાજી, મીર કમાલુદ્દીન, મંગળ પારેખ અને સામળ પારેખે ગેહનાબાઈને ખાત્રી આપી કે આનંદરાવને રાજા બનાવવામાં આવશે. તેથી સતી થવાનું નિર્ણય પડતો મુક્યો અને આનંદરાવ નિર્બળ, વ્યવસની અને રાજય ચલાવવા તદ્દન અયોગ્ય હોવા છતાં રાજા બનાવ્યો. મંત્રી રાવજી વડોદરા પાછો ફરે તે પહેલાં જ કાન્હોજીરાવે આનંદરાવને ખુશ કરીને પોતાને તેના " મુતાલિક " (નાયબ) તરીકે નિમાવી દીધો, ત્યારબાદ આરબોને પોતાના પક્ષે લઈ લીધા અને ધીમે ધીમે સંપૂર્ણ સત્તા પોતાના હાથમાં લઈ લીધી. તેમજ નાણા પડાવવા ગેરરીતિઓ કરી, રાજય વહીવટના સભ્યોની ભારે કનડગત કરી રાજયનાં વહીવટમાં ભારે અવ્યવસ્થા ફેલાવી. આ સંજોગોમાં આરબોએ કાન્હોજીરાવના વિરોધીઓ પાસેથી કાન્હાજીરાવને તા. 1 જાન્યુઆરી 1801ના રોજ કેદ કર્યો રાણપુરના કિલ્લામાં રાખ્યો. રાવજી ફરી સત્તા પર આવી ગયો.*

### 14.7.1 બ્રીટિશ દરમિયાનગીરીનો પ્રારંભ :-

*રાવજીએ સત્તા પુનઃ હાંસલ કરી પરંતુ આરબોની હિંસાત્મક પ્રવૃત્તિઓથી દુઃખી હતો તેથી અંગ્રેજોને દરમિયાનગીરી કરવા આમંત્રણ આપુ જે આરબોને ગમતું ન હતું. આવા સંજોગોમાં કાન્હોજીરાવની માતા સુરતથી કડીના જાગીરદાર મલ્હારરાવને દીવાન રાવજી સામે પગલા ભરવા સંદેશો મોકલાવ્યો, મલ્હારરાવની ઈચ્છા ગાયકવાડને આપવાની થતી 'પેશકશ' માફ થાય તેવા હેતુંથી કાન્હોજીરાવના પક્ષે જવાનું નક્કી કર્યું. આનંદરાવનો અનૌરસ પુત્ર મુંકુંદરાવ પણ એમના પક્ષે તરત જ જોડાયો.*

*આવી સ્થિતિમાં રાવજી અને કાન્હોજીરાવના પક્ષોએ મુંબઈને મદદ કરવા વિનંતી કરી. ગવર્નર ડંકનની અનિચ્છા હતી તેથી ઘણા વિલંબ પછી મેજર એ.વોકટને બંન્ને પક્ષો વચ્ચે મધ્યસ્થી અને મહારાજા આનંદરાવની ઈચ્છા પ્રમાણે નિર્ણય કરવાનું નક્કી કર્યું, તેના માટે 2,000નું લશ્કર ખંભાત રવાના કર્યું. ઈ.સ. 1800ના અંતમાં પરિસ્થિતિ ગૂચવાડા વાળી બની હતી. બાલાજી અને મલ્હારરાવના લશ્કર વચ્ચે ઘર્ષણ થયા હતા. રાવજીની સ્થિતિ વડોદરામાં અસ્થિર હતી, આ સંજોગોમાં સિંધિયાએ અમદાવાદ માટે 10 લાખ રૂપિયાનો ઈજારા માટેનો દાવો રજૂ કરી સ્થિતિ વધારે ગૂંચવી નાખી. આથી જ અંગ્રેજોએ વડોદરા રાજયમાં મધ્યસ્થી કરવાની તૈયારી બતાવી હશે ?*

### (1) મેજર વોકરનું કાર્ય

*29 જાન્યુઆરી 1802ના રોજ મેજર વોકરે વડોદરા પહોંચી જોયું કે મંત્રી રાવજી ચારે બાજુથી ઘેરાયેલો અને ચિંતિત હતો તેથી સૌ પ્રથમદિવાન રાવજીને બધા આરોપોમાંથી મુક્ત કર્યો. મલ્હારરાવે સ્વાર્થી નીતિ અપનાવી તેથી તેને જવાબદાર ઠેરવ્યો, પરંતુ મલ્હારરાવે વડોદરા રાજયમાં ખંડણી ઉઘરાવવાના હક્ક માટે અને એણે લશ્કરી બળથી કબજે કરેલ વિસનગર એની પાસે રહેવા દેવા માટે આગ્રહ રાખ્યો. આમ*

સમાધાનનો કોઈ માર્ગ ન રહેતા મેજર વૉકર ખંભાતના લશ્કર સાથે જોડાયો 18, જાન્યુઆરી 1802 એક બાજુએ સેનાપતિ બાલાજી અને વોંકરના સંયુક્ત દળો અને સામા પક્ષે મલ્હારરાવના લશ્કરો વચ્ચે ચારેક મહિનાઓ સુધી લડાઈ થઈ જેમાં અંતે મલ્હારરાવ હારી ગયો અને પછી શરણે થઈ ગયો તેથી મલ્હારરાવને નડિયાદ રહેવાની પરવાનગી અપાઈ અને સવા લાખ રૂપિયાની ઊપજવાળા જિલ્લા અપાયા. એ પછી ત્રીજા મહિને સંખેડા અને બહાદરપુરના જાગીરદાર ગણપતરાવે બંડ કર્યું. પણ એ બ્રિટિશ ટુકડીના શરણે 7 જુલાઈ 1802ના રોજ આવ્યો અને એનો સાથી મુરારરાવ ધારમાં આનંદરાવ પવારના આશ્રમે જતો રહ્યો.

**(2) અંગ્રેજોને અપાયેલા પ્રદેશ અને સહાયક દળ**

મુંબઈ સરકારે મદદ તો કરી પરંતુ તેના બદલામાં તેમણે ગાયકવાડ પાસેથી બક્ષીસ તરીકે ચોર્યાસી પરગણું તથા સુરતની ચોથ માનો પોતાનો ભાગ લીધો અને ખંભાત ખાતે મિ. ડંકન અને રાવજી વચ્ચે થયેલી કરાર પ્રમાણે તા. 1, ઓક્ટોબર અને 5, જાન્યુઆરી 1802ના રોજ એમ બે હપ્તે વ્યાજ સાથે પ્રશ્નો ખર્ચ આપવાનું કબલ્યું હતું અને સુરત અઠ્ઠાવીસીમાંનો ગાયકવાડનો ભાગ બાંહેધરી તરીકે ગીરો મુકયો હતો. મલ્હારરાવનું બંડશમાવી દેવાયા બાદ અંગ્રેજોએ ગુપ્ત રીતે આપેલ લશ્કરને ખર્ચ મહિને રૂ. 65,000નો થતો હતો તે ગાયકવાડે ભોગવવાનો હતો તા. 4, જૂન 1802નાં ચીખલી પરગણું આપવામાં આવ્યું. અને તા.5, મે 1803ના રોજ ખેડાનો કિલ્લો જાગીર સાથે ઉમેરવામાં આવ્યો.

વડોદરા રાજય ગીરો મુકાયેલા પ્રદેશોને લીધે ભારે વિમાસણમાં આવી પડયું હોવાથી એમાંથી માર્ગ કાઢવા મુંબઈ સરકાર સાથે તા.6, જૂન 1802ના રોજ નવા કરાર કરવામાં આવ્યા. એ પ્રમાણે બધી જાયદાદ આપવાની વિધિ જૂન 1803 સુધી મોકુફ રાખવામાં આવી. પરંતુ ધોળકાનું પરગણું અને નડિયાદમાંથી રૂ.50,000ની જાગીર તુરત જ આપવી. અને ખાતરી તરીકે સૌરાષ્ટ્ર અને કડીની મહેસૂલી આવક બાનમાં આપવામાં આવી. પહેલા વર્ષમાં કરેલો લશ્કરી ખર્ચ 7 લાખ 80 હજાર થતો હતો એને માટે 9% વ્યાજનું એક ઋણ પત્ર આપવામાં આવ્યું. પરંતુ જાન્યુઆરી 1803 સુધીમાં ધોળકા, નડિયાદ, વિજાપુર અને કડીનો પટ્ટો, જેની બધી મળી કુલ કિંમત 7 લાખ 80 હજાર થતી હતી તે અંગ્રેજ સત્તાને આપવામાં આવી. વળી આરબોને પગારની બાકી રહેલી રકમ ચૂકવવા કંપની સત્તાએ જેરકમ અગાઉથી આપી હતી તે 1905ના જૂન સુધીમાં ભરપાઈ કરી આપવાની હતી અને એને માટે વડોદરા, કોરલ, સિનોર, પેટલાદ અને અમદાવાદના પરગણાઓની ઊપજ બાનમાં આપવામાં આવી. રાવજીએ કરેલા કરારને મહારાજા આનંદરાવે તા. 29 જુલાઈ 1802માં બહાલી આપી.

રાવજીએ અંગ્રેજ સત્તા પ્રત્યે આપેલી સેવાઓનો બદલો મુંબઈ સત્તાએ આપ્યો. વડોદરા રાજયનું દીવાન પદ રાવજીના પ્રભુ- કુટુંબમાં ચાલુ રહે એવી બાબતનો એક ખાનગી કરાર કરવામાં આવ્યો.

*ગાયકવાડ અને મુંબઈની સત્તા વચ્ચે વધતા જતા સબંધોને કારણે મેજર વોકરને વડોદરામાં રેસિડેન્ટ તરીકે તા.11, જુલાઈ 1802માં મોકલવામાં આવ્યો.*

### 14.7. 2 દીવાન રાવજી આપાજીનું અવસાન :-

*તા. 18, જુલાઈ 1803માં દીવાન રાવજી આપાજીનું અવસાન થયું હતું. ત્યારબાદ તેનો દત્તક પુત્ર સીતારામ દીવાન બન્યો, સીતારામ અપ્રમાણિક બિન આવડતવાળો અને પદ માટે લાયક ન હતો. એ મહારાજાને ખોટી સલાહ પણ આપતો હતો, મેજર વોકર જ્યારે વડોદરા આવ્યો ત્યારે એ પોતાની સાથે પૂણેના હરિપંત ફડકેના આશ્રિત તરીકે ગંગાધર શાસ્ત્રી પટવર્ધનને ગાયકવાડ મહારાજાના સલાહકાર તરીકે લઈ આવ્યો હતો. એ બ્રિટિશ સત્તાની નોકરીમાં જોડાયો હતો એણે વફાદારી પૂર્વક કાર્ય કરી સન્માનનીય સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.*

### 14.7.3 ફતેસિંહરાવનું પુનરાગમન

*ગાયકવાડ કુટુંબના આનંદરાવના નાના ભાઈ ફતેસિંહરાવ ઉપર હોલ્કર અને સિંધિયા વચ્ચેની લડાઈની વિચિત્ર અસર થઈ. ફતેસિંહરાવ આ સમયે પૂણે હતો. 1802ના અંત ભાગમાં હોલ્કરના અમલદારે કોઈ પકડયો. તેને લશ્કરનો સરદાર બનાવી ગુજરાતમાં તોફાનો કરાવવા મોકલવામાં આવશે તેવી દહેશત ફેલાવવામાં આવી. તેથી વડોદરાના પંચે ફતેસિંહરાવને છોડાવવા માટે મોટી રકમ આપવાની તૈયારી બતાવી હોલ્કરને સંદેશો મોકલ્યો. એ સ્વીકારતા ફતેસિંહરાવ અને તેની માતાને ગુજરાત તરફ મોકલવામાં આવ્યા એમની સાથે આવવા નીકળેલા પીંઢારા સરદાર અહમદખાન તે હોલ્કરના લશ્કરી પડકારમાંથી છટકી જઈ ફતેસિંહરાવ અને એની માતા સાથે વડોદરા પહોંચી ગયો. 2, ઓકટોમ્બર 1803 ફતેસિંહરાવે હવે વડોદરામાં રાણી ગેહનાબાઈની સાથે રહેવાનું રાખ્યું. મેજર વોકર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી ફતેસિંહરાવને ગાદી પર બેસાડવા પઠાણો તોફાન ન કરે એ પણ જોવાનું હતું. વળી આ સમયે મહારાજા આનંદરાવની માનીતી રાણી તખતાબાઈએ દીવાન સીતારામ અને રેસીડેન્ટ વોકરને કેદ કરી, પઠાણો અને બીજાની મદદથી વડોદરા કબજે કરવાનું કાવતરું યોજ્યું હતું. પણ એ ખુલ્લું પડી જતાં એના આયોજકોને શિક્ષા કરવામાં આવી.*

### 17.7.4 ગાયકવાડ અને મરાઠા વિગ્રહો

*પેશવાએ ગાયકવાડને ગુજરાતના પોતાના પ્રદેશોનો ઈજારો ફરી વાર વર્ષે 4.5 લાખના દરે દસ વર્ષ માટે તાજો કરી આપ્યો. (2, ઓકટોમ્બર 1904) હકીકતમાં એ ભગવંતરાવ ગાયકવાડને આપવામાં આવ્યો હતો. ગાયકવાડે 1805 અને 1806 દરમિયાન અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે થયેલી ઘણી લડાઈઓમાં અંગ્રેજ પક્ષે સક્રિય ભાગ લીધો. અંગ્રેજોની હોલકર સાથે થતી નાની મોટી લડાઈઓથી, હોલકરના ગુજરાત પર આક્રમણનો ભય સતત રહેતો.*

### 1. ઈ.સ. 1805 અને 1808ના કરાર

*21, એપ્રિલ 1805માં અંગ્રેજ સત્તા અને ગાયકવાડ સત્તા વચ્ચે કરાર થયા. તેની જોગવાઈઓમાં સહાયકદળમાં પાયદળની સંખ્યા 3,000 હજાર સુધી વધારવામાં આવી. એક યુરોપીય તોપખાનાની ટુકડી રાખવામાં આવીને અંગ્રેજ સત્તાને જરૂર લાગે ત્યારે સૌરાષ્ટ્રમાં લશ્કરની એક ટૂકડી મોકલવાનું ઠરાવવામાં આવ્યું. એના ખર્ચ માટે અગાઉ અપાયેલા ચોરાસી, ચીખલી, સુરતની ચોથ અને ખેડા ઉપરાંત બીજી વધારાની રૂ.11,70,000ની ઉપજવાળા જિલ્લા આપવામાં આવ્યા. એમાં ધોળકા, નડિયાદ, વિજાપુર અને માર તથા મહુધાનો સમાવેશ કરવામાં આવ્યો. કડીનો પટ્ટો તથા કીમ-કડોદરા પણ આપવામાં આવ્યો. ગાયકવાડના વડોદરા રાજ્યની પરદેશ નીતિનું સંચાલન અંગ્રેજ સત્તા દ્વારા થાય, ગાયકવાડ કોઈપણ વિદેશી યા હિંદી વ્યક્તિને અંગ્રેજ સત્તાની પરવાનગી વગર નોકરીએ રાખે નહિ, અંગ્રેજ સત્તા પણ ગાયકવાડની સંમતિ વગર નોકરીએ રાખે નહિ. પેશવા સાથેના તમામ મતભેદોનું નિરાકરણ બ્રિટિશ લવાદીને સોંપાય, એક બીજાના પ્રદેશની ભાગેડુ વ્યક્તિ અરસ પરસના પ્રદેશમાં આશરો લે તો તેને પરત કરે એવી બાંયધરી આપવા જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો.*

### 2. પૂરક કરાર (12, જુલાઈ 1801)

*આ કરારમાં 1805ના કરારનો ફરીથી સમાવેશ કરાયો અને એ કરારમાં અપાયેલા પ્રદેશોની ઉપજની રકમ અગાઉ નક્કી કરાયેલી રૂા.1,76,880ની ઓછી આવતાં રકમનો મેળ પડી શકે માટે ભાવનગર તરફથી આવતી ઘાસ દાણની રકમ અને નડિયાદ સંખેડા, સાદર- મખજી હૈદરાબાદની વેરાની રકમો તથા ધોળકા મોઢેરામાં અમુક ગામો, માતર વિજાપુર વગેરે બધું મળી કુલ 1,76,108ની ઉપજ મળે તેવા પ્રદેશ અંગ્રેજ સરકારે લીધા.*

## 14.8 ફતેસિંહરાવ (બીજો) ગાયકવાડ (રાજયપાલક) 1806 – 1818

*મહારાજા આનંદરાવની ચિતભ્રમની સ્થિતિ ચાલુ રહી. દીવાન સીતારામની ઉશ્કેરણી જનક પ્રવૃત્તિઓ ચાલી હતી એ રાજયમાં સુધારા કરવામાં અવરોધક બની રહ્યો હતો. એણે 1807ના આરંભમાં સૌરાષ્ટ્રમાં રહેલા બાબાજીને પોતાની મદદે આવવા વિનંતી કરી હતી, પણ બાબાજી એની પ્રવૃત્તિઓથી નાખુશ હતો. સીતારામે મહારાજાની જાણ બહાર બેફામ ખર્ચા કર્યા હતા. આથી એના તરફનો ભય બને તેટલો ઓછો કરવા ફતેસિંહરાવની રાજયપાલક તરીકે પસંદગી કરવામાં આવી. મુંબઈની અંગ્રેજ સત્તા પણ સીતારામની પ્રવૃત્તિઓથી નાખુશ હતી. આથી મેજર વોકરે મુંબઈ સરકારને રાજયની વહીવટી સમિતિ સભ્ય તરીકે બાબાજીને નીમવા ભલામણ કરી. બાબાજીએ સૌરાષ્ટ્રનો હવાલો છોડી દીધો અને એ વિઠ્ઠલરાવ દેવાજીને આપ્યો. વડોદરા આવ્યા પછી બાબાજીને વહીવટી કામો ક્રમશઃ વધુને વધુ સોંપાતા ગયા ને સીતારામના ઓછા કરતા ગયા. રાજયમાં ફતેસિંહરાવના સત્તા અને પ્રભાવ પણ વધવા લાગ્યો. સલાહકાર તરીકે ગંગાધાર*

*શાસ્ત્રી હતા. જ્યાં સુધી ગંગાધર વડોદરામાં રહ્યા ત્યાં સુધી ફતેસિંહરાવ સારા શાસક તરીકે હોવાની અને બ્રિટિશ સત્તાને એના મિત્ર તરીકે રહ્યાની પ્રતિનિધિ કરાવી આપી.*

*ફતેસિંહરાવના સમયમાં સૌરાષ્ટ્રમાં રાજ્યની ખંડણી સંબંધમાં નિરાકરણ કરવાની ખાસ જરૂરિયાત ઊભી થઈ; એના પરિણામે 'વોકર સેટલમેન્ટ' કરવામાં આવ્યું.*

### 14.8.1 સૌરાષ્ટ્રમાં ગાયકવાડની સત્તા

*દમાજીરાવના સમય સુધીમાં* (1768) *સૌરાષ્ટ્રમાં ગાયકવાડના તાબામાં ઘણા પ્રદેશ આવી જતાં, ગાયકવાડની સત્તાનો સારા પ્રમાણમાં ફેલાવો થયો હતો, પેશવા અને ગાયકવાડ વચ્ચે થયેલા* 1752-53*ના પ્રદેશ ભાગલા કરાર પ્રમાણે લગભગ* 1800 *સુધી બંન્નેની સંયુક્ત ફોજો ખંડણી ઉઘરાવે એવી જોગવાઈ હતી. ગાયકવાડે પેશવાના હિસ્સાનો ઈજારો* 1814 *સુધી રાખી ખંડણી ઉઘરાવવાનું કામ કર્યું હતું. મુલકગીરી ઉઘરાવનારા મરાઠા સરદારોમાં શીવરામ ગારદી અને બાલાજી આપાજીના નામ મોખરે રહ્યા. એમણે ખંડણીની રકમમાં ઘણો વધારો કર્યો હતો. તેઓ ધાક ધમકી અને બળના જોરે ખંડણી ઉઘરાવતા કેટલીક જગ્યાએ ઘણા ઠાકોર બાબાજી સામે થયા હતા. કડીના મલ્હારરાવે પણ બંડ ઊઠાવ્યું હતું. પરંતુ બાબાજીએ એ બધાને હરાવીને ખંડણી વસૂલ લીધી હતી.*

### 14.8.2 વોકરનું સમાધાન

19*મી સદીના આરંભમાં સૌરાષ્ટ્રમાં રાજકીય સ્થિતિ ભારે અસંતોષવાળી, અજંપાળી અને અરાજકતા ભરી હતી. મરાઠાઓએ છેક* 1721*ના અરસાથી સંખ્યા બંધ સવારીઓ કરી ખંડણી વસૂલ લેવાનું કામ કર્યું હતું.*

*વર્ષે થતી મુલકગીરી સવારીઓથી ત્રાસેલા ઠાકોરોએ એનો ઈન્કાર કરી સામનો કરવા માંડયો. આથી ફરી ખંડણી નિયમિત મળતી રહે અને રક્તપાત નિવારી શકાય એ માટે ઉકેલ લાવવાનું જરૂરી માનવામાં આવ્યું.*

*કર્નલ વોકરે વડોદરા પાછા આવી સુધારાનું કાર્ય પુનઃ શરૂ કર્યું. દીવાન સીતારામે ઘણા નાલેશી ભર્યાં કૃત્ય કર્યાં હતા. તેણે હાફિક ગુલામ હુસેન નામની વ્યક્તિ સાથે પત્ર વ્યવહાર દ્વારા ગુજરાતમાં બ્રિટિશ સત્તા નાબુદ કરવા ખટપટો શરૂ કરી હતી. સીતારામની આવી ખટપટી પ્રવૃત્તિ સામે વોકરે સખતાઈથી કામ લીધું.*

*બાલાજી આપાજીનું અવસાન* 28, *નવેમ્બર* 1810*ના રોજ થતાં તેનો પુત્ર વિઠ્ઠલરાવ ભાઉ (ખાસગીવાલા) પદે આવ્યો. વિઠ્ઠલરાવે બે વર્ષ સુધી મંત્રી તરીકે રહ્યો અને એ પછી ગંગાધર શાસ્ત્રી આવ્યો.* 1813*માં ગંગાધર શાસ્ત્રીને મુંબઈની અંગ્રેજ સત્તા તરફથી 'મુતાલીક' તરીકે નીમતી સનદ મળી અને વાર્ષિક રૂ.*6000 *હજાર પગાર આપવાનું ઠરાવી આપ્યું.*

### 14.8.3 ગાયકવાડની મુશ્કેલીઓ

12, *ફેબ્રુઆરી* 1812*માં વડોદરા સરરકારે કંપની સત્તાનું દેવું ભરપાઈ કરી દીધું હોવાથી મુંબઈની સત્તાને વડોદરા રાજ્યની જરૂરી આંતરિક બાબતોમાં ચાંપતી દેખરેખ રાખવાની*

જરૂર લાગતી ન હતી. પરંતુ ફરીવાર કાન્હોજીએ વડોદરા રાજ્યમાં બંડ કરવાની પ્રવૃત્તિઓ કરી. તેણે નવાનગરના જામને પણ પોતાના પક્ષે લીધો, પણ એ રાજા જામ ટૂંક સમયમાં જ અંગ્રેજ સત્તા સાથે સમાધાન થતાં એમાંથી છૂટો પડયો. કાન્હોજીએ બીજા પણ અસંતુષ્ટ તત્ત્વોને ભેગાં કર્યા હતો. પરંતુ ભરૂચના કેપ્ટન બેલેસ્ટાઈને કાન્હોજીના કેન્દ્ર પાદરા પર હલ્લો કરી કાન્હોજીને કેદ કર્યો. એને પહેલા સુરત અને પછી મુંબઈ લઈ જવામાં આવ્યો અને છેવટે મદ્રાસમાં જીવતાં સુધી નજર કેદમાં રાખવામાં આવ્યો. આવી સ્થિતિમાં વડોદરાના રેસિડેન્ટને વડોદરાના વહીવટ પર ચાંપતી દેખરેખ રાખવાનું કહેવામાં આવ્યું. 12, ડિસેમ્બર 1812 મુહમ્મદ અબૂદ સિંધિયા વતી સાવલી નજીક ખંડણી ઉઘરાવતો હતો તે ગાયકવાડ સરકારને ધિક્કારતો અને એણે રાજ્યમાં ભારે મુશ્કેલીઓ ઊભી કરી એવો તખતાબાઈની વિનંતીથી માંડુજી ઢમઢેર સાથે રહીને આમોદ પર થોડી ટૂકડીઓ સાથે કૂચ કરી. પરંતુ આમોદ પેશવાનું ખંડીયું ગામ હતું. તેના પર આક્રમણ કરવામાં આવે તો પેશવ સાથે ગાયકવાડને સંઘર્ષમાં આવવું પડે તેમ હતું. તેથી ફતેસિંહરાવની વિનંતીથી એ આક્રમણની યોજના પડતી મૂકવામાં આવી.

1813માં ખાનદેશ તરફથી પીંઢારાઓએ આવીને ગુજરાતમાં હલ્લા કર્યા અને તેઓ નવસારી લૂંટીને જતા રહ્યા. આમાં ગાયકવાડના સૈનિકોના નબળો દેખાવને કારણે ગાયકવાડની પ્રતિષ્ઠાને ઝાંખમ લાગી. આવા સરહદી તોફાન વારંવાર થતા રહેતા.

### 14.8.4 પેશવાના હક્ક દાવા

ઈ.સ. વસાઈના કરાર અને 1805ની ગાયકવાડ સરકાર અને મુંબઈ સરકાર વચ્ચે થયેલા નિર્ણાયક કરારમાં સમાવિષ્ટ કરાયેલ પેશવાના હક્કદાવાનું નિરાકરણ થયું ન હતું. અમદાવાદના ઈજારાની મુદત પૂરી થવા આવી હતી, પેશવા – ગાયકવાડ વચ્ચેના રાજકીય સંબંધ પણ સુખદ ન હતા.

ગાયકવાડને એવો ડર હતો કે પેશવા અમદાવાદનો ઈજારાની મુદત લંબાવી આપશે નહિ અને વડોદરા રાજ્ય સહન ન કરી શકે તેવી નાણાકીય માંગણીઓ મૂકશે, આથી સમાધાન સાધવા માધવરાવ તાત્યા મજૂમદારને પૂણે મોકલવાની નક્કી કર્યું. પણ પાછળથી એને બદલે બાલાજીના ગાઢ મિત્ર બાપુ મૈરાખને પસંદ કરવામાં આવ્યો. બાપુ મૈરાખ પૂણે પહોંચી પણ ગયો એના પછી ગંગાધર શાસ્ત્રી જાય એવું અગાઉથી નક્કી થયેલું હતું. પરંતુ ગંગાધરની ઈચ્છા જવાની ન હતી એમ છતાં એ ભારે અનિચ્છાએ અને બ્રિટીશ રક્ષણની સલામતી નીચે પૂણે જવા નીકળ્યો. (ઓકટોમ્બર-29, 1813).

મુંબઈની અંગ્રેજ સત્તા પેશવા-ગાયકવાડ વચ્ચે મતભેદોનું નિરાકરણ થાય તેમ ઈચ્છતી હતી, તેથી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખતી હતી. અમદાવાદનો ઈજારો, ગાયકવાડ પાસે ચાલુ રહે એમ એ ઈચ્છતી હતી, કારણ કે મુંબઈ સત્તાના પ્રદેશોની સરહદો ઘણી જગ્યાએ અમદાવાદ પ્રદેશ સાથે ભેગી થતી હતી. જો પેશવા વડોદરા સાથે નવા સ્વરૂપના રાજકીય સંબંધ બાંધે તો એના પ્રયાસને અવરોધવાના હતા. આ કારણે મુંબઈ સત્તા પેશવા – ગાયકવાડની બાબતમાં ભારે રસ ધરાવી હતી.

### 14.8.5 વડોદરામાં જૂથબંધી

*આ સમયે વડોદરામાં બે જૂથ હતા. એક જૂથ બ્રિટિશ સાથેના જોડાણમાં માનતું તો બીજું જૂથ અમુક શરતો પૂરી થાય તો પેશવા વડોદરામાં રાજ્ય પર પોતાની સર્વોપરી સત્તા સ્થાપવાનો પ્રયાસ કરે તો એમાં મદદ કરવા આતુર હતું. એ જૂથ ગંગાધર શાસ્ત્રીની પૂણેની પ્રવૃત્તિઓથી માહિતગાર રહેતું.*

*પૂણેના રેસિડેન્ટ એલ્ફિન્સ્ટને ફેબ્રુઆરી 1814માં ગોવિંદરાવ બંધુજી ગાયકવાડ જે પૂણેમાં બેઠો બેઠો પેશવા સાથે કાવતરા ઘડી રહ્યો હતો, તેને વડોદરા પાછા બોલાવી લેવા માંગણી કરી. આજ સમયે ગંગાધર શાસ્ત્રીએ પૂણેની રેસિડેન્ટની કચેરીના મુખ્ય કારકૂન કરસેટજી શેઠ મોદી પર આક્ષેપ કર્યો કે એ પોતાના માટે અમદાવાદનો ઈજારો લેવાનો પેરવી કરી રહ્યો છે તેથી તેને હોદ્દા પરથી ઉતારી મૂકવો જોઈએ. હકીકતમાં એ ઈજારો વિઠ્ઠલ નારસિંગા ઉર્ફે ત્રાંબકજી ડેગળેને આપવામાં આવનાર હતો. ગંગાધર શાસ્ત્રીએ એ પણ સૂચવ્યું હતું કે મોદી અને ત્રાંબકજી ફતેસિંહરાવ અને અંગ્રેજ સત્તા વિરૂદ્ધ પેશવા પર દબાણ લાવી પોતાને સતત હેરાન – પરેશાન રહેવું પડે અને ભયભીત રહેવું પડે એવી પેરવી કરી રહ્યા છે.*

*વડોદરામાં રાણી તખતાબાઈ અને ખટપટી સીતારામ હવે એકત્ર થયાં હતા. સીતારામ અંગ્રેજ વિરોધી પક્ષનો નેતા બન્યો હતો. એને સત્તા ભ્રષ્ટ કરવામાં ભાગ લેનાર તમામનું વેર વાળવું અને અગાઉનું સ્થાન ફરી પ્રાપ્ત કરવાની ઈચ્છા હતી. એ વડોદરા અને પૂણેમાં અસંતુષ્ટ લોકોનું સંકલન કરી લાભ મેળવવા માંગતો હતો. પૂણેમાં એના તરફી પક્ષકાર તરીકે ગોવિંદરાવ બંધુજી ગાયકવાડ અને સદ્ગત મહારાજા ગોવિંદરાવનો અનૌરસ પુત્ર ભગવંતરાવ પણ હતો. રાણી ગેહનાબાઈ ભગવંતરાવને નાણા પુરા પાડતી હતી. સીતારામે પૂણે અને મુંબઈની કચેરીમાં પોતાના ખાસ માણસ રાખ્યા હતા. મુંબઈની સત્તાની વહીવટી કાઉન્સિલના ગુપ્ત હેતુઓ અને ઠરાવોની એને માહિતી મળતી રહે એવી વ્યવસ્થા ગોઠવી હતી.*

*ગંગાધર શાસ્ત્રીનો બ્રિટિશ રેસિડેન્ટના ટેકાથી જે રીતે અભ્યુદય થયો હતો તે આનંદરાવ અને ગોવિંદરાવના જૂના નોકરોને ગમતું ન હતું. તેઓ શાસ્ત્રીને વચ્ચે આવી પડનાર અનિચ્છનીય વ્યક્તિ તરીકે ઓળખતા જો શાસ્ત્રીને પૂણેનું સોંપવામાં આવેલ કાર્યમાં સફળતા મળે તો તે કાયમને માટે મુખ્યમંત્રી બની રહે અને જો નિષ્ફળતા મળે તો એને વડોદરા પાછો બોલાવવામાં આવે એવી સ્થિતિ હતી. સપ્ટેમ્બર 1814માં શાસ્ત્રીએ પેશ્વા સમક્ષ કેટલીક નાણાકીય બાબતે દરખાસ્તો મૂકી પેશ્વા પોતાના હક્ક દાવા માટે 50 લાખનો સ્વીકાર કરશે અને વર્ષે 8 લાખના હિસાબે પાંચ વર્ષ માટે ઈજારાની મુદત લંબાવી આપશે એવી અપેક્ષા રાખી હતી. પરંતુ પેશ્વાએ દરખાસ્તોનો સ્વીકાર કર્યો નહિ અને તા.23, ઓક્ટોમ્બર 1814માં અમદાવાદનો હવાલો ત્રાંબકજી ડેંગળેને આપ્યો. તો વડોદરામાં ફતેસિંહરાવે અમદાવાદના ઈજારા બાબતે વિરોધી ભાગ ભજવનારા સીતારામને કેદમાં નાખ્યો. જેથી વધુ ભાગ ભજવી ન શકે.*

*પેશ્વાએ રેસિડેન્ટ એલ્ફિન્સ્ટનની મુલાકાત કરી વડોદરા રાજ્ય માટે દીવાન નીમવાનો હક્ક છે એવું જણાવી સીતારામના વખાણ કર્યા. અને તેની તરફેણ કરી જ્યારે*

*ગંગાધર શાસ્ત્રી માટે તિરસ્કૃત વલણ બતાવ્યું. પોતાને વડોદરાના આંતરિક મામલામા તપાસ કરવાનો હક્ક છે એવું જણાવ્યું. એલ્ફિન્સ્ટને પેશ્વાની રજુઆત પ્રત્યે સખ્ત ના પસંદગી વ્યકત કરી અને પેશ્વાને માત્ર કાયદેસર રીતે ગાદીએ બેસનાર ગાયકવાડને મંજૂરી આપવાનો જ હક્ક છે એમ સ્પષ્ટપણે કહ્યું.*

*ઈ.સ. 1815માં પેશ્વા અને ગંગાધર શાસ્ત્રી વચ્ચે ચર્ચા થઈ. શાસ્ત્રીએ પેશ્વા સાથે વધુ વાટાઘાટો ચલાવી, પરંતુ પેશ્વાએ રાજકીય હક્કદાવાનું નિરાકરણ કરવા માટે આગ્રહ રાખ્યો અને જેમ બને તેમ વાટાઘાટો વધું લંબાય એવી નીતિ અપનાવી. ગંગાધર શાસ્ત્રીને માત્ર નાણાકીય હક્કદાવા માટે વાટાઘાટો કરવાનો અધિકાર હતો અને એનું મુખ્ય કાર્ય હતું. જ્યારે પેશ્વાએ એ બાબતને ગૌણ માની ગાયકવાડ પરનો પોતાના સર્વોપરી અધિકાર છે એવો હક્ક સ્વીકારવાનું વલણ અપનાવ્યું. એણે ગંગાધર શાસ્ત્રીને પોતાનો મંત્રી બનવાનું પ્રલોભન આપ્યું. પરંતુ શાસ્ત્રીએ એલ્ફિન્સ્ટનની સલાહથી એ પદ સ્વીકાર્યુ નહિ. શાસ્ત્રી આમ પહેલા અંગ્રેજ સત્તાનો વફાદાર અને માન ધરાવતો નોકર હતો. એની વફાદારી આ વખતે પણ ચાલું હતું. તેથી એ અંગ્રેજ સત્તાના અધિકારીઓની સલાહ પ્રમાણે વર્તતો. પેશ્વાએ શાસ્ત્રીનો પુત્રનું લગ્ન પોતાની સાળી સાથે થાય એવી ઈચ્છા વ્યક્ત કરી. પેશ્વાએ જોયું કે ગંગાધર શાસ્ત્રીએ પેશ્વાની ઓફરનો અનાદર કરે છે તેથી તે અવરોધક અને અનિચ્છનીય વ્યક્તિ બની રહી છે. તેથી છેવટે તેણે હત્યાનું કાવતરું યોજવા બાબતમાં પ્રોત્સાહન આપ્યું. જેનો મુખ્ય સૂત્રધાર ત્રાંબકજી ડેંગળે હતો. આ કાવતરાના ફળ સ્વરૂપે ગંગાધર શાસ્ત્રીની હત્યા 20, જુલાઈ 1815ના રોજ પંઢરપુરમાં વિઠોબાના મંદિરથી પાછા ફરતા રસ્તામાં કરવામાં આવી. આવી કરપીણ હત્યાથી વાતાવરણ ભારે તંગ બન્યું. હત્યા પછી બાપુ મૈરાખ અને શાસ્ત્રીનું કુટુંબ ભારે મુશ્કેલીથી ત્યાંથી નાસી છૂટયાં. આ હત્યા કરાવવાથી પેશ્વા ત્રાંબકજી અને વડોદરામાં અંગ્રેજ વિરોધી જૂથને ભારે સફળતા મળતી દેખાઈ. પરંતુ શાસ્ત્રીની હત્યા બાદ પરિસ્થિતિ વણસી જાય એ અંગ્રેજ સત્તાવાળાઓને ગમે એમ ન હતું. પેશ્વા બાજીરાવ તેમજ ત્રાંબકજી ડેંગળે એ અને એમના સાગરીતોએ મળી શાસ્ત્રીજીની હત્યા કરી હતી. એ જાણવા છતાં અંગ્રેજ સત્તાએ પેશ્વા સાથે અત્યંત ખામોશી રાખી કામ લીધું. ત્રાંબકજી અને તેના સાગરીતો સોંપી દેવા પેશ્વા બાજીરાવને કહેવામાં આવ્યું. બાજીરાવે અન્ય મરાઠા સરદારોનો સાથ મળે તો અંગ્રેજો સામે લડી લેવું. પણ આવી કોઈ મદદ ન મળતા બધી પરિસ્થિતિનો તાગ મેળવી રેસિડેન્ટ એલ્ફિન્સ્ટનની સલાહ સ્વીકારી ત્રાંબકજીને રેસિડેન્ટને હવાલે કર્યો. ત્રાંબકજીનેથાણાના ગઢમાં રાખવામાં આવ્યો. ભગવંતરાવ અને ગોવિંદરાવનો કબજો ફતેસિંહરાવને સોંપવામાં આવ્યો. અંગ્રેજ સત્તા યુદ્ધ થાય તેમ ઈચ્છતી ન હતી. અંગ્રેજોની સંમતિ અને સલામતીની બાંહેધરી છતાં ગંગાધર શાસ્ત્રીની હત્યા થવાથી વડોદરામાં વાતાવરણ ભારે ઉશ્કેરાટ ભર્યુ બન્યું હતું. ફતેસિંહરાવ ભારે રોષ સાથે ગમગીન હતો.*

### 14.8.6 સીતારામની ખટપટોનો અંત :- ( એપ્રિલ 1816 )

*અંગ્રેજ વિરોધી સીતરામનું જૂથ શાસ્ત્રીની હત્યા થવાથી આવંદિત થયેલું હતું અને પેશ્વાની દરમિયાનગીરીથી સીતારામને ફરીથી વડોદરાનો દીવાન નીમવામાં આવશે એવી આશા રાખી રહ્યું હતું. વળી નબળા મનનો મહારાજા આનંદરાવે પણ ગોવિંદરાવને આવું કામ થાય એ જોવા માટે એક પત્ર લખ્યો હતો અને ગોવિંદરાવે કરેલા કાર્યની પ્રશંસા કરી હતી. આ રીતે સીતરામને આનંદરાવનો ટેકો મળી રહ્યો. એ ઉપરાંત સીતારામને ગેહનાબાઈ અને તખતાબાઈનો પણ ટેકો હતો. વડોદરામાં તોફાનો થાય તો સીતારામના જૂથે સેવક બાપુ રઘુનાથને ધારથી ચાર હજારના લશ્કર સાથે સરહદ ઓળંગી વડોદરા કૂચ કરવા કહેવડાવ્યું હતું. અમદાવાદમાં પેશ્વાના સુબો પણ લશ્કરી તૈયારી કરી રહ્યો હતો અને વડોદરાના અસંતુષ્ટ જૂથ સાથે વાટાઘાટો કરી રહ્યો હતો, પણ સીતારામની તરફેણમાં વડોદરામાં જે બંડ થવાનું હતું તે અપરિપક્વ પુરવાર થયું. ફતેસિંહરાવ તત્કાલ પુરતો રાણી ગેહનાબાઈના પ્રભાવમાં આવ્યો, રેસિડેન્ટે સીતારામનો કબજો પોતાને સોંપી દેવા માંગણી કરી, પણ ફતેસિંહરાવ એ મંજૂર રાખી નહી સીતારામને પહેલા સુરત અને પછી મુંબઈ લઈ જવાનો હતો, તાજેતરના બનાવોની તપાસ પૂરી થતાં સીતારામના રહેઠાણને કેદખાનામાં ફેરવી નાંખવામાં આવ્યું. (20, સપ્ટેમ્બર 1815) ને ત્યાં જ અંગ્રેજ લશ્કરી મૂકવામાં આવ્યું પરંતુ છેવટે સીતારામને મુંબઈ લઈ જવાનો હુકમ કરાયો.*

### 14.8.7 ગાયકવાડનું અંગ્રેજ વિરોધી વલણ

*શાસ્ત્રીની હત્યા પછી ફતેસિંહરાવનું વલણ અંગ્રેજ સરકાર પ્રત્યે હઠીલું બન્યું હતું. પોતે સ્વતંત્ર થવાની ઈચ્છા રાખતો હતો રેસિડેન્ટ તરીકે એવી વ્યક્તિને જોવા માંગતો હતો કે જે એની અને ગાયકવાડના દરબારની વચ્ચે કડી સમાન બની રહે. આથી (20, ફેબ્રુઆરી 1816) ધાકજી દાદાજીની નિમણૂંક મધ્યસ્થ તરીકે માસીક રૂ. 250ના પગારથી કરવામાં આવી. ફતેસિંહરાંવે શરૂઆતથી જ ધાકજીને અંગ્રેજ તરફી બીજો શાસ્ત્રી માની લીધો. ધાકજી પોતાના કાર્યોમાં અવરોધક બની રહશે એવું માની અગાઉના બનાવોથી તેને અજાણ રાખવામાં આવ્યો અને તેની દરેક બાબતમાં શાહુકાર બેચર માણેકદાસની સલાહ લેવાનું રાખ્યું. આ સ્થિતિ રેસિડેન્ટે બેચરને સલાહકાર તરીકે કરવાની વિનંતી કરી ત્યાં સુધી રહી. ફતેસિંહરાવનું વલણ હવે બંન્ને પક્ષો સાથે ઝઘડાખોર બન્યું. રેસિડેન્ટ સાથે ઘણી બાબતોમાં મતભેદ વધતા ગયા. અને એક બીજા પ્રત્યે અસહિષ્ણુતાનું વાતાવરણ સર્જાયું. રેસિડેન્ટે તો ફતેસિંહરાવ વડોદરા રાજ્યની હિત – વિરોધી પ્રવૃત્તિ કરવા લાંચ લે છે એવો પણ આક્ષેપ કર્યો હતો. (15, ઓગષ્ટ 1816) પરંતુ મુંબઈની સત્તા વડોદરા રાજ્યની આંતરિક બાબતમાં અને વહીવટમાં ઊંડી દરમ્યાનગીરી કરવામાંથી દૂર રહેવા માંગતી હતી. દીવાનની નિમણૂંકની બાબતમાં છેવટે એલો અંગ્રેજ સત્તાની બાંયધરીથી શાસ્ત્રીનો મોટો પુત્ર ભીમશંકર જે કિશોર વયનો હતો, તેને વડોદરાના દીવાન તરીકે નિમ્યો ( 9, ડિસેમ્બર 1816), ને દીવાનની ફરજો યશવંતરાય દાદાએ સંભાળી.*

**14.8.8 ઓખા મંડળમાં બખેડા**

*1809માં વડોદરા સત્તાએ ઓખા મંડળના વાઘેર મુખીઓ માટે પોતાની જામીનગીરી આપી હતી છતાં તેમણે 1810માં લૂંટફાટની પ્રવૃત્તિઓ શરૂ કરી એ સમયે રેસિડેન્ટ તરીકે કર્નલ વોકરની જગ્યાએ કેપ્ટન કર્નાક આવ્યો હતો તેણે 'વડોદરા – સવારદળો' નામે ઓળખાતી ટૂકડી દ્વારકા મોકલી અને પરિસ્થિતિ કાબુમાં લીધી. 1813માં અમરેલીના આસિસ્ટન્ટ રેસિડેન્ટ કેપ્ટન બેલે ટાઈને વાઘેરોને કર્નલ વોકરે નાંખેલ દંડ ભરવાની તાકીદ કરી, પરંતુ એ બીજા વર્ષ સુધીમાં માત્ર 1/3 જેટલો દંડ મહામુશ્કેલીએ વસૂલી શક્યો હતો. આવી સખતાઈ છતાં વાઘેરોએ એમની મૂળ પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી, આથી મુંબઈ સત્તાએ એમને નમાવીને શરણે લાવવા મક્કમ નિર્ધાર કર્યો.1816માં કર્નલ ઈસ્ટનને મોકલવામાં આવ્યો. તેણે એ કામ પુરું કર્યું. દ્વારકા અને બેટ ટાપુ હિંદુઓના પવિત્ર ધાર્મિક સ્થળ હતાં તેથી સંપૂર્ણ સર્વોપરી સત્તા સાથે એ સ્થળો ગાયકવાડને સોંપી દેવા વિચાર્યું અને એ માટે પૂરક કરાર કરવામાં આવે. નવેમ્બર 1817, 1818માં પતરામલ માવોકની આગેવાની નીચે વાઘેરો થોડાં રમખાણ કર્યા હતા, પણ એ સત્વર દાબી દેવાયા.*

- **તમારી પ્રગતિ ચકાસો – 1**

1. *ગોવિંદરાવ ગાયકવાડની રાજકીય સ્થિતિ વર્ણવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. *સયાજીરાવ ગાયકવાડ પહેલાની કામગીરી જણાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. ફતેસિંહરાવ પહેલાની કામગીરીનું વર્ણન કરો.

4. નીચેનાં વિધાનોમાંથી કયાં સાચાં (✔) અને કયાં ખોટાં (✕) છે તે દર્શાવો.
   1. ગોવિંદરાવ મનુબાઈનો પુત્ર હતો.
   2. પેશ્વા માધવરાવના ધારાશાસ્ત્રી રામરાવ શાસ્ત્રી હતા.
   3. ફતેસિંહરાવ પહેલા પછી સયાજીરાવ-1લોને સેનાખાસખેલનો ઈલ્કાબ મળ્યો હતો.

**14.8.9 પૂણે – કરાર**

વસાઈના કરારને પંદર વર્ષ થઈ ગયા હતા અને વાટાઘાટો ચાલુ થયાને પાંચ વર્ષ થયા હતા છતાં પણ પેશ્વાને સંતોષ થતો ન હતો અને ગાયકવાડ ફતેસિંહરાવ મચક આપવા માંગતો ન હતો. છેવટે કંપની સત્તા વતી એલ્ફિન્સ્ટને અને પેશ્વા વતી મોરો દીક્ષિતે તથા બાલાજી લક્ષ્મણે પૂણે ખાતે તારીખ 13 જૂન 1817ના રોજ 'પૂણે કરાર'ના નામથી ઓળખાતા કરાર કર્યો. એ કરારની કલમ 5 પ્રમાણે પેશ્વાએ ગાયકવાડ પરના પોતાના ભૂતકાળના હક્કદાવા 4 લાખ રૂપિયા સ્વીકારી છોડી દીધા અને કલમ 7 પ્રમાણે પેશવાએ પોતાની સૌરાષ્ટ્રની ખંડણી અંગ્રેજ સત્તાને સોંપી કલમ 15 પ્રમાણે અમદાવાદનો ઈજારો વાર્ષિક સવા ચાર લાખ રૂપિયાના બદલામાં ગાયકવાડને અને એના ઉત્તરાધિકારીને આપ્યો. આ કરાર પ્રમાણે જંબુસર, આમોદ, દેસબોરા, ડભોઈ અને બહાદરપુર અંગ્રેજ સત્તાને અપાયા, પાછળથી સાવલી પણ અપાયું.

*આમ, પૂણે કરારનું મહત્ત્વ જોઈએ તો ગુજરાત પેશ્વાના અમદાવાદ અને ઓલપાડ પરના હક્ક સિવાયના તેમજ ગાયકવાડ પાસે વાર્ષિક લેણી પડતી રકમ સિવાયના બધા જ હક્કો અને પ્રદેશો પરના અધિકાર નાબૂદ કરવામાં આવ્યા હતા. પેશ્વાએ ગાયકવાડ પરનો ભવિષ્યનો પોતાને અધિન સત્તા તરીકેનો અધિકાર જતો કર્યો હતો. ગાયકવાડ હવે પેશ્વાથી અલગ બની સ્વતંત્ર્ય રાજા બન્યો હતો, ખંડણી લશ્કરી સેવા 'નજરાણા' આપવામાંથી મૂક્ત બન્યો હતો.*

**પૂરક – કરાર ( 6, નવેમ્બર 1817 )**

*તા. 25, જૂન 1817ના રોજ અમદાવાદનો ઈજારો ગાયકવાડને આપવા બાબતની સનદ તૈયાર કરવામાં આવી અને એનો અમલ એક મહિનામાં કરવામાં આવ્યો. એજ દિવસે મુંબઈની અંગ્રેજ સત્તાને લાગ્યું કે હવે ગાયકવાડની સ્થિતિ સુધરી છે અને એને ગુજરાતમાં પ્રદેશોની દૃષ્ટિએ મોટો હિસ્સો મળ્યો છે તેથી હવે વધુ 'સહાયક દળ' રાખવા અને નિભાવવા કહેવું જોઈએ. કચ્છ અને વાઘેરો સામે અંગ્રેજોએ બાર લાખ જેટલી રકમ ખર્ચી હતી. મુંબઈના ગવર્નર કલકત્તાના ગવર્નર-જનરલને ઘણા સૂચનો અને દલીલો સાથે લખ્યું હતું. એનું સ્વરૂપ આવું હતું. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આક્રમણ સામે અને આંતરિક ગરબડો કે તોફાનો ઉત્પાતો સામે રક્ષણની સમગ્ર જવાબદારી અંગ્રેજ સત્તાએ લીધેલી છે, આથી વધારાનું સહાયક દળ કે જેમાં બે સવાર ટૂકડી (રેજિમેન્ટ) અને 1,000ના દેશી પાયદળનો સમાવેશ થાય તે ગાયકવાડ રાખે અને એ સામે એ સૌરાષ્ટ્રની ખંડણી અંગ્રેજ સત્તાને સોંપી દે, જો ગાયકવાડને યોગ્ય લાગે તો પોતાના લશ્કરમાં એટલો પ્રમાણસર ઘટાડો કરી શકે છે. વધારાની સહાયક દળની મદદ ઉપરાંત પરદેશો સાથેના યુદ્ધના પ્રસંગોએ ગાયકવાડ અંગ્રેજ સત્તાને મદદ કરે એવું બંધન મુકવામાં આવે અને વિદેશીઓ સાથેના યુદ્ધમાં જે લાભો થાય તેમાંથી ગાયકવાડને પણ બદલો આપવામાં આવશે. પેશ્વા હવે ગુજરાતમાંથી વિદાય થઈ ગયો હતો. તેથી ગાયકવાડ સાથે એવા વેપારી કરાર થાય કે જેમાં વડોદરામાં જે બિનજરૂરી વેરા હતા તે પણ નાબૂદ થઈ શકે. મુંબઈની અંગ્રેજ સત્તાએ છેવટે એ પણ વિચાર્યું કે પેશ્વાએ ડભોઈ, સાવલી અને બહાદરપુરના બદલામાં ગાયકવાડને પટ્ટેથી આપેલ વિરમગામ અને પંચમહાલ પણ લઈ લેવાં આવા મુદ્દાઓને આધારે પૂરક કરાર કરવામાં આવ્યા.*

*ફતેસિંહરાવે સહાયક દળ વધારવા અને એના નિભાવ ખર્ચની ચૂકવણી માટે પ્રદેશો આપવા સંમત્તિ આપી, પણ સૌરાષ્ટ્ર પરના પોતાના હક્ક જતાં કરવાની તૈયારી ન બતાવી અને તાજેતરમાં મળેલો અમદાવાદનો ઈજારો જો અંગ્રેજ સરકાર એનું ભાડું આપે તો 'જાયદાદ' તરીકે એના બધા હક્કો સાથે આપવા તૈયારી બતાવી. આમાં ભાડાની ચોખ્ખી રકમ રૂ.12,61,939 થવા જતી હતી. એમાં અડધા ભાગનું અમદાવાદ શહેર, પેશવાના દસક્રોઈ, વિરમગામ, પ્રાંતિજ અને હરસોલમાં રહેલા હિસ્સાનો તેમ પંચમહાલનો સમાવેશ થઈ જતો હતો. સમજૂતી પ્રમાણે અમુક ભાગનું અમદાવાદ તેમજ ડભોઈ અને*

બહાદરપુરની સોંપણી કરવામાં આવી. (30, નવેમ્બર થી 1,ડિસેમ્બર, 1817) 5 જૂલાઈ 1818માં પેશ્વાએ અમદાવાદ પરનો કબજો છેવટે છોડી દીધો. પરંતુ આમાં અમદાવાદ મેળવવાનો પ્રશ્ન અંગ્રેજ સત્તાએ અને ગાયકવાડની સરકારે પ્રતિષ્ઠાનો બનાવ્યો હતો.

છેવટે જે સમાધાન થયું તેમાં ગાયકવાડે દસક્રોઈ તથા અમદાવાદ શહેરમાંની 'હવેલી' રાખ્યા અને મહીકાંઠાની ખંડણી કાયમ માટે મેળવી અને અમદાવાદ પરનો પોતાનો હિસ્સો જે રૂ.1,65,313નો થતો હતો તે અંગ્રેજોને આપ્યો. વળી આ સમયે પેશ્વાએ પણ ગાયકવાડને એક સનદ મોકલી ખબર આપી કે "અમે અમારી અમદાવાદમાંની સર્વોપરી સત્તા અંગ્રેજ સત્તાને આપી દીધી છે. આમ, અમદાવાદ મેળવીને ઉત્તર ગુજરાતમાં પોતાના પ્રદેશોને સંગઠિત કરવાનું કાર્ય સરળ બની રહેતાં મુંબઈની અંગ્રેજ સત્તાને ઘણી ખુશાલી થઈ હતી.

પુરક કરારની કલમ- 7 પ્રમાણે ઓખાં મંડળનો પ્રાંત તથા બેટ ટાપુ ગાયકવાડને મફત બક્ષિસ તરીકે આપવામાં આવ્યો. શરત એ મૂકવામાં આવી કે બેટ ટાપુ પર અંગ્રેજો પોતાનો માલ - જથ્થો અનામત રાખવા માટે એક મકાન રાખશે અને અંગ્રેજોના જહાજ વડોદરાને હોય તેવાં બંદરોએ હરક્ત વિના આવ જા કરી શકશે એવી જ રીતે વડોદરાના જહાજ પણ બ્રિટિશ અંકુશ નીચેનાં બંદરોએ મુક્ત અવર જવર કરી શકશે. ચાંચિયાગીરીને પણ ડામી દેવાની હતી. એક બીજી કલમ અનુસાર કંપની સરકારે પણ ભવિષ્યમાં પ્રદેશની આપેલ નહિ કરવામાં આવે એવી કબૂલાત આપી.

આ કરાર પછી થોડાં જ અઠવાડિયામાં કેપ્ટન કર્નાકને પ્રદેશોની નવી ફેર બદલી કરવા માટે કહેવામાં આવ્યું. ગાયકવાડે પહેલા દસક્રોઈ આપ્યું અને એ પછી એ જિલ્લાનાં " ઈનામ " અને હુમલાં ગામડાં આપ્યાં અને છેવટે અમદાવાદની 'હવેલી ' આપી. આ ફેરફારને મુંબઈની સત્તાએ છેવટે બહાલી આપી. (નવેમ્બર 1818) એના બદલામાં ગાયકવાડને પેટલાદમાંની જમીનો મળી અને સુરત અઠ્ઠાવીસી અને કેટલાક ગામોની બાકી પડતી 'મોગલાઈ' વેરાની રકમ માફ કરવામાં આવી. છેવટે પેશવાનો પેટલાદ નગર પરનો હિસ્સો ઉમરેઠના બદલામાં ગાયકવાડને આપવામાં આવ્યો. આ સાથે જ ગાયકવાડને સિદ્ધપુર ભેટ તરીકે આપવામાં આવ્યું.

1818માં અંગ્રેજો અને પેશવા વચ્ચે જે ઘણાં યુદ્ધ થયાં તેમાં વડોદરાના રાજયપાલ ફતેસિંહરાવે અંગ્રેજોના વફાદાર મિત્ર તરીકે કામગીરી કરી ફતેસિંહરાવે સહાયક દળ ઉપરાંત પોતાની ટૂકડીઓ પણ સેવામાં હાજર રાખી અંતે અંગ્રેજોને સફળતા મળી હતી. ફતેસિંહરાવે આપેલી મદદ બદલ એને કોઈ નવો પ્રદેશ મળ્યો નહિ, પરંતુ જો પેશ્વાની સત્તાનો અંત ન આવ્યો હોત તો એને ચાર લાખ રૂપિયાની ખંડણી ભરવી પડી હોત.

ફતેસિંહરાવનું 26 વર્ષની વયે તા. 23, ઓગષ્ટ 1818માં અવસાન થયું. એણે અંગ્રેજ સત્તા પ્રત્યે વફાદારી રાખી ભાગ ભજવ્યો તેથી એના પ્રત્યે અંગ્રેજ સત્તાએ ભારે આદર બતાવી અંજલી આપી. ફતેસિંહરાવના અવસાન બાદ આનંદરાવની ગાદીનો હક્કદાર ફતેસિંહરાવનો 19 વર્ષનો નાનો ભાઈ સયાજીરાવ હતો. તમારી પ્રગતિ ચકાસો –2

1. ગોવિંદરાવ અને આબા શેલુકર વચ્ચેનો ઘર્ષણની માહિતી આપો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. ઈ.સ.1805 અને 1808ના કરાર વર્ણવો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. ઈ.સ. 1817નો પૂણે કરારનું વર્ણન કરો.
4. _______________________________________________

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

5. ફતેસિંહરાવ (બીજો) ગાયકવાડની કામગીરીનું મૂલ્યાંકન કરો.

________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________

## 14.9 સમાપન

આમ, અંહી આપણે ઈ.સ.1768 થી 1818 દરમિયાન વડોદરાના ગાયકવાડી રાજ્યની રાજકીય સ્થિતિ અને ગોવિંદરાવ,સયાજીરાવ પહેલો, ફતેસિંહરાવ પહેલો,માનાજીરાવ, ગોવિંદરાવ અને આનંદરાવ આ બધા શાસકોની રાજકીય ગતિવિધિઓનો વિગતે અભ્યાસ કર્યો.

## 14.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

અ. 1. ખરું 2. ખરું 3. ખોટું

## 14.11 સંદર્ભ ગ્રંથ

.૧દેસાઈ ચુનિલાલ મગનલાલ, વડોદરા રાજ્યનો ઈતિહાસ. શ્રી સયાજી સાહિત્યમાળા,વડોદરા,.1926

.૨પરીખ રસિકલાલ છોટાલાલ અને હરિપ્રસાદ શાસ્ત્રી (સંપા) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-7 મરાઠાકાળ (ઈ.સ.1756 થી (1818ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ. 2011.

.३बहुरा गोपाल नारायण. मराठा कालीन गुजरात (रासमाला का हिन्दी अनुवाद) पब्लिकेशन स्कीम,जयपुर,१९८१.

.૪મગનલાલ વખતચંદ, અમદાવાદનો ઈતિહાસ.

x

| એકમ-15 | ગુજરાતમાં મરાઠા સમયનું વહીવટીતંત્ર |
|---|---|

## રૂપરેખા :

**15.0** ઉદ્દશો
**15.1** પ્રસ્તાવના
**15.2** ગુજરાતમાં મરાઠાઓનું રાજ્યતંત્ર
- **15.2.1** પ્રાંત-સુબો અથવા સુબેદાર
- **15.2.2** મામલતદાર અને કમાવીસદાર
- **15.2.3** કોટવાળ
- **15.2.4** પાટિલ

**15.3** લશ્કરી તંત્ર
- **15.3.1** લશ્કરમાં વિદેશીઓ
- **15.3.2** અશ્વદળ
- **15.3.3** પીંઢોરીઓ
- **15.3.4** અન્ય

**15.4** ન્યાયતંત્ર
- **15.4.1** કેદખાના

**15.5** મહેસૂલી વ્યવસ્થા
- **15.5.1** જમીન મહેસૂલની આકરણી અને વસુલાત
- **15.5.2** ચોથ અને સરદેશમુખી
- **15.5.3** પેશકશ, જમા અને ધાસદાણાં
- **15.5.4** મોહતરફી અને જકાત
- **15.5.5** અન્ય સાધનો

**15.6** સારાંશ
**15.7** ચાવીરૂપ શબ્દો
**15.8** તમારી પ્રગતિ ચકાસોના જવાબો
**15.9** સંદર્ભ ગ્રંથો

## 15.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ પછી..*

- *આપને ગુજરાતમાં મરાઠા સમયનું વહીવટીતંત્રનો ખ્યાલ આવશે.*
- *આપને મરાઠાઓના પ્રાંત અને સરકારનું વહીવટીતંત્ર અંગેનો ખ્યાલ આવશે.*

- આપને મરાઠાઓનું મહાલ અને સ્થાનિક કક્ષાનું વહીવટીતંત્રની જાણકારી મળશે.
- આપને મરાઠાઓની મહેસૂલી વ્યવસ્થાની જાણકારી પ્રાપ્ત થશે.
- આપ મરાઠાઓની ન્યાય અને લશ્કરી તંત્ર વિશે માહિતગાર થશો.

## 15.1 પ્રસ્તાવના

આ એકમમાં મરાઠા કાળમાં ગુજરાતમાં વહીવટી માળખું કેવા પ્રકારનું હતું તે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

મરાઠાકાળમાં ગુજરાતમાં પેશ્વા અને ગાયકવાડ તેમજ સ્થાનિક રાજાઓની સત્તા હતી. આ સમય સંક્રમણનો સમય હતો તેથી વારંવાર સત્તાઓમાં પરિવર્તન જોવા મળે છે. એક બાજુ ગુજરાતમાંથી મુઘલસત્તા વિદાય  લઈ રહી હતી તેમ છતાં મરાઠા વહીવટીતંત્ર મોટાભાગે મુઘલ વહીવટીતંત્ર પર આધારિત હતું.

મરાઠા રાજ્યના સ્થાપક શિવાજીથી પેશ્વાઓના રાજકીય હેતુઓ અલગ હતા. શિવાજીએ શુદ્ધ રાષ્ટ્રીય ચળવળને સંગઠિત કરવા પ્રયાસો કર્યા. તેમના સમયમાં રાજ્યતંત્રનો સર્વોપરી વડો રાજા હતો ને એ રાજ્યતંત્રમાં પોતાને સહાયક માટે પેશ્વા અને પ્રધાનમંડળની રચના કરતો. સમય જતા પેશ્વાનો હોદ્દો વારસાગત થયો, રાજ્યતંત્રમાં એનું સ્થાન સર્વોપરી થયું અને રાજા તથા અન્ય પ્રધાનોનું વર્ચસ્વ ધીમે ધીમે ઓછું થયું. ઈ.સ.1740 પછી મરાઠા છત્રપતિના નામે બ્રાહ્મણ પેશ્વાઓ શાસન કરતા થયા હતા.

પેશ્વા સરકારનો વડો બનાવવામાં આવ્યો હતો. અને તેને સતારાના રાજાના પ્રતિનિધિ તરીકે વહીવટ કરવાની સત્તા હતી. તેથી તે જાગીરો ભોગવતા સરકારોનો વડો હતો. તે પોતે પણ તેમાનો એક હતો. ગાયકવાડ, હોલકર અને સિંધિયાના દિવાનોની નિમણુંક પેશ્વા કરતો. પરંતુ તેઓ બધા નિરંકુશ સાર્વભૌમ સત્તાનો દાવો કરતા હતા. તેમને આપેલી સરંજામોમના બદલામાં તેમણે લશ્કરી સેવા આપવાની હતી. અને તેઓ પોતાની જાગીર પૂરતા સ્વતંત્ર રાજાની જેમ સત્તા ભોગવતા હતા.

પ્રસ્તુત એકમમાૃં પેશ્વાઓની ગુજરાતમાં વહીવટી વ્યવસ્થાનો ખ્યાલ મેળવવાનો પ્રયત્ન છે. પેશ્વાઓએ વહીવટીક્ષેત્રને વિવિધ વિભાગોમાં વહેંચણી કરી હતી. પ્રાંત, પરગણા, તર્ક્ અને મોજ વગેરે વહીવટી એકમો જોવા મળતા હતા. તેમજ લશ્કરી તંત્ર અને ન્યાયતંત્ર અને મહેસૂલી વ્યવસ્થાતંત્રનો પણ ખ્યાલ મેળવવાનો છે.

## 15.2 ગુજરાતમાં મરાઠાઓનું રાજ્યતંત્ર

ગુજરાતમાં પેશ્વાઓના સમય દરમિયાન 'સ્વરાજ્ય' ને મહેસૂલી તથા વહીવટી હેતુઓ માટે સુબા (પ્રાંત), સરકાર, પરગણાં, તર્ફ(મહાલ)  અને મૌજ (ગામ) માં વહેંચાયેલા જોવા મળે છે. સુબાઓના વડાને  સુબેદાર કહેતા ગુજરાત ખાનદેશ અને કર્ણાટક સરસુબેદારની નિયુક્તિ કરવામાં આવતી તેમના નીચે મામલતદારના હોદ્દો આવતો હતો. જે સરકારનો વહીવટ સંભાળતો, શિવાજીના સમયમાં મામલતદારની નિમણૂક ટૂંકાગાળા

*માટે થતી અને તેની વારંવાર બદલી થયા કરતી, પરંતુ પેશ્વા સમય દરમિયાન મામલતદાર પોતાની નિમણૂક એક જ જગ્યાએ ફરી ફરી કરાવતા રહેતા ને એક જ જગ્યાએ કાયમ માટે ટકી રહેતો અને બને તો એ જગ્યાએ પોતાના પુત્રની નિમણૂક કરાવતો.*

*પરગણાં અને તર્ફને 'મહાલ' પણ કહેતા ને તેના વડા અધિકારીને 'કમાવીમાર' (મહાલકારી) તરીકે ઓળખવામાં આવતો હતો. આ અધિકારીઓ પગારદાર હતાં અને તેઓ પ્રજા પાસેથી મહેસૂલ ઉઘરાવવાનું કામ કરતા.*

*બકારવાળા ગાંમડાને 'કસબો' અને બજાર વગરના ગામને 'મોજ' કહેતા કસબાન્નો વહીવટ કોટવાલ કરતો ને મોજનો વહિવટી  પાટીલ કરતો.*

### 15.2.1 પ્રાંત-સુબો અથવા સુબેદાર

*ગુજરાતમાં પેશ્વાઓની સત્તાની સ્થાપનાની સમજૂતી એકમ નં. 13માં આપણે કરી ગયા છે. તે પ્રમાણે ગુજરાતમાં મરાઠાઓનું શાસન ધીમે ધીમે દાખલ થયું હતું એ પૂર્વે મુઘલોની શાસન વ્યવસ્થા જોવા મળે છે. અમદવાદામાં જયારે મુઘલ સત્તાને સ્થાને મરાઠાઓની સત્તા આવી ત્યારે પેશ્વા અને ગાયકવાડની સત્તા મુખ્ય હતી. તેથી તેના વહીવટ માટે પેશ્વા સતારા કે પુણે રહી સુબેદારની નિયુક્તી કરતો જયારે ગાયકવાડ વડોદરા રહી પોતાના સુબેદાર દ્વારા સત્તા ચલાવતા હતા.*

*સુબેદારને 'સુબેહાકમ-હવાલે', 'શહેર સુબે', 'શહેર સુબેદાર', વગેરે શબ્દ પ્રયોગ યોજવામાં આવતા ઈ.સ. 1740થી ઇ.સ. 1818 સુધીમાં પેશ્વાઓ તરફથી જુદાં જુદાં સુબાઓએ ગુજરાતમાં વહીવટ કરેલો જોવા મળે છે.*

*સુબેદાર એ સુબા (પ્રાંત) નો વડો હતો. સામાન્ય રીતે તેને શરૂઆતમાં 'સુબેદાર' અને આગળ જતાં 'સુબો' કહેવામાં  આવતો. સુબેદારના કાર્યક્ષેત્રમાં કારોબારી  સંરક્ષણ અને ફોજદારી ન્યાય તેમજ સમાન્ય નિરીક્ષણનો સમાવેશ થતો. 'મિશતે એહમદીમાં' નોંધ છે. 'જાતના મનસબ' સિવાય સુબાગીરી તહેનાતી, પંદરસો સવારોની નિમણૂક, બે લાખ પંચાશી હજાર નવસો દામનું ઈનામ, તેની સાથે નોકરી પેટાની જાગીર અને રાજ્ય જમીનદારોની પેરાકશી, તે ઉપરાંત પહેલાંના સુબાઓ નોકરી શરતના લવાજમના સિવાય ચોવીસ લાખ રૂપિયા પગાર લેતા હતા.*

### 15.2.2  મામલતદાર અને કમાવીસદાર

*મામલતદાર 'સરકાર' (જિલ્લા)નો અને કમાવીસદાર મહાલનો વડો અધિકારી હતો તેઓ પોતપોતાની હકુમતના વિસ્તારોમાં અનેકવિધ ફરજો તથા જવાબદારીઓ ધરાવતા તેઓ ખેડુતના કલ્યાણની સંભાળ રાખતા, ખેતી સુધારવા માટે ઉપાયો યોજતા નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપતા દીવાની તથા ફોજદારી ગવડાઓ અંગે તપાસ કરતા ને જરૂર લાગે તો નિર્ણય માટે પંચાયત નીમતા તે તે વિસ્તારની સિબંદી (કેન્દ્ર સરકાર માટે રાખેલી સ્થાનિક ફોજ) તથા સિપાઈ ફોજ તેઓના કાબુ નીચે હતી.*

*મામલતદાર અને કમાવીસદારમાંથી કેટલાંક ભેટ સોગાદોની, લાંચ-રુશ્વતને વંશ થતા તેમના પર અંકુશ રાખવા માટે પ્રાંતો અને મહાલમાં સ્થાનિક વારસાગત*

*અધિકારીઓનો તેઓની સત્તા પર અંકુશ રહેતો, આ અધિકારીઓમાં દેશમુખો, દીવાન, મજમુદાર, ફડનવીસ, દફતરધર, પોતાનીસ પોતદાર સભાસદ ચિટનીસ તે ઉપરાંત ૧૨ જેટલા કારકુનોનો સમાવેશ થતો હતો. તેઓને પોતાના પગાર માટે મામલતદાર પર આધાર રાખવાનો ન હોઈ તેઓની કામગીરી મામલતદારના દુષ્કૃત્યો પર અંકુશરૂપ નીવડતી વળી, મામલતદારની કચેરીની દરેક કામગીરીમાં એમાંના કોઈ અધિકારીનું કામ પડતું બધા પત્રો અને ફરમાનો દીવાનની પ્રતિ સહી થતી ખતો તથા હિસાબો ફડનવીસને પહોંચે તે પહેલાં મજમુદાર તેને મંજૂર કરતો. ફડનવીસ બધાં ખતો અને ફરમાનો પર મિતિ નાખતો, રોજમેળ તૈયાર કરતો, નાણા થેલીઓ પર ચિઠ્ઠીઓ લગાવતો, ગામના વાર્ષિક ગણોતનામા પર નામા પર મિતિ નાખતો અને હિસાબવહીઓ વડા મથકે લઈ જતો દફતરદાર ફડનવીસના રોજમેળ પરથી ખાતાવહી તૈયાર કરતો અને વડા મથકે માસિક સરવૈયું મોકલતો. પોતાનીસ વસૂલની તથા સિલકની નોંધ રાખતોને રોજમેળ તથા ખાતાવહી લખવામાં મદદ કરતો. પોતાદાર હંમેશા બે રખાતા તેઓ સિક્કા તપાસતા ભાસદ નાના મુક્દમાઓનું નોંધપત્રક રાખતો ને મામલતદારને તેઓનો અહેવાલ મોકલતો. ચિટનીસ પત્રો અને જવાબો લખતો આમાના કેટલાક બીજાઓની કામગીરી પર દેખરેખ રાખતા જેમકે ફડનીસ અને ચિટનીસના કામ પર મજમુદાર અને દફતરના કામ પર ફડનીસ ઉપરાંત મામલતદારે પોતાની નિમણૂક થતાં મહેસૂલની મોટી રકમ અગાઉથી આપી દઈ એને પછી મહેસૂલ વસૂલાતમાંથી વસૂલ કરવાની રહેતી આ રકમને 'રસદ' કહેતા. અલબત, એના પર માસિક 1 થી 14 ટકાના દરે વ્યાજ અપાતુ પરંતુ આ પ્રથાને લીધે અંકુશ હતો 'બદેડા' નો અર્થાત પેશ્વાના દફતરમાંના અનુભવી અધિકારીઓએ કાઢેલા સંભવિત આવક અને ખર્ચના અંદાજના મામલતદારે હિસાબમાં તરેહ તરેહની ગોલમાલ કરતાને સરકારે જેની જોગવાઈ ન કરી હોય તેવા ખર્ચ માટે વધારાને લાગો લેતા તપાસવાના હિસાબમાં એ આવકનોંધ સમાવેશ થતો હિસાબનીસ તથા મજમુદાર લક્ષમાં ન લે તેવી લાંચ-રુશવત તો કેટલીય લેવાતી.*

**કુમાવિસાણાંદાર**

*સરકાર કુમાવિસણાંદારને પરગણ એક થી પાંચ વર્ષ માટે ગણોતપેટે આપતી, કુમાવિસણાંદાર ખેડૂતો સાથે કરાર કરતો, પરંતુ એના હાથ નીચેના ગામની વસ્તી એકદમ ઘટી જાય કે જમીનમાં પાક નિષ્ફળ જાય તો જો કોઈ આ જમીન સુધારી શકે તેમ હોય તેની સાથે એ કરાર કરતો. એવી વ્યક્તિને વણખેડાયેલી જમીન સમજૂતી કરીને આપી શકતો. જમીન ખેડનાર રોકડ નાણાંમાં કે અનાજમાં મહેસૂલ ભરી શકતો કેટલાંક પરગણામાં મહેસૂલ રોકડ નાણાં કે અનાજમાં પણ ભરી શકાતું. જ્યારે કેટલાક સ્થળે ગ્રામજનો અને પટેલોએ 'કુમાવિસદારો' સાથે કરેલા કરાર પ્રમાણે એ વસૂલ કરવામાં આવતું. આમ કુમાવિસદાર એ ખેડૂતો અને સરકાર વચ્ચે કડી સમાન હતો.*

*મહાલનો વહીવટ પણ આ પ્રમાણે જ થતો હવાલદાર બે વંશપરંપરાગત અધિકારીઓ-મજમુદાર અને ફડનવીસ મદદ કરતા તેમજ એની કામગીરીની તપાસ રાખતા. દરેક મહાલમાં એ ઉપરાંત ચાર લશ્કરી અધિકારી રહેતાં. હશમનવીસ દરેક*

*માણસના નામ,કુળ,વતન, હથિયારો અને પગાર દર્શાવતું પત્રક રાખતો અશમ ફડનીસ લશ્કરના હિસાબ રાખતો ને કેટલીક વાર સીપાઈઓની હાજરી પણ નોંધતો. હજિરીનવીસ હાજરીપત્રક રાખતો ને અશમ દફતરદાર લશ્કરી ખાતાવહી રાખતો.*

*મામલતદાર અને કમાવીસદાર પાટિલ સાથે મસલત કરી દરેક ગામનું મહેસૂલ આકારતા પાટિલની માંગણી થતાં મહેસૂલીના વસૂલાત માટે સિબંદી મોકલતા, દીવાની તથા ફોજદારી મુકદ્દમામાં પાટિલ પંચાયત ન નીમે તો પંચાયત નીમતા જે ગ્રામ-અધિકારીઓ વિરુધ્ધની ફરિયાદો સાંભળતા. આ અધિકારીઓ સામાન્ય રીતે ગામના આંતરિક વહીવટમાં દરમિયાનગીરી કરતા નહીં, પરંતુ તે સચિવાલય અને સ્થાનિક સત્તાધીશો વચ્ચે કડી સમાન ભૂમિકા નિભાવતા હતા.*

### 15.2.3 કોટવાળ શહેર ( કસ્બા)

*શહેરકે કસ્બાના વડા તરીકે કોટવાલ રહેતો. ખતપત્રોમાં પણ શહેરના સંદર્ભમાં કોટવાલનો નામ નિર્દેશ કરેલો છે. કોટવાલ ફોજદારી ન્યાયાધીશ તેમજ શહેરના સિપાઈઓનો વડો હતો. એ માત્ર દુર્ગપાલ નહિ નગરાધ્યક્ષ પણ હતો. એ પોતાની હકુમતની અંદરના તમામ મહત્ત્વના ઝઘડાઓનો નિકાલ કરતો, ભાવ, નિયમન કરતો, સરકારી કામ માટે મજૂરો પૂરા પાડતો. જમીનના વેચાણ અને ખરીદ પર દેખરેખ રાખતો, વસ્તી ગણતરી કરતો ને શહેરમાં આવતાં જતાં સર્વે માણસોની નોંધ રાખતો. રસ્તાઓ, ગલીઓ અને ઘરોને લાગતા તમામ ઝઘડાઓનો નિકાલ કરતો ને સરકારને માસિક હિસાબો મોકલતો રાત્રે દશ વાગ્યે તોપ ફૂટયા પછી કોઈ રસ્તા પર ફરતુ તો એ એને પકડી સવાર સુધી અટકમાં રાખતો.*

*શહેરના વહીવટ માટે બીજા અનેક અધિકારી નિયુકત થતા, ખતપત્રોમાં એવા અનેક અધિકારીઓનો નિયુકત થતા ખતપત્રોમાં એવા અનેક અધિકારીઓનો ઉલ્લેખ આવે છે, જેમકે કાઝી, હવાલદાર, કાનુંગો, મુફતી, અદાલતી દરોગા, વાકાનવાસ, હડનવીસ, અમીન, અદાલતનો કોરડો,અદાલતનો હલકારો દેસાઈ, નગર શ્રેષ્ઠી વગેરે અધિકારલઓ કોટવાલને મદદ રહેતા હતા.*

### 15.2.4 પાટિલ ગામ મૌજ

*મરાઠાકાળમાં મૌજ (ગામ) નો વડો અધિકારી પાટિલ કહેવાતો. ગુજરાતમાં તેને મહેસુલ, પોલીસ અને ન્યાય ખાતાનો વડો હતો. કમાવીસદાર મહેસૂલની આકારણી કરતી વખતે એના સલાહસૂચન લેતો. પાટીલનો હોદ્દો વંશપરંપરાગત હતો. સરકાર તરફથી તેનો પગાર મળતો નહિ પણ તેને ગામના લોકો પાસેથી ખાન, પાન, પોશાક, બળતણ વગેરે રોજીંદી ચીજોના લાગા મળતા, જાહેર તહેવારો તથા માનપાન વગેરેના પ્રસંગોએ અગ્રિમ સ્થાન અપાતુંને સરકાર તરફથી કાયમી ઈનામી જમીન પણ મળતી.*

*પાટિલ સાથે ગામના વહિવટમાં 'કુલકર્ણી' (તલાટી) પણ મહત્ત્વનો અધિકારી હતો. તે પાટિલનો કારકુન અને દફતરદાર હતો. એ પણ ગામનાં વહીવટમાં ઘણી સત્તા અને જવાબદારી ધરાવતો. ગામનું નિયત જમીન-મહેસૂલ વસૂલ કરવામાં કંઈ બાકી રહે*

તો એ આ બે અધિકારીઓએ ચૂકવવું પડતું. ગામમાં ચોરાયેલી મતા પાછી ન મળે તો પાટિલે એની કિંમત ચૂકવવી પડતી. ગામના લોકોની વફાદારી માટે તેમજ ખંડણી ભરવાની કબૂલાત અંગે પાટિલ તથા કુલકર્ણી જામીન ગણાવું પડતું તેઓએ ગામમાંથી પસાર થતા મહાનુભાવોની તહેનાતમાં પણ રહેવું પડતું.

કુલકર્ણી હંમેશા બ્રાહ્મણ હતો, જયારે એના મદદનીશ તરીકે (નિમાતા ચોગળા સામાન્ય રીતે પાટિલનો કે એના કોઈ કુટુંબીનો અનૌરસ પુત્ર હતો. માહાર ગામનો ચોકિયાત હતો. એ ખેડૂતોને મહેસૂલ ભરવા ચાવડી (ચોરા)માં બોલાવી લાવતો ને ગામની સફાઈ કરતો પોતદાર સિક્કાનો તોલ તથા એની અંદરની ધાતુઓનું પ્રમાણ તપાસતો. ગામના વસાયેલા બલુતાઓને પણ ગામના વહીવટમાં હક્ક હતો એ વર્ગોમાં સુથાર, લુહાર, ચમાર, કુંભાર, નાઈ, ભંગી, જોશી વગેરેનો સમાવેશ થતો.

ગુજરાતનાં જ્ઞાત ખતપત્રોમાં ગામના આ અધિકારીઓ તથા કર્મચારીઓનો ઉલ્લેખ મળ્યો ન હોઈ,તેઓ ગુજરાતમાં કયાં નામોએ ઓળખાતા એ નક્કી કરવું મુશ્કેલ છે, પરંતુ ખતપત્રોનાં પંચ, મહાજન અને પંચકુલના ઉલ્લેખ આવે છે એ પરથી શહેર તથા ગામના વહીવટમાં મહાજનો અને પંચકુલનું મહત્ત્વ જાણવા મળે છે.

**15.3 લશ્કરીતંત્ર**

શિવાજીના મૃત્યુ બાદ મરાઠા લશ્કરમાં આમૂલ પરિવર્તન થયું. શિવાજી પછીનું લશ્કર, રાષ્ટ્રીય રાજાશાહીની સંયુક્ત લશ્કરી શક્તિ ન રહી. રાજાશાહીનો ક્ષય થયો અને કારોબારીની મુખ્ય સત્તા પ્રથમ પ્રતિનિધિ પાસે અને ત્યારબાદ પેશ્વા પાસે ગઈ. અનેક સરદારોએ તેમનાં પોતાના લશ્કરો ઉભા કર્યા. સૈન્યમાં સરદારોના હાથ નીચે ભાડુતી સૈનિકોની ભરતી થતી. સરદારોને લશ્કરી સેવાના બદલામાં જીતાવેલા મુલકમાં જાગીર આપવામાં આવતી. આથી તેઓને મુલક જીતવામાં ઉત્સાહ રહેતો. પરંતુ સમય જતાં ગાયકવાડ અને સિંધિયા જેવા સરદાર તે તે મુલકમાં પોતાની સ્વતંત્ર જમાવતા પેશ્વાના સૈન્યનું સહુથી મહત્ત્વનું અંગ અશ્વદળ હતું. એ બે પ્રકારનું હતું. બારગીરોનું અને શિલેદારોનું બારગેસરને ઘોડો અને હથિયાર રાજ્ય તરફણી મળતાં જયારે શિલેદાર પોતાનો ઘોડો અને પોતાના હથિયારો લાવતો શિલેદારની કક્ષા ઉતરતી ગણાતી. અશ્વદળમાં ચડતા ક્રમે બારગીર, હવાલદાર, જુમેલદાર, હજારી, પંચ હજારી અને સરનોબત નામે હોદ્દા હતા. સૈનિકોને સારો પગાર અપાતો.ઘાયલ સૈનિકોની સારી સારવાર કરાતી ને મૃત સૈનિકોનાં કુટુંબોની સારી કાળજી લેવાતી. તોપખાનાનું અલગ ખાતું હતું. સરકારી કારખાનામાં તોપો અને તોપના ગોળા બનાવતા ને મરાઠા કારીગરોએ બનાવવામાં ઘણા કુશળ હતો. દંડયાત્રામાં પીંઢારા સૈન્યની સાથે રહેતા ને તેઓની લૂંટમાં રાજ્યનો હિસ્સો રહેતો. પેશ્વાઓએ મુઘલોની જેમ સરદારોને સરંજામ (જાગીર) આપવાની પ્રથા ચાલુ કરી. વળી, અશ્વદળનું મહત્ત્વ વધાર્યુ ને પાયદળનું ઘટાડયું સિપાઈઓને મહેંનતાણું અંશતઃ નાણામાં અને અંશતઃ વસ્ત્રોમાં અપાતું, વિશિષ્ટ લશ્કરી સેવા માટે બિરુદો ઘરેણાં તથા છત્રી પાલખી, ચોઘડીયા વગેરે વાપરવાના હક ઈત્યાદિરૂપે ઈનામ અપાતું.

### 15.3.1 તમારી પ્રગતિ ચકાસો

*પ્ર.1 મરાઠાઓના વહીવટીતંત્રમાં મામલતદારની કામગીરીનું મૂલ્યાંકન કરો. (લગભગ દસ લીટીમાં જવાબ આપો)*

*પ્ર.2 મરાઠાઓના વહીવટીતંત્રમાં સુબાની કામગીરી સમજાવો.*

*પ્ર.3 કસબો અને ગામના વહીવટીતંત્રની રૂપરેખા આપો.*

## 15.3.1 લશ્કરમાં વિદેશીઓ

*શિવાજી સામાન્ય રીતે તેના લશ્કરમાં પોતાની જાતિના માણસોને નીમતો હતો. તેના લશ્કરમાં ઓછી સંખ્યામાં મુસ્લિમ સૈનિકો અને અધિકારીઓ પણ હતા પરંતુ સમગ્રપણે તેનું લશ્કર સમાન હિત અને સમાન આદર્શોમાંથી પ્રેરણા પામેલ એક સમાન જાતિના લોકોનું બનેલું હતું. જ્યારે પેશ્વાના લશ્કરમાં બધી જાતિઓ, ધર્મો અને પંથોના લોકોનો સમાવેશ થતો હતો. પેશ્વા અને તેના સરદારોના લશ્કરમાં રાજપૂતો, શીખો, રોહિલા, સિંધી, ગોસાઈ, કર્ણાટક, આરબો, એલિસિનિયન, બેદર, યુરોપીય સત્તાઓના સંઘર્ષને કારણે પશ્ચિમની શિસ્ત અને લશ્કરી વિજ્ઞાનની ચઢિયાતી તાકાત ભારતે અનુભવી ત્યારે અંગ્રેજી, ફ્રેન્ચ, પાર્ટુગીઝ, જર્મન, સ્વીસ, ઈટાલિયન અમેરિકન અને આર્મેનિયન સાહસિકોને મરાઠા લશ્કરમાં ભરતી કરવામાં આવ્યા. તેમના હૃદયમાં તેમના માલિકના દેશનું હિત વસ્યું ન હતું. મરાઠા લશ્કરના અંગ્રેજ અધિકારીઓ તેમના માલિકને છોડીને અંગ્રેજો સાથે જોડાતા ત્યારે મરાઠાઓની ગુપ્ત બાબતોનો દુરુપયોગ કરતાં યુરોપીય સૈનિકો અને અધિકારીઓ ઘણીવાર પોતાના દેશવાસીઓ સાથે લડવાનો ઈન્કાર કરતા. લશ્કરી રહસ્યોનો દગો અટકાવવા માટે જશવંતરાય હોલ્કરે પોતાના અંગ્રેજ દેશવાસીઓની વિરુદ્ધ કામ કરવાનો ઈન્કાર કરનાર મેજર વિકર મેજર ડોડ અને મેજર રિયાસની હત્યા કરાવી હતી.*

*મરાઠા સૈન્યમાં વિદેશીઓની ભરતી કયારથી કરવામાં આવી તે જાણવા મળતું નથી.1742માં બાલાજી બાજીરાવના વહીવટ દરમિયાન આરબોને માસિક રૂા. અગિયારના પગારથી ભરતી કરવામાં આવ્યા હતા. મરાઠાઓએ નર્મદાની ઉત્તરના કાંઠે પોતાની સત્તા પ્રથમવાર સ્થાયી ત્યારે તે વિસ્તારના કિલ્લા તોડવા મજબૂત પાયદળની જરૂર પડી. મરાઠાઓ પોતે અશ્વદળમાં જોડાવાનું પસંદ કરતા તેથી આ પાયદળની સેવાઓમાં રાજપૂતો, શીખો, રોહિલા, સિંધિઓ અને આરબો જેવા વિદેશીઓની મોટી સંખ્યામાં ભરતી કરવી પડી અને આકર્ષક પગાર આપવા પડયા હતા.*

## 15.3.2 અશ્વદળ

*મરાઠા સૈન્યમાં યુરોપીય પદ્ધિતઓ શરૂ કરતા પહેલા તેનું મુખ્ય બળ અશ્વદળમાં સમાયેલું હતું. પેશ્વા પોતાનું અંગત સૈન્ય (ખાસગી પગ) રાખતો અને આખું રાજ્ય લશ્કરી હોદ્દો ભોગવતા સરંજામી અથવા જાગીરદારો વચ્ચે વહેંચી નાખવામાં આવ્યું હતું. કાવ્યેતિહાસ સંગ્રહમાં પ્રસિધ્ધ થયેલ એક સંશોધનમાં મુખ્ય મરાઠા આગેવાનોની જાગીરોની કિંમત અને તેની સામે તેણે રાખવાના ઘોડેસવારોની સંખ્યા આપવામાં આવી છે. તે મુજબ મલ્હારાવ હોલ્કર પંચાણું લાખની જાગીર ભોગવતો હતો અને તેણે બાવીસ હજાર ઘોડેસવારનું સૈન્ય રાખવાનું હતું. જ્યારે આનંદરાવ પિસ્તાલીસ લાખની જાગીર ભોગવતો હતો અને તેણે પંદર હજાર, અશ્વદળ રાખવાનું હતું. સરંજામી શ્રેષ્ઠ સેવા આપનાર અને વિશાળ લશ્કરી અનુભવ ધરાવતા હતા. તેને જાણ કરવામાં આવતી કે રણમેદાનમાં તેણે કેટલું અશ્વદળ લાવવું તેની સનદમાં તેના અંગત ભથ્થા સહિત દરેક*

*સવારને તેણે આપવાનો પગાર અને હંમેશ મુજબની બધી વિગતોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવતો હતો.*

*મરાઠા સરદારો બધા ઉપર ઉચ્ચ કુળમાંથી આવેલા ન હતા. સમાન્ય માણસ પોતાની હોંશિયારી અને બહાદુરી બતાવીને આગળ વધી શકતો હતો. મરાઠા સરદારોમાં રાણોજી સિંધિયા પેશ્વાના જોડા ઉંચક્નાર, મલ્હારાવ ભરવાડ અને ગોવિંદ પત બુંદેલે રસોઈઓ હતા. પેશ્વાગીરીની સ્થાપના કરનાર બાલાજી વિશ્વનાથ ગામનો કારકૂન હતો.*

### 15.3.3 પીઢોરીઓ

*લશ્કરના સૈનિકો ઉપરાંત દરેક આક્રમણ વખતે મોટી સંખ્યામાં પીંઢારીઓને લશ્કરમાં સાથે લઈ જવામાં આવતા હતા. આ પીઢારીઓનો વ્યવહાર લૂટ કરવાનો હતો. તેમને મળેલી લૂંટમાંથી તેમણે સરકારને પચીસ ટકા હિસ્સ આપવાનો હતો. આ લોકો ગમે ત્યાં લૂંટ કરતા અને હિંદુ મંદિરોને પણ છોડતા નહીં. આ પીંઢારીઓ એ મરાઠા લશ્કરનું સૌથી મોટૂં દુષણ હતું.*

### 15.3.4 અન્ય

*સૈનિકોની સંભાળ રાખવા માટે યોગ્ય વ્યવસ્થા જોવા મળે છે. જયારે યુધ્ધમાં સૈનિકો માર્યા જાય તો તેના સંતાનને પેન્શન આપવામાં આવતું અને ઉંમરલાયક થાય તો સૈન્યમાં દાખલ કરવામાં આવતા.*

### તોપાખાનું

*તોપાખાનાનો અલગ વિભાગ રાખવામાં આવ્યો હતો. તેમાં સામાન્ય રીતે પોર્ટુગીઝો અને ભારતીય ખ્રિસ્તીઓને નીમવામાં આવતા હતા. સામાન્ય પોર્ટુગીઝ તોપચીનો પગાર બાલાજી બાજીરાવના સમયમાં રૂપિયા પંદરથી ત્રીસ સુધીનો હતો તોપ અને તોપગાળા બનાવવા માટે પેશ્વાઓને સરકારનાં પોતાના કારખાના હતા. ૧૭૬૫-૬૬માં જુન્નર પ્રાંતમાં –જનીક અંબેગાવમાં તોપગોળા બનાવવા માટે એક કારખાનું શરૂ કરવામાં આવ્યું હતું. ચાર વર્ષ બાદ પૂણેમાં તોપ બનાવવા માટે એક નવું કારખાનું શરૂ કરવામાં આવતું હતું. મરાઠાઓ મોટે ભાગે તોપો, તોપગોળા અને શસ્ત્રોના પુરવઠા માટે અંગ્રેજો અને પોર્ટુગીઝો ઉપર આધાર રાખતા.*

## 15.4 ન્યાયતંત્ર

*મરાઠાઓની ન્યાય આપવાની પધ્ધતિ તત્કાલીન સમયને અનુરૂપ હતી. તે સમયે કાયદા સંગ્રહનો અભાવ હતો અને કાર્યવાહી અનિશ્ચિત તથા અનૌપચારિક હતી. ન્યાય આપવામાં મિતાક્ષર અને અનુસ્મૃતિ જેવા સંસ્કૃત ગ્રંથો ઉપરાંત જુના રિવાજોનુ પણ ધ્યાનમાં લેવામાં આવતા હતો. જૂના રિવાજોમાં અગ્નિ પરીક્ષા પાણીની કસોટી તથા મંદિરમાં સોગન લેવા જેવી બાબતોનો સમાવેશ થતો હતો. છત્રપતિઓ અને પેશ્વાઓ કાયદેસરના ન્યાય કરતાં સમજૂતી દ્વારા સમાધાનીના માર્ગને પ્રોત્સાહન આપતા હતા.*

કેટલીકવાર હારેલા પક્ષ પ્રત્યે સહાનુભૂતિ દાખવવાની સૂચના પણ આપવામાં આવતી હતી.

પેશ્વા સરસુબેદાર મામલતદાર અને વહીવટી ઉપરાંત ન્યાય ખાતાના અધિકાર ધરાવતા હતા. શહેરોમાં શાસ્ત્રો અને સ્મૃતિઓની જાણકારી ધરાવતા વિદ્વાન ન્યાયધીશ નિમાતા ઝઘડાનો નિકાલ બને ત્યાં સુધી સમાધાનરૂપે કરવામાં આવતો : સમાધાન કરાવી ન શકાય તો નાના મામલાઓમાં ગામમાં પાટિલ અને શહેરમાં શેઠ મહાજન પંચાયત (પંચ) નીમતા બંને પક્ષોને પંચાયતનો ચૂકાદો માન્ય કરવાના રાજીનામા (રાજીખુશીના) લખાણમાં સહી કરવી પડતી પછી પંચાયત પૂર્વવાદી તથા ઉત્તરવાદીના પુરાવા તપાસી ચુકાદો આપતી ને એને મામલતદાર માન્ય કરતો અથવા 'સરકાર' માં આગળ મોકલતો ગંભીર મામલાઓમાં લવાદ કે પંચાયતની નિમણૂક મામલતદાર કરતા પંચાયતને લોકો 'પંચ પરમેશ્વર' માનતા ને પક્ષો 'મા બાપ' તરીકે સંબોધતા. પંચાયતના ચુકાદાથી સંતોષ ન પામનાર પક્ષ કેટલીક વાર જળ, અગ્નિ વગેરેની દિવ્ય પરીક્ષાની માગણી કરતો. પંચાયતે આપેલો ચુકાદો ગંભીર ગણાતો ને એની સામે લાંચરુશ્વતની દલીલ પર જ અપીલ કરી શકાતી. અપીલ માન્ય થાય તો નવી પંચાયત નિમાતી અથવા મામલતદાર ચુકાદો આપી દેતો.

ગંભીર ફોજદારી ગુના માટે સામાન્ય રીતે દંડ, જપ્તી અને કેદની સજા કરાતી વ્યભિચારના ગુનામા સ્ત્રીને ગુલામીની સજા થતી. ખૂન રાજદ્રોહ, લૂંટ ચોરી વગેરે ગુનાઓ માટે બાલાજી બાજીરાવના સમયમાં દેહાંતદંડ દેવાતા નહિ, પરંતુ માધવરાવ 1 લા અને 2 જા અન્ય રાજાના સમયમાં અંગચ્છેદ તથા દેહાંતદંડની સજા કરવામાં આવતી.

### 15.4.1 કેદખાના

મરાઠા સમયમાં નિયમિત કેદખાના ન હતાં. એને માટે કિલ્લાઓના કેટલાક ખંડોનો ઉદ્યાયોગ કરાતો. કેદીઓને ખોરાક તેઓના દરજ્જા અનુસાર ઠરાવેલા દરે તોલથી આપવામાં આવતો. તેઓની પાસે સખ્ત મજૂરી કરાવવામાં આવતી. લગ્ન, જનોઇ અને શ્રાધ્ધ જેવા પ્રસંગોએ કેદીઓને એટલા દિવસ પૂરતા ધાર્મિક વિધિ કરવા માટે ઘેર જવા દેવામાં આવતા. કેદીઓનાં આરોગ્ય તથા સારવાર માટે જરૂરી પ્રબંધ કરાતો. રાજકીય કેદીઓને રહેવા જમવા વગેરેની સારી સગવડ આપવામાં આવતી.

## 15.5 મહેસૂલીવ્યવસ્થા

પેશ્વાઓની મહેસૂલ નીતિ કરદાતા સમૃધ્ધ બને એ સિદ્ધાંતને લક્ષમાં રાખીને ઘડવામાં આવી હતી. લોકો વધારે અનાજ પેદા કરશે તો સરકારની કાયમી આવક વધી શકશે તે બાબતનો સરકાર ખ્યાલ રાખતી હતી. તેમણે શહેરો, ઉદ્યોગો અને ખેતીના વિકાસમાં પ્રોત્સાહન આપી ઉત્પાદન વધાર્યું હતું. ઇ.સ. 1739માં પૂણે દરબારમાં મોકલવામાં આવેલ કેપટન વિલિયમ ગોર્ડન પેશ્વાની મહેસૂલ નીતિથી પ્રભાવિત થયો હતો. બાજીરાવના પ્રદેશની ફળદ્રૂપ જમીન અને ગરીબોને અપાતી મહેસૂલની રાહતની

તેઓ નોંધ લીધી હતી. પોતાની જાગીરોમાં સાર્વભૌમ સત્તા ભોગવતા જાગીરદારો પણ પ્રજાના કલ્યાણ પ્રત્યે પુરતી સંભાળ રાખતા હતા.

### 15.5.1 જમીન મહેસૂલનીઆકરણીઅનેવસુલાત

રાજ્યની આવકનું મુખ્ય સાધન- જમીન મહેસૂલ હતું. ખેડવામાં આવતી જમીનની વીઘામાં માપણી કરવામાં આવતી ખાલસા જમીન પર મહેસૂલ લેવાતું. જ્યારે ઈનામી જમીન કરમુક્ત હતી. જમીનના બે ભાગ પાડવામાં આવતા (1) કુવાના પાણીની સગવડવાળી અને (2) માત્ર વરસાદ પર આધાર રાખતી. આ જમીન પર પાકતા પાકની ઉપજનો ત્રીજો ભાગ મહેસૂલ તરીકે વસુલ કરવામાં આવતો પરંતુ તે અલગ અલગ કોઈ ખેતરમાં વીઘા દીઠ ૧ થી દોઢ રૂપિયા તો કોઈ ખેતરમાં 5 થી 10 નો દર જોવા મળે છે.

જમીનનો ભોગવટો બે પ્રકારનો હતો. મિરાસી અને ઉધ્ધારી. મિરાસદારનો હક્ક વંશપરંપરાગત રહેતો. એ પોતાની જમીન વેચી શકતો. તેની જમીન દેવું વસૂલ કરવા કે મહેસૂલ ન ભરતાં જપ્ત કરી શકાતી નહિ, મિરાસદારને ગામના પંચકુલમાં બેસવાનો અધિકાર પ્રાપ્ત થતો. જ્યારે ઉધ્ધારી ગણોતીયા જેવો હતો. એને એ પાકના પ્રમાણમાં મહેસૂલ ભરતો ને એની આકારણીમાં વધારો કરી શકતો.

જમીનના મહેસૂલનો દર કમાવીસદાર પાટિલના સલાહસૂચન અનુસાર આકારતો ને આકારેલા દરે મહેસૂલ કરવાની જવાબદારી પાટિલની તથા કુળકુર્ણીની રહેતી મહેસૂલની વસૂલાત પૂરી થતાં યોગાળો પત્ર લઈ એ રકમ કમાવીસદારની કચેરીમાં ભરી આવતો ને એની પહોંચ કુળકર્ણીના હિસાબી દફતરમાં સાચવવામાં આવતી. મહેસૂલ ચાર કે ત્રણ હપ્તામાં ભરાતું.

### 15.5.2 ચોથ અને સરદેશમુખી

મરાઠા રાજ્યની શાસક સ્વરાજ્યની હકુમત બહારના પડોશી પ્રદેશો પર અવારનવાર ચડાઈ કરતા ને લૂંટની ધમકી આપી એની આવકનો મુકરર હિસ્સો વસૂલ કરતા. આ મુઘલકાળથી પ્રચલિત હતી.

ચોથ એટલે પાડોશી રાજ્યોમાંથી કુલ મહેસૂલના ચોથા ભાગની રકમને 'ચોથ' તરીકે ઓળખવામાં આવે છે. તો કેટલાક રાજ્યોમાંથી દસ ટકા જેટલી રકમ માંગવામાં આવતી તેને 'સરદેશમુખી' કહેવામાં આવે છે. મરાઠા શાસકોએ મુઘલો પાસેથી ગુજરાતમાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાનો હક્ક મેળવ્યા હતા.

આગળ જતાં જ્યારે તળ ગુજરાતમાં મરાઠા, શાસકોની સત્તા સ્થાપાઈ ત્યારે તેઓ સૌરાષ્ટ્રમાંથી ચોથ ઉઘરાવતા. એ માટે પેશ્વા અને ગાયકવાડ પોતપોતાના પ્રદેશ વહેંચી લીધા હતા. ચોથ ઉઘરાવવામાં તેઓ દર વર્ષે લણણી સમયે મુલકગીરી ફોજ મોકલતાને ચોથની રકમ રોકડી ન મળે તો એની જામીનગીરી લેતાને પાછલી ચડેલી ચોથની પૂરી રકમ વસૂલ કરતા. ચોથના બદલામાં તેઓ એ રાજ્યોની રક્ષણ આપે એવી અપેક્ષા રહેતી પરંતુ એ અપેક્ષા ખાસ સંજોગોમાં જ ફળીભૂત થતી. મુલકગીરીમાં મળેલી રકમનો ઘણો ભાગ લશ્કર અને એના અધિકારીઓ પચાવી પાડતાને પેશ્વા તથા ગાયકવાડને એમાંથી

*થોડી રકમ જ મળતી ઉપરાંત સર્વ હિંદુ-મુસ્લિમ રાજ્યો પર દર વર્ષે ચોથ પેટે વધુ ને વધુ રકમ આપવા દબાણ કરાતું. તેથી મરાઠા શાસકો કોઈ રાજ્યોની મૈત્રી ભાગ્યે જ પામી શકતા છતાં મુલકગીરોને લીધે સ્વ-રાજ્યની રૈયત પડોશી રાજ્યોના હુમલાના ભયથી મુક્ત રહેતી એ એનો મોટો લાભ હતો.*

**15.5.3 પેશકશ, જમા અને ધાસદાણા :**

*પેશકશ એટલે અન્ય રાજ્યો અને જમીનદારો પાસેથી ખંડણી ઉઘરાવતા તેને 'પેશકશ' કહે છે. જે પેશકશ શાંતિમય કરાર દ્વારા અગાઉથી જમા કરાવવામાં આવતી તેને 'જમા' કહેતા. મુલકગીરી દરમ્યાન ઘોડાઓના લશ્કરના નિભાવ માટે એ રાજવાડાંને જમીનદારો પાસેથી 'ઘાસદાણા' નામે વેરો લેવાતો તેને 'ઘાસધાણા' તરીકે ઓળખવામાં આવતો.*

**15.5.4 'મોહતરફા' અને 'જકાત'**

**15.5.5 અન્ય સાધનો**

*મરાઠા શાસનમાં બીજા ઘણા નાના-મોટાં કરો નાખવામાં આવતા હતા. જેમકે સિક્કાઓ પાડવા માટે સોનીઓ પરવાના લેતાં તેથી રાજ્યને આ પરવાનાઓમાંથી પણ આવક થતી તેમજ બળતણ અને બાંધકામ માટે લાકડા કાપવાના પરવાના અપાતા અને તે માટે પણ ચોક્કસ રકમ નક્કી કરી લેવામાં આવતી તેમાંથી પણ રાજ્યને આવક થતી હતી. પરંતુ તે ખૂબ જ ઓછી હતી મુકદમામાં જીતનાર પાસેથી લેવાતી ફી તથા હારનાર પાસેથી લેવાતા દંડમાંથી પણ રાજ્યને આવક થતી જોવા મળે છે.*

*આ ઉપરાંત તગાવી માંથી પણ આવક થાય છે. એટલે પેશ્વાની સરકાર અછત અને દુષ્કાળના સમયે ખેડૂતોને નાણાંધીરતી હતી. તેનાથી તેઓને શાહુકારોના શોષણમાંથી રાહત મળતી. પેશ્વામાં તે સમયે પણ વ્યાજના ઊંચા દરથી સર્જાતી ખેડૂતોની ગરીબાઈ પ્રત્યે જાગૃત હતા. સરકારી ધિરાણ મંડળીનો વિચાર તે સમયે સ્વપ્ન સમાન હતો.*

**તમારી પ્રગતિ ચકાસો – 2**

**અ. નીચેનામાંથી કયાં વિધાન સાચાં છે અને કયાં ખોટાં તે દર્શાવો.**

1. *ગુજરાતમાં પેશ્વાનાં સુબેદાર દ્વારા વહીવટ ચલાવવામાં આવતો હતો.*
2. *પેશ્વાઓનું સૌથી નાનું વહીવટી એકમ મહાલ હતું.*
3. *સ્થાનિક વારસાગત અધિકારીઓનો મામલતદાર પર અંકુશ રહેતો હતો.*
4. *પીંઢારાઓ મરાઠા લશ્કરનું સૌથી મોટું દુષણ હતું.*

## 15.6 સારાંશ

*આ એકમમાં આપણે ગુજરાતમાં મરાઠા સમયના વહીવટીતંત્ર વિશે માહિતગાર થયા. મરાઠા શાસનને વહીવટી વ્યવસ્થા, લશ્કરીતંત્ર, ન્યાય વ્યવસ્થા અને મહેસૂલી વ્યવસ્થા કે આવકના સાધનો વિશે વિસ્તૃત છણાવટ કરવામાં આવેલ છે. પરંતુ ગુજરાતમાં*

*મરાઠાઓના સમયમાં પણ મુઘલ સમયની પણ કેટલીક વહીવટી પ્રથાઓ ચાલુ રહી અને મરાઠા શાસન દ્વારા કેટલાંક સુધારાઓ પણ જોવા મળે છે. તેમ છતાં મહેસૂલ ન્યાય અને લશ્કરીતંત્ર આવા વિભાગોમાં મહારાષ્ટ્રના તંત્રની પેઢે ચાલતા જોવા મળે છે.*

*પેશ્વા દ્વારા સુબા અથવા સુબેદારની નિયુક્તિ કરી ગુજરાત પર શાસન કરાવતા. ગાયકવાડ અને પેશ્વાના સુબેદાર વચ્ચે વારંવાર તેમણે જીતેલા અને ન જીતેલા મુલકો પરની મુલકગીરી અને ત્યાંથી ઉઘરાવાતી પેશકશ અંગે કરાર થતા. પેશ્વા તથા ગાયકવાડના સુબેદાર ગુજરાત માંથી મળે તેટલ રકમ વસૂલ કરવાનો લોભ રાખતા ને રૈયતનાં સુખસગવડ માટે ઓછા ખર્ચ કરતા. પેશ્વાએ ગુજરાતમાં પોતાન આવકનો ઈજારો ગાયકવાડને આપેલો. ગાયકવાડ સેના મુલકગીરીમાં ખંડણી ઉપરાંત ખરાજાત અથવા ખરિયાત નામે વધારાનો લાગો નાખતી. આ ઉપરાંત પેશ્વા દ્વારા મહાલો ઈજારે આપવાની પ્રથા ચાલુ કરી હતી. જે કોઈ સૌથી વધારે રકમ આપે તેને મહાલ કે પરગણું ઈજારા પર આપવામાં આવતું હતું. એટલે ગુજરાતમાં મરાઠા શાસન એટલે રૈયતનું શોષણ એવી છાપ પડી ગઈ હતી.*

## 15.7 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| *સુબો* | *પેશ્વા દ્વારા પ્રાંતનો વહીવટ માટે નિયુક્ત કરવામાં આવતી હતી.* |
| *પેશકશ* | *એટલે અન્ય રાજ્યો અને જમીનદારો પાસેથી ઉઘરાવાતી તેને પેશકશ કહે છે.* |
| *ચોથ* | *એટલે પડોશ રાજ્યના કુલ મહેસૂલના ચોથા ભાગની રકમને ચોથ તરીકે ઓળખવામાં આવે છે.* |
| *સરદેશીમુખી* | *એટલે પડોશી રાજ્યો માંથી ૧૦% રકમ ઉઘરાવાતી તેને સરદેશમુખી કહે છે.* |
| *મહાલ* | *આજના તાલુકા જેવો વહીવટી એકમ* |
| *મૌજ* | *ગામ* |
| *પાટિલ* | *ગામના વડાને પાટિલ કહે છે.* |

## 15.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**અ.** 1. *ખરું* 2. *ખોટું* 3. *ખરું* 4. *ખરું*

## 15.9 સંદર્ભ ગ્રંથો


1. *શાસ્ત્રી હરિપ્રસાદ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ (ભાગ-7)*
2. *શાહ મનુભાઈ, ભારતો ઈતિહાસ મરાઠા પુત્ર* 1707 *થી* 1818.

3. શુક્લ જયકુમાર, સલ્તનત, મુઘલ તથા મરાઠા સમયના રાજકીય સિદ્ધાંતો અને સંસ્થાઓ.
4. પરીખ રસીકલાલ છો. અને હરિપ્રસાદ શાસ્ત્રી, (સંપા.) ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-7 મરાઠાકાલ, ભો.જે. વિદ્યાભવન અમદાવાદ, ચોથી આવૃત્તિ- 2011.
5. શુક્લ જયકુમાર આર સલ્તનત મુઘલ તથા મરાઠા સમયના રાજકીય સિદ્ધાંતો અને સસ્થાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ 1983
6. શાહ મનુભાઈ, ભારતનો ઈતિહાસ (મરાઠા યુગ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 2016.
7. આચાર્ય નવીનચંદ્ર ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ (ઈ.સ. 1304 થી 1818) યુનિવર્સિટી ગ્રથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 2019.

x

| એકમ-16 | ગાયકવાડ સમયની ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિ અને તે સમયનું સાહિત્ય |
|---|---|

**રૂપરેખા :**

**16.0 ઉદ્દેશો**

**16.1પ્રસ્તાવના**

**16.2 ગાયકવાડ સમયની ગુજરાતની સામાજિક સ્થિતિ**

**16.2.1 સયાજીરાવની સામાજિક વિચારધારા**

**16.2.2 સમાજસુધારણાની પ્રવૃત્તિઓ**

**16.3 આર્થિક સ્થિતિ અને સમૃદ્ધિ માટેનાં પ્રયાસો**

**16.3.1 ખેતીવાડી ખાતુ**

**16.3.2 રેલ્વે વ્યવહાર**

**16.3.3 બૅંક, સહકારી મંડળીઓ અને અન્ય**

**16.4 ધાર્મિક સ્થિતિ અને કાયદાઓ**

**16.4.1 હિન્દુ-પુરોહિત નિબંધ**

**16.4.2 બાળ-દીક્ષા પ્રતિબંધનો કાયદો**

**16.4.3 ધાર્મિક સહિષ્ણુતા**

**16.5 ગાયકવાડકાલીન સાહિત્ય**

**16.6 સારાંશ**

**16.7 ચાવીરૂપ શબ્દો**

**16.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**16.9 સંદર્ભ ગ્રંથો**

## 16.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ બાદ તમે-*

- *ગુજરાતના અન્ય દેશી રાજવાડોઓની સરખામણીમાં વડોદરાના ગાયકવાડ શાસકો કઈ રીતે અલગ તરી આવે છે, તે જોઈ શકાશે.*
- *ગાયકવાડી શાસકોમાં સૌથી લાંબા સમય સુધી વડોદરા(ગુજરાત)ના શાસક સયાજીરાવ ત્રીજાના વિવિધ ક્ષેત્રનાં કાર્યો તપાસી શકાશે.*
- *ગાયકવાડીકાળની સામાજિક સ્થિતિ અને સુધારણાની પ્રવૃત્તિ નોંધી શકાશે.*
- *ગુજરાત થયેલ પ્રગતિ આર્થિક અને વિકાસને સમજી શકાશે.*
- *ઓખલાશના ધાર્મિક પ્રસંગોને જાણી શકાશે.*
- *ગાયકવાડ સમયનું સાહિત્ય અને સાહિત્યકારોનું પ્રદાન જોઈ શકાશે.*

## 16.1 પ્રસ્તાવના

*ગુજરાતના દેશી રજવાડાઓમાં વડોદરાના ગાયકવાડ શાસકો આધુનિક વિચારસરણી ધરાવતા હતા. તેમણે કરેલાં લોક ઉપયોગી કાર્યોથી વડોદરા રાજ્યે ગુજરાતની અદભૂત સેવા કરી હતી. સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારના સાધનોની સગવડ તો સયાજીરાવ ત્રીજા પહેલાં થઈ ગઈ હતી.કેટલાક સામાજિક, ધાર્મિક કુરિવાજોને દૂર કરવાના પ્રયત્નોના બી રોપાઈ ચૂકયા હતા.*

*વડોદરા રાજ્યમાં લાંબાં સમય સુધી શાસન કરનાર સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડે (ઈ.સ. 1875થી 1939 સુધી) પોતાના શાસનકાળમાં પ્રજા સુસંસ્કારી, સુશિક્ષિત અને સુખી થાય તેવા હંમેશાં પ્રયાસો કર્યા હતા. તેઓએ વિદેશ પ્રવાસ દરમિયાન ત્યાંના સમાજનું ઝીણવટભર્યું, નિરીક્ષણ કરી પોતાના રાજ્યની પ્રજા માટે ત્યાંની સારી બાબતોને દાખલ કરી કઈ રીતે પ્રજાનું ઘડતર કરવુ તે માટે સતત ચિંતન કરતા હતા. પોતાના રાજ્યમાં સમાજને પાયમાલ કરતા રીતરિવાજોની બેડીમાંથી મુક્ત કરાવવાના પ્રયાસોને લીધે તેઓ સમગ્ર દેશમાં સમાજસુધારક તરીકે ઓળખાયા છે.આજ રીતે ધાર્મિક ક્ષેત્રો સુધારણા કરીને તેમણે ધાર્મિક એકતાનું વાતાવરણ ઊભું કર્યુ હતું. શિક્ષણ પ્રત્યે ગ્રંથાયલના વિકાસને મહત્ત્વને આપી તેમના સમયે દરમિયાન અનેક સાહિત્યનું સર્જન થયું હતું.*

## 16.2 ગાયકવાડ સમયની ગુજરાતની સામાજિક સ્થિતિ

*સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડે સત્તા ગ્રહણ કરી તે પહેલાં ગુજરાતના સમાજમાં અનેક પ્રકારના કુરિવાજો પ્રવર્તતા હતા. તેમાંય સ્ત્રીઓની સ્થિતિ તો અત્યંત દયનીય હતી. ગુજરાતના અનેક સમાજ સુધારકોએ સમાજ સુધારણાની ઝુંબેશ શરૂ કરી હતી, પરંતુ કાયદાનો સહારો ન હોવાથી તેમની સુધારણા મર્યાદિત રહી હતી.*

### 16.2.1 સયાજીરાવની સામાજિક વિચારધારા

*શ્રી ગાયકવાડ સયાજીરાવ (ત્રીજા) માનતા હતા કે- જ્યાં સુધી સામાજિક સુધારણા થશે નહી ત્યાં સુધી સમાજનો સાર્વત્રિક વિકાસ થઈ શકશે નહી. પોતાનું ઘર સુધાર્યા પહેલાં દેશ સુધારવાનો પ્રશ્ન હાથમાં લેવો એ હાસ્યસ્પદ છે જેમ પાયા વગરની ઈમારત ઊભી રહી શકે નહી તેમ સમાજ સુધારણા વગર દેશોદ્ધારની વાતો કરવી નિરર્થક છે.*

### 16.2.2 સમાજસુધારણાની પ્રવૃત્તિઓ

**વિધવા વિવાહ (1909) :**

*ગુજરાતના ગાયકવાડ શાસનમાં વિધવા વિવાહનો કાયદો ઈ.સ.1901માં લાગુ કર્યો. વિધવા વિવાહ અંગેના સયાજીરાવ(ત્રીજા)ના વિચારો જોઈએ તો અનેક સ્ત્રી પરણવાનો રિવાજ અને વિધવા પુનઃલગ્નનો પ્રતિબંધ એ બંન્ને સાથે આપણા સંસારમાં છે. તે સમાજની ગેરવ્યાજબી વ્યવસ્થા બતાવે છે. એક રિવાજ પુરૂષોના નૈતિક વર્તનમાં અગણિત છૂટ મૂકે છે ત્યારે બીજાથી પાળી શકાય તેવી ઉચ્ચ નૈતિક વર્તણૂકની સ્ત્રીઓ*

પાસેથી આશા રાખવામાં આવે છે અને આ અશકય ધોરણને અમલમાં મૂકતાં આપણે મનુષ્યભાવ, સ્નેહ સઘળું વિચારીએ છીએ. વિધવા ઉપર અગણિત સખતાઈ ગુજારીએ છીએ અને તેમના સૌદર્ય અને સુખનો નાશ કરી તેમના સ્વતંત્ર વિકાસ ઉપર અંકુશ કરીએ છીએ પણ જે અશકય છે, એ શકય બનતું નથી અને કુદરતનાં નિયમોને બળાત્કારે અટકાવવા જતાં તે આપણા ઉપર પૂરતુ છે. કેમકે ગમે તેવી સખતાઈ તથા વિધવા ઉપર ગમે તેવો કાબૂ રાખવા છતાં તેઓમાં સાધારણ નૈતિક ધોરણ પણ જાળવી શકાતું નથી.

શ્રી સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ કોઈપણ કાયદો બહાર પાડતા પહેલાં કાયદાનો મુસદ્દો તૈયાર કરાવતા ત્યારબાદ 'આજ્ઞાપત્રિકા'માં આ મુસદ્દો જાહેર કરાવતા અને પછી જ લાગુ પાડવામાં આવતો. 21 માર્ચ 1901ના રોજ 'આજ્ઞાપત્રિક' માં 'પુનઃવિવાહ' નિબંધ પ્રસિદ્ધ કર્યો. સયાજીરાવે શ્રાવણ-વદ બીજને સંવત 1958 ( 31મી ઓગસ્ટ, 1901)ના રોજ આ કાયદો મંજૂર કર્યો. સંવત ૧૯૫૮ના શ્રાવણ વદ સાતમે (તા. ૫મી સપ્ટેમ્બર, 1901) આ કાયદો સમગ્ર વડોદરા રાજ્યમાં પસાર કરાવ્યો અને વિધવા પુનઃવિવાહને ઉત્તેજન આપ્યું. તે ધ્વારા તેમણે સ્ત્રીઓને ફરજિયાત વૈધવ્યના અન્યાયમાંથી મુકત કરાવી. મહારાજાએ વિધવા સ્ત્રીને મિલકતનો વારસો અને અન્ય હક્ક સંબંધી કાયદાઓ પણ ઘડયા હતા.

**બાળલગ્ન પ્રતિબંધનો કાયદો (1904)**

ગાયકવાડના સમયના ગુજરાતમાં બાળલગ્નની પ્રથા ચાલુ હતી. આ પ્રકારના લગ્નથી છોકરા-છોકરી બંનેનું નુકસાન થતું હતું. અણસમજમાં થયેલાં લગ્નથી કેટલીક વખત કજોડા પણ ઊભા થતાં હતાં. છોકરીઓનાં લગ્ન નાની ઉંમરથી થતાં હોવાથી શારીરિક તકલીફો વધુ પડતી હતી. શિક્ષણ પણ પુરું લઈ શકાતું ન હતું. આથી બાળલગ્ન પ્રથાને નાબૂદ કરવા માટે 'આજ્ઞાપત્રિકા' (30 મી એપ્રિલ 1903)માં તેનો મુસદ્દો રજૂ કર્યો. આ અનુસાર જુદી જુદી જ્ઞાતિઓ તરફથી 14 અંગ્રેજીમાં, 42 ગુજરાતમાં, 90 મરાઠામાં અને 1 સંસ્કૃતમાં અરજીઓ આવી તેમજ અંગ્રેજી, મરાઠી, ગુજરાતી, હિન્દી વગેરે વર્તમાનપત્રો અને સામયિકોમાં અભિપ્રાયો આવ્યા હતા. ત્યારબાદ 8 સભ્યોની સમિતિ બનાવ્યા બાદ સમિતિએ ત્રણ બેઠકો ગોઠવીને સયાજીરાવને પોતાના મંતવ્યો આપ્યાં હતાં. છેવટે ઈ.સ. 1904ની 21મી જુલાઈના રોજ બાળલગ્ન પ્રતિબંધનો કાયદો પસાર કર્યો હતો.

આ કાયદા મુજબ છોકરીની ઉંમર 12 વર્ષની અને છોકરા માટેની ઉંમર 16વર્ષની રાખવામાં આવી.

ઈ.સ. 1927-28 થી 1938-39 સુધીમાં વડોદરા રાજ્યમાં થયેલાં બાળલગ્નોની માહિતી નીચે પ્રમાણે હતી.

| વર્ષ | કુલ કિસ્સાઓ |
|---|---|
| 1927-28 | 7557 |
| 1928-29 | 6711 |
| 1929-30 | 5721 |
| 1930-31 | 2720 |
| 1931-32 | 3450 |

| | |
|---|---|
| 1932-33 | 3214 |
| 1933-34 | 3130 |
| 1935-36 | 4624 |
| 1936-37 | 4630 |
| 1937-38 | 3306 |
| 1938-39 | 2054 |

**સ્ત્રીઓને વારસા હક**

*શ્રી સયાજીરાવ(ત્રીજા) ગાયકવાડે પોતાના રાજ્યભરની સ્ત્રીઓને વારસા હક્ક માટેનો કાયદો ઈ.સ. 1913માં પસાર કરાવ્યો. આ કાયદા મુજબ જે સ્ત્રીનો પતિ અવસાન પામ્યો હોય તેવી સ્ત્રીઓને પતિની મિલકતમાંથી વારસો મળી રહે તેવી કાયદાની જોગવાઈ હતી.*

**હિન્દુ લગ્ન અંગેનો કાયદો**

*હિન્દુ ધર્મશાસ્ત્રો મુજબ લગ્ન એ ધાર્મિક સંસ્કાર છે કરાર નથી. આ માન્યતામાં સુધારો લાવવા સયાજીરાવે ઈ.સ.1908માં* Civil Marriage Act *પસાર કર્યા. જે મુજબ કોઈપણ વ્યક્તિ પ્રચલિત રિવાજ મુજબ લગ્ન ન કરી કરારરૂપે પણ લગ્ન કરી શકે તેમજ તેમણે એક જ ગોત્રમાં વરવધૂ વચ્ચે લગ્ન કરવાની છૂટ આપી.*

*ઈ.સ.1908માં* Civil Marriage Act *ધ્વારા પરણનારે પોતાનો ધર્મ બદલવો ન પડે તે માટેની છૂટ માટે વડોદરામાં જ આપી. આ કાયદાને પરિણામે આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન આપ્યું.*

**જ્ઞાતિભેદની નાબૂદ ધ્વારા સમાનતાનો પ્રયાસ**

*તે સમયે સમાજમાં જ્ઞાતિ બંધનો કડક હતાં. આથી સયાજીરાવે દરેક જ્ઞાતિ અને પેટાજ્ઞાતિ વચ્ચે સામાજિક સમાનતા સ્થાપિત કરવા તથા એકબીજા પ્રત્યે અવિશ્વાસ, કપટ, ઈર્ષાનું માનસ, સામાજિક વિષમતા વગેરે દૂર કરવાના આશયથી તમામ જ્ઞાતિ વચ્ચે રોટી વ્યવહારના કાયદાને પ્રોત્સાહન આપ્યું.*

*સહભોજનને પ્રોત્સાહન આપવા માટે તેમણે રાજમહેલમાં થતાં ભોજન સમારંભોમાં તમામ ભેદભાવ વિના બધાં સાથે ભોજન લઈ શકે તેવી વ્યવસ્થા કરી. આવા પ્રયત્નોથી સમાજમાંથી જ્ઞાતિભેદ, ઊંચનીચના ભેદભાવો દૂર થઈ સમાજમાં સમાનતાની રચના કરી.*

**અસ્પૃશ્યતા નિવારણ માટેનો પ્રયત્ન**

*ગુજરાતમાં વડોદરા રાજ્યમાં દલિતોનાં ઉત્કર્ષ માટે સયાજીરાવે અથાગ પ્રયત્નો શરૂ કરી દીધા હતા. તેમણે અત્યંજો માટે જુદી જુદી શાળાઓ શરૂ કરી લાયક વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપી આગળ અભ્યાસ માટે ઉત્તેજન આપ્યું. ડૉ.આંબેડકરની ઉજ્જવલ કારકિર્દી આવી શિષ્યવૃત્તિ દ્વારા પ્રોત્સાહનને મળેલા આભારી હતી.*

*અસ્પૃશ્ય ભાઈ-બહેન માટે રાજ્યમાં નોકરીની ગોઠવણ કરી આપી અંત્યજો ઉત્કર્ષ માટેની મુખ્ય બાબતોમાં પીવાના પાણીની સુવિધા, જાહેર સ્થળોમાં સમાન રીતે ભાગવટો મત આપવાના અધિકાર, ધારાસભામાં પ્રતિનિધિત્વ વગેરે પ્રવૃતિઓ મુખ્ય હતાં.ઈ.સ.1932માં રાજ્યનાં સર્વ મંદિર હરિજનો માટે દર્શન અને પૂજા માટે ખુલ્લા*

*મૂકવામાં આવ્યા. એમના સામાજિક અને ધાર્મિક પ્રતિબંધ દૂર કરવા ઈ.સ.૧૯૩૮માં 'સામાજિક અસકત નિવારણ નિબંધ' અમલી બનાવ્યો હતો.*

**પડદા પ્રથાનો વિરોધ :**

*ગુજરાતમાં પડદા પ્રથા પ્રચલિત હતી. પડદા પ્રથાને કારણે સ્ત્રીઓ શિક્ષણ લઈ શકતી ન હતીઅને આથી જ તેઓ પછાત રહી જતી હોય છે. પડદાપ્રથાને દૂર કરવા માટે સયાજીરાવની ધર્મપત્ની ચિમનાબાઈ બનીને અથાગ પ્રયત્નો કર્યા હતાં. 1913નાં નવેમ્બર માસમાં જયારે ચિમનાબાઈ વિદેશથી પાછા ફર્યા ત્યારે પડદા વગર ખુલ્લાં મુખે હસતાં હસતાં વડોદરા સ્ટેશને ઉતર્યા અને ચાર ઘોડાની ખુલ્લી ગાડીમાં રાજમહેલમાં ગયાં હતાં. આ પછી હંમેશને માટે રાજમહેલમાં પડદાનો રિવાજ નીકળી ગયો.*

**દૂધપીતિનો રિવાજ :**

*ગુજરાતમાં વર્ષોથી અમુક સમાજમાં દૂધપીતી કરવાનો રિવાજ ચાલુ હતો. આ અમાનુષી રિવાજને નાબૂદ કરવા કણબી સમાજના અગ્રણી બેચરદાર લશ્કરીએ પ્રયત્નો કર્યા હતા. કણબી સમાજમાં આ રિવાજને દૂર કરવા લશ્કરી ઈ.સ.1870માં પૂના ગયા તેમણે ગર્વનરશ્રી ફિટનીલ્ડ સાથે ચર્ચા કરી, આથી ગર્વનરે સયાજીરાવ(બીજા) ગાયકવાડની મદદ દ્વારા આ કાયદો કણબીની સમાજમાં લાગુ પાડવાનો હુકમ કર્યો. ખાસ ઉત્તર ગુજરાતમાં ચાલતો આ રિવાજમાં આ બંને સુધારકોને સફળતા પ્રાપ્ત થઈ હતી.*

**તમારી પ્રગતિ ચકાસો (1)**

**(અ )***નીચેના વિધાનો* **સાચાં** *અથવા* **ખોટાં** *છે, તે નિશાની કરી જણાવો.*

1. *ગાયકવાડ શાસકોમાં શ્રેષ્ઠ રાજા સયાજીરાવ ત્રીજા હતા.*
2. *ગાયકવાડી રાજ્યમાં વિધવા વિવાહનો કાયદો ઈ.સ. 1901માં પસાર કરવામાં આવ્યો.*
3. *સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ કોઈપણ કાયદો પોતાના રાજ્યમાં પસાર કરે તે પહેલાં 'આજ્ઞાપત્રિકા'માં મુસદ્દો રજૂ કરતા.*
4. *ઈ.સ. 1904માં 'બાળલગ્ન પ્રતિબંધ' નો કાયદો વડોદરા રાજ્યના વિસ્તારોમાં પસાર કરવામાં આવ્યો હતો.*
5. *સ્ત્રીઓનો વારસા હક્કનો કાયદો ઈ.સ. 1916માં પસાર કરવામાં આવ્યો.*
6. *ડૉ આંબેડકરને વધુ અભ્યાસ અર્થે વડોદરાના શાસક સયાજીરાવે (ત્રીજા)ને શિષ્યવૃત્તિ આપી હતી.*
7. *ઈ.સ. 1913ના નવેમ્બર માસમાં મહારાણી ચિમનાબાઈ વિદેશથી પાછાં ફર્યા બાદ બંધ ગાડીમાં, બંધ મુખે વડોદરા સ્ટેશને ઉતર્યા હતાં.*
8. *દૂધ પીતિનો રિવાજ બેચરદાસ લશ્કરીના પ્રયાસોથી ઉત્તર ગુજરાતના કણબી સમાજમાં ઓછો થયો.*

**નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

1. *ગાયકવાડી સમયમાં કયા શાસકે વિવિધ સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ કરી હતી? કઈ કઈ ?*

______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________

2. *'અસ્પૃશ્યતા નિવારણ' માટેની ગાયકવાડ શાસકાના પ્રયત્નો તપાસો.*

______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________

## 16.3 આર્થિક સ્થિતિ અને સમૃદ્ધિ માટેના પ્રયાસો

*આર્થિક પ્રગતિના મહત્ત્વનાં સોપાનો ખેતી, વેપાર અને ઉદ્યોગોને ગણાવી શકાય. જે દેશમાં વાહન-વ્યવહાર અને સંદેશાવ્યવહારના સાધનોનો વિકાસ થયો હોય તે દેશમાં આર્થિક ઉન્નતિ થાય છે. આ પ્રકારના સાધનોથી વિચારોની આપ-લે થાય છે.*

### 16.3.1 ખેતીવાડી ખાતું

*ભારત ખેતીપ્રધાન દેશ છે.આશરે `60% ખેડૂતો ખેતી કરી જીવન નિર્વાહ ચલાવે છે.ગાયકવાડી શાસનના ગુજરાતમાં ખેડૂતો જૂની ઢબથી ખેતી કરતા હતા. તેઓ નિરક્ષર અને અભણ હતા. કુદરત પર બધું છોડી દેતાં હતાં. આધુનિક યંત્રો અને બિયારણોનો ઉપયોગ કરતાં ન હતાં. સાયજીરાવ(ત્રીજા) ગાયકવાડે ખેતી ક્ષેત્રે ક્રાંતિ લાવવા અને ખેડૂતોની સ્થિતિ સુધારવા માટેના પ્રયાસો કર્યા હતા.*

*વડોદરાશાસક ખેતીના સઘન અભ્યાસ અર્થે ઈંગ્લેન્ડમાં માણસો મોકલ્યા હતા. નમૂનેદાર ખેતી કરવા માટે વડોદરામાં ખેતર રાખવામાં આવ્યું હતું. 1909માં ખેતીવાડી ખાતું શરૂ કર્યું હતું. આ ઉપરાંત ખેતીના અભ્યાસ માટે વડોદરામાં સૌ પ્રથમ વખત 'શેઠ ડોસાભાઈ મગનલાલ ઍગ્રિકલ્ચર ઈન્સ્ટિટ્યુટ'ની શરૂઆત કરવામાં આવી.*

*ગાયકવાડ શાસકો દ્વારા કુદરતી આફતો સમયે લોન આપવામાં આવતી હતી. અનાજ પ્રદર્શન ગોઠવવામાં આવતાં હતા. ખેતીવાડી તરફથી પાકો ઉગાડવા માટે ઉત્તેજન આપવામાં આવતું હતું. ખેતીવાડી અને પશુ પ્રદર્શન યોજવામાં આવતાં હતાં. પશુઓની તંદુરસ્તી સચવાય અને તેમના રોગો અટકે તે માટે સમગ્ર વડોદરા રાજ્યમાં કે જ્યા*

*ગાયકવાડ શાસન હતુ ત્યાં પશુ દવાખાના શરૂ કરવામાં આવ્યાં હતાં. પશુ દવાખાનાઓ પંચાયતોની મદદથી તેમને દેખરેખ નીચે ચાલતાં હતા.*

### 16.3.2 રેલવે વ્યવહાર

*ગુજરાતના ગાયકવાડી પ્રદેશોમાં રેલવેની શરૂઆત ગણપતરાવ ગાયકવાડે કરી હતી. તેમણે ઈ.સ.1860માં 'બોમ્બે બરોડા ઍન્ડ સેન્ટ્રલ ઈન્ડિયા'* B.B. & C. I *નામની કંપનીને પોતાના રાજ્યમાં રેલવે બાંધવાની પરવાનગી આપી.*

*ત્યારબાદ તેમના મરણ બાદ ખંડરાવ ગાયકવાડે ઈ.સ.1469માં રૂ. 50,000ના ખર્ચ કરજણ (મીયાંગામ)થી ડભોઈ સુધી 20 માઈલની રેલવે બંધાઈ હતી.ઈ.સ.૧૮૭૯માં સંખેડા ચાંદોદ રેલવે લાઈન શરૂ થઈ. આમ ક્રમશઃ કરોળિયાના જાળાની જેમ રેલવે લાઈનો પથરાઈ ગઈ.*

*ઈ.સ. 1908 પહેલાં વડોદરા રાજ્યની પોતાની રેલવે નાખવા સંબંધે તમામ કામકાજ રાજ્યના બાંધકામ ખાતાની દેખરેખ હેઠળ બી.બી.એન્ડ સી.આઈ.રેલવે કંપની મારફત થતું. જેમ જેમ રેલવેની જરૂરિયાત ઊભી થઈ તેમ તેમ રેલવે માટે સ્વતંત્ર ઈજનેર નીમવાની જરૂરિયાત ઊભી થઈ. આથી સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડે ઈ.સ.1909 માં પોતાના રાજ્યમાં રેલવે ખાતું શરૂ કર્યું.*

*ગુજરાતના લોકો સાહસિક રીતે વેપારમાં આગળ પડતા હોવાથી ગાયકવાડ સયાજીરાવ (ત્રીજા)ના સમયમાં વડોદરામાં તા. 19 જુલાઈ, 1908ના રોજ બેઠક ઑફ બરોડા'ની સ્થાપના કરવામાં આવી. ત્યારબાદ તેમના સમગ્ર રાજ્યમાં આ બૅંકની શાખાઓ ખોલવામાં આવી હતી. આ બૅંક વેપાર ઉદ્યોગના ક્ષેત્રમાં મોટું પૂરક બળ નીવડી.*

### 16.3.3 બેંન્ક, સહકારી મંડળીઓ અને અન્ય

*ઔદ્યોગિક અને અન્ય આર્થિક હેતુઓ માટે સહકારી મંડળીઓ સ્થાપવાના કાયદાની ભારત સરકારે જોગવાઈ કરી હતી. તેનું અનુકરણ કરીને ગાયકવાડી સરકારે ઈ.સ. 1914થી 'સહકારી ધારો' અમલમાં મૂક્યો. રાજ્યની આવક વધે તે હેતુથી ઈ.સ.1904માં સમગ્ર રાજ્યમાં આવકવેરો અમલી બનાવ્યો.*

*આમ, ગાયકવાડ શાસકોએ ગુજરાતના પોતાના વિસ્તારોમાં ખેતી, વેપાર અને ઉદ્યોગ-ધંધાનો ફેલાવો, વિકાસ થાય તેવા અથાગ પ્રયત્નો કર્યા અને આ પ્રયત્નો દ્વારા પ્રેમ સંપાદિત કર્યા હતાં. કુદરતી આફતો જેવી કે દુષ્કાળ, પૂર-રેલ, પ્લેગ, મેલેરિયા વગેરે સમયે રાહતનાં કાર્યો કરીને પ્રજાને પડખે રહ્યાં હતાં.*

## 16.4 ધાર્મિક સ્થિતિ અને કાયદાઓ

### 16.4.1 હિન્દુ-પુરોહિત નિબંધ

*બ્રાહ્મણો લગ્ન વિધિ સંસ્કૃતમાં કરાવતા હોવાથી સામાન્ય પ્રજાને ખબર પડતી નહીં. આથી વડોદરા સયાજીરાવ(ત્રીજા) ગાયકવાડે તેમના રાજ્યના જુદાં જુદાં પ્રાંતોમાં 'હિન્દુ પુરોહિત કાયદો' ઈ.સ.1915માં બહાર પાડયો હતો. આ કાયદા મુજબ હિન્દુ*

*પુરોહિતોએ સંસ્કૃત પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર ન હોય તે પુરોહિત લગ્ન વિધિ કરાવી શકતો નહીં.*

*ઈ.સ. 1902માં 'ધાર્મિક સ્વાતંત્ર્ય' અંગેનો કાયદો બહાર પાડેલો હતો.. આ કાયદા મુજબ કોઈપણ વ્યક્તિ ધર્મ પરિવર્તન કરે અથવા જ્ઞાતિ પરિવર્તન કરે તો મિલકત સંબંધી હક્કો મળવાપાત્ર બન્યા. સમગ્ર રાજ્યમાં તમામ ધાર્મિક પ્રવૃત્તિઓને નિયમ પ્રમાણે ચલાવવા માટે 'ધર્માધિકારી' નામના અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી.*

### 16.4.2 બાળ-દીક્ષા પ્રતિબંધનો કાયદો

*ગાયકવાડી સમય દરમિયાન ધાર્મિક ક્ષેત્રે વ્યાપેલા સડાને દૂર કરવા કાયદાઓનો સહારો લેવામાં આવ્યો હતો. સયાજીરાવ બાળ-દીક્ષા પ્રતિબંધનો કાયદો બહાર પાડ્યો હતો. વિસનગરના જૈન સમાજમાં પ્રતિષ્ઠિત આગેવાન રાજરત્ન શેઠ મહાસુખભાઈ ચુનીભાઈના સહકારથી વડોદરાની ધારાસભામાં આ કાયદો પસાર થયો હતો. આ કાયદા મુજબ 18વર્ષની અંદરના સ્ત્રી-પુરુષોને સંન્યાસ દીક્ષા આપવા મનાઈ ફરમાવવામાં આવી. આ કાયદો સમગ્ર હિંદુ સમાજમાં લાગુ કરવામાં આવ્યો હતો.*

### 16.4.3 ધાર્મિક સહિષ્ણુતા

*ગાયકવાડી સમયમાં કોમી એકતાનું વાતાવરણ સ્થપાયું હતું. સયાજીરાવ ત્રીજા, હિંદુ હોવા છતાંય તેમણે ઈસ્લામનો અભ્યાસ કર્યો હતો અને મુસ્લિમ કૉલેજની સ્થાપના કરી હતી. હિંદુ-મુસ્લિમ એકતા સ્થપાઈ હતી. તેમણે પ્રજાને ધર્મ અને આચારની સ્વતંત્રતા આપી જેથી ધાર્મિક ક્ષેત્રની સહિષ્ણુતાને પ્રોત્સાહન મળ્યું.*

### 16.2.5 ગાયકવાડકાલીન સાહિત્ય

*સયાજીરાવ શાસન દરમિયાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ઉત્તેજન મળ્યું હતું.*

*તેમણે ઈ.સ.1916માં વડોદરામાં 'પ્રેમાનંદ સાહિત્ય સભા' ની અને ડભોઈમાં 'દયારામ સાહિત્ય સભા'ની સ્થાપના કરી હતી. મરાઠીભાષા પ્રજાઓ મરાઠી 'વાઙ્મય પરિષદ' ની શરૂઆત કરી હતી.*

*ઈ.સ. 1915માં સંસ્કૃત મહાવિદ્યાલય શરૂ કરવામાં આવ્યું હતું. એ ઉપરાંત શ્રાવણમાસ દક્ષિણા પરીક્ષા દ્વારા સંસ્કૃત ભાષા અને આયુર્વેદિક ઉત્તેજન આપવામાં આવ્યું હતું.*

*પુરોહિત ધાર્મિક વિધિ સારી રીતે કરાવે તે માટે પુરોહિત શાળા શરૂ કરવામાં આવી હતી.*

*ઈ.સ. 1927માં પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરામાં શરૂ કરવામાં આવી. તેના આદ્ય પ્રણેતા દિવાન મણીભાઈ જશાભાઈ અને મ.ન.ત્રિવેદી હતા. આ પ્રાચ્ય વિદ્યામંદિરની પ્રવૃતિઓ જોઈએ તો મહત્ત્વની હસ્તપ્રતોનું પ્રકાશન, 'ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ' દ્વારા પુસ્તકોનું પ્રકાશન અને 'જર્નલ ઑફ ઓરિએન્ટલ ઈન્સ્ટિટયૂટ' નામે સંશોધન ત્રૈમાસિક સંચાલન વગેરે છે.*

*ઈ.સ. 1924 અને 1925માં મોતીભાઈ અમીન દ્વારા 'પુસ્તકાલય સહાયક સહકારી મંડળ' અને 'પુસ્તકાલય' માસિક શરૂ કરવામાં આવ્યાં હતાં.*

*પ્રાચ્ય વિદ્યામંદિર દ્વારા અનેક હસ્તપ્રતો અને પુસ્તકપ્રકાશિત કરવામાં આવે છે. 'બરોડા વત્સલ' (1885). 'સયાજી વિજય'(1892) 'નવગુજરાત' વગેરે વર્તમાનપત્રો દ્વારા પ્રજાના પ્રશ્નોની વાચા રજૂ કરવામાં આવતી. મરાઠી 'જાવૃત્તિ' મરાઠી પ્રજામાં લોકપ્રિય બન્યું હતું.*

*તમામ પ્રકારના સાહિત્યની સાચવણી વડોદરા રાજ્યના જુદાં જુદાં પ્રાંતો - વિસ્તારોમાં રહેલાં 'પુસ્તકાલયો' દ્વારા કરવામાં આવતી હોય છે. વડોદરામાં આવેલાહંસા મહેતા મધ્યસ્થ પુસ્તકાલયમાં પ્રાચીન સાહિત્ય અને વડોદરા રાજ્યના દસ્તાવેજો સચવાયેલાં છે. આમ, ગાયકવાડ સમયનું સાહિત્ય સમૃદ્ધ હતું તેમ કહી શકાય.*

**તમારી પ્રગતિ ચકાસો**

**(બ.)ખાલી જગ્યા પૂરો.**

1. *ભારત -----------પ્રધાન દેશ છે?*

*(અ) ખેતી (બ) વ્યાપાર (ક) ઉદ્યોગ*

2. *ખેતીના સઘન અભ્યાસ અર્થે -----------રાજાએ ઈંગ્લેન્ડમાં માણસો મોકલ્યાં.*

*(અ) ગણપતરાવ ગાયકવાડ (બ) સયાજીરાવ બીજા (ક) સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ*

3. *ખેતીવાડી ખાતાની શરૂઆત ઈ.સ.-----------માં થઈ*

*(અ)* 1906 *(બ)* 1908 *(ક)* 1909

4. *ગુજરાતના ગાયકવાડી પ્રદેશમાં રેલવેની શરૂઆત-----------કરી.*

*(અ) મલ્હારરાવ (બ) ગણપતરાવ (ક) માનાજીરાવ*

5. *રેલવેખાતાની સ્થાપના -----------માં થઈ.*

*(અ)* 1907 *(બ)* 1908 *(ક)* 1909

6. *ગાયકવાડી રાજ્યમાં સહકારી ધારો ----------વર્ષમાં લાગુ થયો.*

*(અ)* 1906 *(બ)* 1910 *(ક)* 1914

7. *મુસ્લિમ કૉલેજની સ્થાપના ------------કરી.*

*(અ) સયાજીરાય ૧લો (બ) સયાજીરાય બીજો (ક) સયાજીરાવ ત્રીજો*

8. *'પ્રાચ્ય વિદ્યામંદિર' ની સ્થાપના ----------માં થઈ.*

*(અ) વડોદરા (બ) જામનગર (ક) સુરત*

**(ક.) નીચેના વિધાનો સાચાં કે ખોટાં છે તે તપાસો.**

1. *ખેતીના અભ્યાસ અર્થે અમદાવાદમાં સૌ પ્રથમ 'શેઠ ડોસાભાઈ મગનલાલ ઍગ્રિકલ્ચર ઈન્સ્ટિટ્યુટ' ની શરૂઆત કરવામાં આવી.*

2. *વડોદરા રાજ્યમાં સૌ પ્રથમ રેલવે લાઈન કરજણથી ડભોઈની નખાઈ.*

3. *ઈ.સ.1904માં સમગ્ર રાજ્યમાં આવકવેરો અમલમાં આવ્યો.*

*4. ધાર્મિક પ્રવૃત્તિઓને નિયમ મુજબ ચલાવવા માટે ધર્માધિકારી નામના અધિકારીની નિમણૂક કરવામાં આવી.*
*5. શેઠ મહાસુખભાઈ પટેલની વિનંતી આણે સહકારથી વડોદરાની ધારાસભામાં 'બાળ દીક્ષા' પ્રતિબંધ કાયદો પસાર થયો.*
*6. હંસાબેન મહેતા મધ્યસ્થ પુસ્તકાલય ડભોઈમાં આવેલું છે.*

**નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.**

*1. ખેતીવાડીના વિકાસ માટે વડોદરા રાજ્યે શા પ્રયાસો કર્યા? સમજાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

*2. ગાયકવાડી પ્રદેશોમાં રેલવે વ્યવસ્થા અંગેની સમજ સમજાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

*3. 'હિન્દુ પુરોહિત નિબંધ' વિશે ટૂંકમાં વર્ણન કરો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

*4. પ્રાચ્યવિદ્યામંદિર' ની પ્રવૃત્તિઓ ચર્ચો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

## 16.6 સારાંશ

*આપણે જોયુ કે, ગાયકવાડી શાસકોના સમયમાં વડોદરા રાજ્યનો વિસ્તાર વધારે હોવાથી શાસનના ભાગરૂપે સમગ્ર રાજ્યનો પ્રાંતો, જિલ્લાઓ, તાલુકાઓ અને ગામડાઓમાં વહેંચ્યું હતું. સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડના સમયમાં વિવિધ ક્ષેત્રોમાં અદ્‌ભુત પ્રગતિ થઈ હતી. શાસકોએ કાયદાઓનો સહારો લઈને સામાજિક, ધાર્મિક કુરિવાજો દૂર કરવા પ્રયાસો કર્યા અને તેમાં તેમને સફળતા મળી હતી.*

*તેઓ અવાર-નવાર વિદેશની મુલાકાતે જતા હતા અને તેમણે જ્યાં જે જોયું અને ત્યાંની સારી બાબતોનો અમલ તેમણે ગુજરાત પ્રદેશમાં કર્યો. ગુજરાતની પ્રજા જો વધુ શિક્ષિતબની હોય તો તે સયાજીરાવ ત્રીજાને કારણે જ. પ્રગતિશીલ વિચારસરણી ધરાવતા શાસક સયાજીરાવ ત્રીજા ગાયકવાડના સમયને સુવર્ણયુગ કહેવો યથાર્થ ગણી શકાય.*

## 16.7 ચાવીરૂપ શબ્દો

- *નિબંધ : વડોદરા રાજ્યમાં કાયદા માટે 'નિબંધ' શબ્દ વપરાતો*
- *આજ્ઞાપત્રિકા : વડોદરાનું ગેઝેટ*
- *બી. બી.એન્ડ સી. આઈ. : રેલવે કંપનીનું નામ છે.*
- *ધર્માધિકારી : ધર્મખાતાનો વડો*

## 16.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો 1 :

**(અ) ખરાં કે ખોટા**

1. *ખોટું* 2. *ખરું* 3. *ખરું* 4. *ખરું* 5. *ખરું* 6. *ખોટું*
7. *ખરું* 8. *ખોટું* 9. *ખરું*

**(બ) ખાલી જગ્યા પૂરો**

1. *અ* 2. *ક* 3. *ક* 4. *બ* 5. *ક* 6. *ક* 7. *ક* 8. *અ*

**(ક) ખરાં કે ખોટા**

1. *ખોટું* 2. *ખરું* 3. *ખોટું* 4. *ખરું* 5. *ખોટું* 6. *ખોટું*

## 16.9 સંદર્ભ પુસ્તકો


- *હસિત હ. બુચ 'મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા', પ્રાચ્ય વિદ્યામંદિર વડોદરા.*
- *લે.લે. ભાચી અને ભા.કા. ભાટે- 'વડોદરા રાજ્યનો ઈતિહાસ',વડોદરા.*
- *મહાસુખભાઈ સી. શેઠ – 'વિસનગર અને વડોદરા રાજ્યની હકીકત', ધી ડાયમન્ડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ, વિસનગર.*
- *આર.એન મહેતા – 'વડોદરા એક અધ્યયન' પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરા.*
- *શિવપ્રસાદ. બી.રાજગોર – 'અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*


x